
Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# શ્રી કથા મૌક્તિકમાલા



લેખક-સંપાદક

મુનિશ્રી ભાનચંદ્ર વિજયજી.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ★ મા....પ.... ★

યૌવનથી થનગનતી ભરવાડણ દુધનું બોઘરણું ભરીને નિયમિત નજીકના શહેરમાં વેચવા જાય. માર્ગમાં તેના પતિનું ખેતર આવતુ હતુ.

ભરવાડણ ખેતરમાં જઇ શીતલ છાયા પાથરતો ઘેઘૂરો વડલા નીચે પોતાના પ્રિયતમની સાથે ઘડી-બેઘડી આનંદથી વાતો કરી પતિ પાસે રહેતો લોટો દુધથી ભરી બાકીનું દુધ વેચવા ચાલી જતી.

આજે દુધ વેચીને ઘરભણી પાછા· વળતાં રસ્તામાં સખી મળી અને પુછ્યું, અલી....! આજે કેટલા રૂપિયાનું દુધ વેચ્યું ? "નવ રૂપિયાનું" ભરવાડણે જવાબ આપ્યો.

અને.... તારા વરને કેટલુ પાયું ?"

ભરવાડણે ટેહકાથી મલકાઈ જવાબ દીધો એ તો કાંઈ માપવાનું હોતુ હશે ? પ્રેમમાં પૈસાની ગણત્રી ન થાય !"

પ્રિયતમના પ્રેમમાં પૈસાની ગણત્રી નથી થતી તો પ્રભુના પ્રેમને પૈસાથી કેમ માપી શકાય ?

પ્રભુની ભક્તિ તો પ્રભુમાં ઓતપ્રોત બનીને થાય છે. ❋

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

— પુનઃ પ્રકાશન —

।। ॐ હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

શ્રી

# કથા મૌક્તિક માલા

(બોધક અને રોચક કથાનો થાળ)

※

લેખક-સંપાદક :

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયરામસૂરીશ્વરજી
મહારાજ સાહેબ (ડહેલાના ઉપાશ્રયવાલા)
ના શિષ્યરત્ન

**મુનિશ્રી અભયચંદ્ર વિજયજી મહારાજ**

※

પ્રકાશક :

આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્વજ્ઞાન શાળા
ઝવેરીવાડ, પટણીની ખડકી

**અમદાવાદ-૩૮૦૦૦૧.**

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

પ્રાપ્તિ સ્થાન :
આચાર્ય શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી
જૈન તત્વજ્ઞાન શાળા
ઝવેરીવાડ, પટણીની ખડકી
અમદાવાદ–૩૮૦૦૦૧.

વિ. સં. ૨૦૩૨ — આવૃત્તિ બીજી
વી. સં. ૨૫૦૨ — પ્રતિ–૧૦૦૦

મૂલ્ય
રૂા. ૩–૦૦

મુદ્રક :
લકી પ્રેસ, ૧૪૯, લોવર ચિતપુર રોડ,
કલકત્તા – ૭૦૦૦૦૧.
ફોન : ૩૪–૨૮૮૧

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

## * ઉઘડતે પાને

"કથા મૌક્તિક માલા" પુસ્તિકાની બીજી આવૃત્તિ પ્રગટ કરતા ઘણોજ આનંદ થાય છે.

ટુંકા સમયમાંજ પ્રથમ આવૃત્તિની નકલો ન હોવાથી વાંચનાર જીજ્ઞાસુ વર્ગની પ્રેરણાદાયી માંગણીજ આ પુસ્તિકાની બીજી આવૃત્તિનું પ્રકાશન કરવા નિમિત્તભૂત બની છે.

કથાની સાથે - સાથે બોધદાયક જ્ઞાન આબાલવૃદ્ધને આકર્ષણરૂપ બને છે અને ઉરના ઉમંગ સાથે હોંશે-હોંશે વાંચે છે.

આ પુસ્તિકારૂપી થાળમાં પીરસવામાં આવેલી આત્મગુણપોષક વિવિધ વાનગીઓ જરૂર સ્વાદિષ્ઠ અને પુષ્ટિકારક લાગશે.

નાની છતાં રોચક કથાઓના વાંચનમાંથી બોધ ગ્રહણ કરી આત્મસિદ્ધિના સોપાને ડગ ભરી શાશ્વત સુખને પ્રાપ્ત કરો.

**—મુનિ અભયચંદ્ર વિજય**

૯૬, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા.

www.jaintatvagyanshala.org

# આ પુસ્તિકા પ્રકાશનમાં લાભ લેનાર

## -: સદ્‌ગૃહસ્થો :-

* સ્વ. શ્રી કાન્તાબેન છોટાલાલ વોરાના સ્મરણાર્થે છોટાલાલ જે. વોરા તથા પરિવાર તરફથી

* પીંપળ નિવાસી (હાલ મુંબઇ) શા રીખવચંદ કેવલચંદ

* સ્વ. ગીરધરલાલ પાનાચંદ ભણશાલી હ. સહપરિવાર

* સ્વ. શ્રી નાનાલાલ રાઘવજી મહેતાનાં સ્મરણાર્થે તેમના ધર્મપત્નિ શ્રીમતી લલીતાબેન નાનાલાલ મહેતા તથા તેમના સુપુત્રો

* શ્રી ફતેચંદજી કોચર કલકત્તા

* કુવાલા નિવાસી શ્રી મોહનલાલ છગનલાલ શાહ

* લીલીયામોટા નિવાસી નાગરદાસ વાલજી હ. કાન્તિલાલ

* ધોરાજી (સૌરાષ્ટ્ર) નિવાસી વોરા નંદલાલ ઝવેરચંદ

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ★ અનુક્રમણિકા ★


| | પાના નં. |
|---|---|
| શાન્તિ | ૧ |
| અગન જ્વાલા | ૨ |
| ગુણ-અવગુણ | ૪ |
| ધુમાડો | ૫ |
| વાણીનો પ્રભાવ | ૭ |
| ઉદારતા | ૯ |
| વૈરાગ્ય | ૧૧ |
| ગર્વ | ૧૩ |
| નિયમ | ૧૫ |
| વેદનાનું વિસર્જન | ૧૭ |
| ઉદાર ભક્તિ | ૧૯ |
| આત્મલીનતા | ૨૧ |
| ક્રોધ | ૨૩ |
| સત્તા અને ધન | ૨[illegible] |
| પાયાનું જ્ઞાન | ૨[illegible] |
| નિડરતા | ૩૦ |
| મહાન સંત | ૩[illegible] |
| નોટ-પેન લાવ્યા છો ? તો લખો.... | ૩૬ |
| બધું જ નશ્વર | |
| શાશ્વત માત્ર આત્મા | ૩[illegible] |

| | પાના નં. |
|---|---|
| કોપી | ૩૮ |
| મનની નબળાઈ | ૪૦ |
| જીવન અને ધર્મ | ૪૧ |
| ધર્મ અને ધર્મજ્ઞાન | ૪૪ |
| મૂલ્યવાન ચીજ | ૪૭ |
| ચતુરાઈના ભોગે | ૪૯ |
| વાણી અને વર્તન | ૫૧ |
| લોભ | ૫૩ |
| પુરૂષાર્થ | ૫૬ |
| જીવન અને મરણ | ૫૭ |
| સોબતની અસર | ૬૩ |
| કરવું હોય તે કરી લે | ૬૪ |
| ગધેડો અને બળદ | ૬૫ |
| અદેખાઈ | ૬૭ |
| સલાહ | ૬૯ |
| સુગંધ-દુર્ગંધ | ૭૧ |
| હીરો અને ધુળ | ૭૨ |
| પરિશ્રમ | ૭૩ |
| નિસ્પૃહતા | ૭૫ |
| મિથ્યાભિમાન | ૭૭ |
| શીખામણ | ૭૯ |


www.jaintatvagyanshala.org

| | પાના નં. | | પાના નં. |
|---|---|---|---|
| એક દિવસનું સ્મિત | ૮૦ | લોભ | ૧૧૭ |
| અભિમાન | ૮૧ | મિત્રતા | ૧૧૯ |
| વફાદારી | ૮૩ | સ્વભાવ | ૧૨૦ |
| સાર-અસાર | ૮૫ | સમજણ | ૧૨૧ |
| તૃષ્ણા | ૮૬ | અંતરનો પ્રેમ | ૧૨૩ |
| ભ્રમણા | ૮૮ | દંભ | ૧૨૬ |
| સાચુ ધન | ૮૯ | અજ્ઞાનતા | ૧૨૮ |
| ઉપકારનો બદલો | ૯૧ | હૃદય અને જીભ | ૧૩૧ |
| તક | ૯૩ | ખારૂં-મીઠું | ૧૩૩ |
| ઓજ | ૯૪ | મનનો મેલ | ૧૩૫ |
| નોકર | ૯૬ | અહંતાનું મૃત્યુ | ૧૩૭ |
| શેરને માથે સવાશેર | ૯૭ | અપ્રમાણિકતા | ૧૪૦ |
| કુસંગનું ફળ | ૯૯ | નફામાં મળ્યો હોકો | ૧૪૨ |
| દર્દની દવા | ૧૦૧ | સજ્જન-દુર્જન | ૧૪૪ |
| ભાગ્ય | ૧૦૩ | ધનની કિંમત | ૧૪૫ |
| કરે તેવું પામે | ૧૦૫ | ખાલી હાથે આવ્યાને | |
| અર્પણ | ૧૧૩ | ખાલી હાથે જવાનું છે | ૧૪૬ |
| સંગ | ૧૧૫ | માલ મલીદાની મઝા | ૧૪૭ |



# શાન્તિ......

આખો દિવસ માણસોની અવર-જવર, મોટર ગાડીઓની દોડાદોડીઓથી ધમધમી રહેલા માર્ગો, છોકરાઓના કલબલાટથી ગાજી રહેલી શેરીઓ રાતના બારના ટકોરે સુમસામ ભાસતી હતી.

ચારે બાજુ નિરવશાંતિ પથરાયેલી હતી. વચ્ચે વચ્ચે કુતરાઓના ભસવાથી શાન્તિનો ભંગ થતો ને વળી પાછી પૂર્વવત્ શાન્તિ છવાઈ જતી.

માર્ગોની બત્તીઓના આછા આછા પ્રકાશ અને તમરાઓના અવાજ સિવાય એ નિર્જન માર્ગો એકલ-દોકલના હૃદયને ધ્રુજારી ઉપજાવે તેવા હતા, છતાં પણ ......કેવી અપૂર્વ શાન્તિ ?

એવીજ શાન્તિ જો રાગ-દ્વેષ અને વાસનાથી ધમધમી રહેલા એ મનના માર્ગોમાં, હૃદયરૂપી રસ્તાઓમાં, વિચારોની શેરીઓમાં પથરાઈ જાય તો... શું ? અપ્રાપ્ય અને અણમોલ રત્ન મેળવ્યાના આનંદની જેમ એક અપૂર્વ વસ્તુ મેળવ્યાનો આનંદ થયા વગર નહિ રહે !

# અગન જ્વાલા

ભાગો....ભાગો....ભાગો....આગ....આગ....ભાગો......

એક મહાત્માજી બુમો પાડતા પાડતા ગામમાંથી દોડી રહ્યા હતા, બુમો પાડતા અને ભાગતા મહાત્માજીને જોઈને લોકો હાંફળા બનીને ઘરમાંથી નિકળી મહાત્માની પાછળ દોડવા લાગ્યા, થોડે દૂર જઈને પાછળ જોયુ તો ન આગ દેખાઈ કે ન આગનું નામનિશાન.

મહાત્માજીને ઉભા રાખીને લોકો પુછવા લાગ્યા અરે......મહાત્માજી ? ક્યાં આગ લાગી છે ? પાછળ તો...કાંઇ દેખાતું નથી ? નકામા અમને હેરાન-હેરાન કરી નાખ્યા.

સાંત્વન આપતા મહાત્માજી કહેવા લાગ્યા અરે ! શું કહું ? આગ લાગી છે તમારા મનમંદિરમાં, હૃદયરૂપી મહેલમાં અને.... તમારા જીવનમાં ! એ અગનજ્વાલા મને ભરખી ન જાય તેથી ભાગી રહ્યો છું.

વર્ષો પહેલાં જ્યારે હું અહિં આવ્યો ત્યારે તમારામાં શીલ, સદાચાર, આચાર, વિચારની

પવિત્રતાના જે દર્શન થતાં હતા તેમાં આજે શીલને સીલ મરાઈ ગયા, ફેશનમાં ફસાઈને આચાર-વિચારનું નામનિશાન રહેવા દીધું નથી, વધારે શું કહું....અમૂલ્ય જીવનને આગની જ્વાલાએ ભરખી લીધુ છે.

અને... મહાત્માજી જંગલમાં અદૃશ્ય બની ગયા.



જીવન એક ચંદનના ટુકડા જેવું છે. ચંદન જેમજેમ પથ્થરના પાટલા ઉપર ઘસાતુ જાય છે તેમતેમ તેમાંથી સુવાસ નીકળતી જાય છે અને વાતાવરણ ખુશનુમા બનતુ જાય છે, તેવી જ રીતે જીવનરૂપી ચંદન જ્ઞાન-ધ્યાન-તપ-ત્યાગના પાટલા ઉપર ઘસાય છે ત્યારે અંતરમાં સુવાસમય વાતાવરણ પ્રસરી જાય છે.

*

# ગુણ–અવગુણ

ભીષણ જંગ ચાલી રહ્યો હતો, કેટલાનોય કચ્ચરઘાણ નીકળી ગયો હશે, હાર–જીતના પ્રશ્ને.... જંગે જંગી સ્વરૂપ ધારણ કરી લીધું હતું, શાન્તિમાં તેલ રેડાયું ...... જીવનને ધુળ ધાણી કરી નાખ્યું. અંતે એક પક્ષે વિજય થયો.

એક માનવના માનસમાં ગુણ–અવગુણનું તુમુલ યુદ્ધ જામી પડયું, અવગુણે ગુણ ઉપર હલ્લો કર્યો, ગુણે પણ મક્કમ બનીને ખરેખરી ટક્કર ઝીલી.

ગુણની ઈચ્છા હતી, આ સંસારની વિષય–વાસના લાલસા–તૃષ્ણાની બદબોથી દૂર થઈ અધ્યાત્મમાં લીન થવાની, પરમાનંદ મેળવવાની, અને એકાન્તવાસને સ્વીકારી લેવાની.

અવગુણ કહે "એમ સીધે સીધો તને જવા દઉં તો મારૂ વર્ચસ્વ શું ?

પણ.... ગુણની મક્કમતાએ અવગુણને નામોશી-ભર્યો પરાજય આપ્યો.

ગુણવાન્ મનુષ્યજ સર્વ સ્થાને પૂજનિય બને છે અને.... જીવનને સુવાસમય બનાવી શકે છે.

॥ ગુણગ્રાહી બનો ॥



www.jaintatvagyanshala.org

# ધુમાડો

મંદિરમાં ઉત્સવ હતો, મહોત્સવનું આયોજન જરા વિશેષ પ્રકારે રાખવામાં આવ્યું હતું.

મંદિર પાસેથી બે મિત્રો પસાર થતાં હતાં, એક બોલ્યો, મિત્ર જો તો ખરો, આ મંદિરમાં કેટલો મોટો મહોત્સવ ચાલી રહ્યો છે. હજારો રૂપિયાનો ખર્ચ કર્યો હશે. શું કહું મારા મનની વાત. આજે લોકોને ખાવાના ફાંફા હોય, ગરીબ લોકો કુતરાનું જીવન જીવતાં હોય છે. તેની દયા આ ધર્મિઓને નહિ આવતી હોય? હજારો રૂપિયાનો ધુમાડો કરવાથી દેવ પ્રસન્ન થઈ જતાં હશે ? ખરેખર જનકલ્યાણાર્થેજ રૂા. વાપરવા જોઇએ. બીજો મિત્ર આના ખમણજેવા ભાષણને સાંભળી અકળાઇ ગયો પણ જવાબ ન આપ્યો.

ઉનાળામાં વૈશાખ માસની એક નમતી સાંજે બન્ને મિત્રો બગીચામાં બેઠા હતા. બગીચામાં કલાક ગાળી ઘેર જવા નિકળ્યા. ત્યાં સામેથી બેન્ડોના ધમધમાટ અને લાઈટોના ઝગમગાટ સાથે લગ્નનો વરઘોડો આવી રહ્યો હતો. તેના દબદબા ઉપરથી લાગતું હતું કે કોઈ મોટા શેઠનો લાલ પરણતો હશે.

ત્યારે પહેલા અકળાઈ ગયેલા મિત્રે પુછયું કેમ લાગે છે આ વરઘોડો ?

"સરસ છે" બીજાએ જવાબ આપ્યો.

મિત્ર, આમાં તને પૈસાનો ધુમાડો નથી લાગતો? ભાઈ ! પાસે પૈસા પહોંચતાં હોય તો કરે...... બીજા મિત્રે કહ્યું.

ત્યારે તો ધર્મ માર્ગે ખર્ચાતા પૈસાજ તને ધુમાડો લાગે છે ? પેલો મિત્ર શું જવાબ આપે....

ખરેખર મોજ-શૌખમાં અને આનંદ-મઝા માણવામાં પૈસા ખર્ચતા લોકોને ગરીબ યાદ નથી આવતો, તેમની દયા નથી આવતી. અને કોઈ ધર્મમાં પૈસા ખર્ચે તો તરત આંખમાં આવી જાય છે.

બૌદ્ધિક વિકૃતિની પરાકાષ્ઠા કયાં જઈ અટકશે ?

**ઉન્નત્તિના માર્ગે પ્રયાણ કરતાં અનેક કષ્ટોને સહન કરીને જયારે બહાર આવે છે ત્યારે એ...... સાધનાની સિદ્ધિ પામ્યાનો અનહદ આનંદ અનુભવે છે.** □

# વાણીનો પ્રભાવ

ભયંકર લુંટફાટ કરનાર રોહિણીયા ચોરને તેના બાપે મરતી વખતે પ્રતિજ્ઞા કરાવી હતી કે તારે ક્યારેય ભગવાન મહાવીરની વાણી ન સાંભળવી.

એક દિવસ રોહિણીયો ચોરી અર્થે જઈ રહ્યો હતો. ત્યારે રાજગૃહી નગરીની બહાર ભગવાન મહાવીર દેશના આપી રહ્યા હતા.

વાણી નહિ સાંભળવાની પ્રતિજ્ઞાના કારણે રોહિણીયાએ કાનમાં આંગળા નાખી દોડવા માંડયું, પણ ભાગ્યયોગે સમવસરણની નજીક આવતાં પગમાં કાંટો વાગ્યો, અને કાંટા કાઢતા ભગવાનના વાકયો સંભળાઈ ગયા. ફરી કાંટો કાઢી કાનમાં આંગળા નાખી ભાગવા લાગ્યો. ભગવાનની વાણી ભુલવા ઘણો પ્રયત્ન કરે છે પણ ભુલાતી નથી.

આ સમયે રાજગૃહીના શ્રેણિક રાજાના મંત્રી અભયકુમારે ચોરીના ત્રાસથી પ્રજાને શાન્તિ આપવા ચોરને પકડવાનો વ્યુહ ગોઠવ્યો હતો, અને એ વ્યુહમાં રોહિણીયો ઝડપાઈ ગયો.

દારૂ પાઈ તેને બેભાન બનાવી એક ભવ્ય શયનખંડમાં સુવડાવ્યો. ચારે તરફ દેવ જેવી સ્વરૂપવાન દાસીઓ ઉભી રાખી. થોડા સમય બાદ રોહિણીયાએ આંખ ઉઘાડી ત્યારે દાસીઓ પુછવા લાગી. કહો સ્વામિન્ ! તમે પૂર્વભવમાં કેવા પુણ્યકાર્યો કર્યા હતા કે જેથી અહિં દેવ બન્યા છો ?

રોહિણીયો તો વિચારમાં પડી ગયો કે હું દેવ છું ? મેં પુણ્યના કાર્યો તો કર્યા નથી. પછી દેવ ક્યાંથી બનું ? વળી ભગવાને ત્યારે કહ્યું હતું કે દેવો ચાર આંગળ જમીનથી અધ્ધર હોય, આંખો સ્થિર હોય. ફુલમાળા કરમાય નહિ, પણ આ બધામાં એવું કાંઈ દેખાતુ નથી. એટલે ખરેખર આ બધા દેવ નથી. બધુ બનાવટ છે, મને પકડવાનું કાવત્રુ છે.

અને તરત જુઠ-જુઠ કહી ચોરની શંકાથી દૂર થઈ ત્યાંથી છુટી સીધો ભગવાન પાસે આવ્યો અને ભગવાનના ચરણમાં જીવન સમર્પિત કર્યું.

ધર્મ શ્રવણ ક્યારેયને ક્યારેય માનવીના જીવન-માં પલ્ટો લાવ્યા વગર રહેતો નથી.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

## ઉ...દા...ર...તા...

વિક્રમની ચૌદમી સદીની આ વાત છે. ગુજરાતમાં આવેલા કચ્છ પ્રદેશમાં જગડુશા નામના પ્રસિદ્ધ નરરત્ન થઈ ગયા.

તેમના જીવનમાં ઉદારતાનો ગુણ રજેરજમાં ગુંથાઈ ગયો હતો.

એક જ્ઞાની મુનિએ ગુજરાત ઉપર ભવિષ્યમાં આવનારા દુષ્કાળનું સંપૂર્ણ ચિત્ર એ જગડુશા આગળ રજુ કર્યું અને....

એ ભીષણ દુષ્કાળના ભુખમરામાં ભોગ બનનારા હજારો માનવીઓની કલ્પનાએ તેમનું દિલ દ્રવી ઉઠયું.

મુનિવર્યના જ્ઞાન ઉપર અડગ શ્રદ્ધા ધરાવનારા જગડુશાએ ત્યારથી માંડીને સમગ્ર પ્રદેશોમાંથી ધાન્ય ભેગુ કરાવવાનો પ્રારંભ કર્યો.

ચારે તરફથી અઢળક સંપત્તિના વ્યયે ધાન્યના ઢગલાઓ થવા લાગ્યા. કોઠારો—ગોડાઉનો ભરચક ભરાઈ ગયા.



www.jaintatvagyanshala.org

વખત જતાં કયાં વાર લાગે છે ? ભયંકર દુષ્કાળના પંજામાં સમગ્ર ગુજરાત સપડાઈ ગયું. ઘાસ ચારો અનાજ સુકાઇ ગયા. લીલા ઝાડો ઠુંઠાજેવા બની ગયા. આગઝરતા સૂર્યના તાપમાં ભુખે અને તરસે અબોલ પ્રાણીઓ ભૂશરણુ થવા લાગ્યા. એવા સમયે જીવીતદાન સરખા જગડુશાના ધાન્ય ભંડારો, પાણીની પરબો સૌ માટે ખુલ્લા મુકાઈ ગયા.

દુખીત લોકોના અતરના લાખલાખ આશીર્વાદો જગડુશા ઉપર વરસવા લાગ્યા.

આ સમયે ગુજરાતના રાજવી વીશળદેવ ધાન્યની માંગણી માટે જગડુશા પાસે આવ્યા, ધાન્યની માંગણી કરતાં વીશળદેવને જગડુશાએ કહ્યું, રાજન ! આ ભંડારો ગરીબો માટે છે, ભુખે મરતા સામાન્ય જન માટે છે.

જગડુશાની વાત સાંભળી રાજા શરમાઈ ગયો. પણ એની આવી અજોડ ઉદારતા, માનવપ્રેમ નિરભિમાન પર વારી ગયો.

માનવમાં દાનની સાથે સાથે જ્યારે નિરભિમાનતા કીર્તિની અનિચ્છા હોય છે ત્યારે તેનું જીવન નંદનવન બની જાય છે.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# વૈભવ

શાલીભદ્રજીના પિતા મૃત્યુ પામીને દેવ બન્યા હતા. પુત્ર પરના ગાઢ પ્રેમને લઈને દેવલોકમાંથી હંમેશા શાલીભદ્ર અને તેમની ૩૨ પત્નિઓ માટે ભોજન, વસ્ત્રો અને અલંકારોની ૯૯ પેટીઓ નિયમિત રીતે મોકલતા હતા.

આજે પહેરેલા વસ્ત્રો અને અલંકારો આવતી કાલે પહેરવાના નહિ. એવા પ્રકારની અપાર સમૃદ્ધિમાં જીવન પસાર કરી રહ્યા હતા.

આવા પ્રકારના વૈભવને જોવા મહારાજા શ્રેણિક શાલીભદ્રના આવાસે આવ્યા. ત્યારે શાલીભદ્રના માતાજી–ભદ્રા શેઠાણીએ રાજાનું સ્વાગત કર્યું અને મહેલના પહેલા માળેજ બેસવા સિંહાસન આપ્યું.

પછી માતાજી શાલીભદ્રને બોલાવવા સાતમે માળે ગયા. પત્નિઓથી વિંટળાયેલા શાલીભદ્રને કહ્યું બેટા ! ચાલ તો નીચે, નગરના મહારાજા આવ્યા છે. તે તને મળવા ઇચ્છે છે.



www.jaintatvagyanshala.org

માતાજી ! એમાં મારૂ શું કામ છે ? જે કિંમત હોય તે કિંમત આપી કોઠારમાં નંખાવી દો. વ્યવહારથી અજ્ઞાત શાલીભદ્રે કરીયાણા સમજી જવાબ આપ્યો. અરે....? શું બોલે છે ? હું કરીયાણુ નથી કહેતી ! આપણે ત્યાં નગરના માલિક—મહારાજા પધાર્યા છે. માતાએ કહ્યું.

મારા માથે પણ માલિક છે ? શાલીભદ્રે પુછયું હા, કહી ભદ્રાશેઠાણી શાલીભદ્રને નીચે લઈ ગયા. પણ શાલીભદ્રના મનને ચેન નથી. એ વિચાર કરે છે, મારા માથે ભગવાન મહાવીર સિવાય કોઈ માલિક હોઈ ન શકે.

અને ધન-દોલત-સ્ત્રિઓ ઉપરથી વૈરાગ્ય પામી એક દિવસે ભગવાન મહાવીરના ચરણમાં મુનિ બની જીવનને ત્યાગ તરફ વાળ્યું.

માનવી ગમે ત્યાં ફરે. ધનવાન બને, રાજા બને, પણ છેવટે ત્યાગ વગર જીવનની સાધનાનું ધ્યેય પાર પડતું નથી.

પ્રભુ પ્રતિમા એક દર્પણ છે જેમાં પોતાના
સત્યસ્વરૂપનું પ્રતિબિંબ પડે છે.
સંતોષ અને તૃપ્તિ વગરની અઢળક સંપત્તિ
દુઃખમાંજ વધારો કરે છે.

## ગર્વ

સનત્ કુમાર ચક્રવર્તિ અપાર રિદ્ધિ-સિદ્ધિની ઉછળતી છોળોમાં પોતાનો જીવન કાળ પસાર કરી રહ્યા હતા.

એક વખત દેવસભામાં ઇન્દ્રે સનત્ કુમારના અદ્‌ભૂત રૂપની પ્રશંસા કરી અને એ પ્રશંસા બધા દેવોએ માન્ય કરી પણ બે દેવોએ એ વાતને પ્રત્યક્ષ જોવા દેવલોકમાંથી સનત્ કુમારના મહેલમાં આવ્યા. એ વખતે સનત્ કુમાર સ્નાન કરી રહ્યા હતા, પણ રૂપ ઢંકાયુ રહેતું ન હતું. અપૂર્વ અને અદ્‌ભૂત રૂપને જોઈ બન્ને દેવો આશ્ચર્ય મૂઢ થઈ ગયા. ત્યાંજ સ્નાન કરતાં સનત્ કુમારે દેવોને ઉદ્દેશીને કહ્યું.

રે....હમણાં તો હું સ્નાન કરી રહ્યો છું, મારૂં શરીર સાબુના ફીણોથી ઘેરાયેલુ છે. એટલે હાલમાં મારૂં રૂપ જોવા જેવું નથી, જ્યારે હું વસ્ત્રો-અલંકારો મુગુટ વિગેરેથી સજ્જ થઇને સિંહાસન ઉપર બેસુ ત્યારે મારા રૂપને જોજો. દેવો ચાલ્યા ગયા.

સનત્ કુમારે કરેલા રૂપના ગર્વને લઇને તરતજ તેમના શરીરમાં ભયંકર રોગો ઉત્પન્ન થયા.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

બનીઠનીને જ્યારે સિંહાસન પર આરૂઢ થયા ત્યારે બ્રાહ્મણ રૂપધારી તે બન્ને દેવો ફરી રાજ-સભામાં આવ્યા.

ચક્રવર્તિને જોઇનેજ બન્ને જણા મોઢું બગાડીને ઉભા રહ્યા. બન્ને જણાના બગાડેલા મુખને જોઈ સનત્ કુમારે પૂછયું. હે દેવાર્ય ! મુખ શા માટે બગાડો છો ?

અરે....ચક્રિ, સ્નાન કરતી વખતે જોએલી તારી કાયા અને અત્યારે તારી કાયામાં ધરમૂળ ફેરફાર થયેલો દેખાય છે.

હે ચક્રિ ! તારી એ રંગભરી માટીની કાયામાં અત્યારે ભયંકર ૧૬ રોગો ઉત્પન્ન થયેલા છે.

દેવોની આવી વાત સાંભળીને સનત્ કુમારનો આત્મા ખળભળી ઉઠયો.

તરતજ નિદાન કરતાં જણાયું તો ખરેખર રોગોથી કાયા ઘેરાઈ ગયેલી હતી.

એજ સમયે ષટખંડ પૃથ્વીના રાજ્યનો ત્યાગ કરી સાધુ બનીને જંગલભણી ચાલી નીકળ્યા, અને કઠોર સાધનાનો આરંભ કર્યો ત્યારે રૂપનો ગર્વ ઉતરી ગયો હતો.

આત્માની ઉન્નતિમાં ગર્વ શત્રુરૂપે હોઈ તેનો ત્યાગ કરવો જોઇએ.



www.jaintatvagyanshala.org

# નિયમ

શેઠ ઘણાંજ ધર્મિષ્ઠ હતા, પણ તેમના પુત્રને ધર્મમાં બીલકુલ શ્રદ્ધા નહિ. શેઠ તેને ધર્મમાં જોડવા ઘણાં પ્રયત્ન કરે પણ પુત્રને જરાય અસર થાય નહિ.

એક દિવસ શેઠ પુત્રને લઈને ગુરૂ મહારાજ પાસે ગયા. ગુરૂમહારાજે તેને ઉપદેશ આપી હંમેશા પોતાની પાસે આવતો કર્યો. શેઠનો પુત્ર હંમેશા ગુરૂમહારાજનો ઉપદેશ સાંભળે છે.

એક દિવસ ગુરૂમહારાજને પ્રયાણ કરવાનો સમય આવ્યો. ગામનાં લોકો વળાવવા આવ્યા તેમાં પેલો શ્રેષ્ઠીપુત્ર પણ આવ્યો હતો.

ગુરૂમહારાજે ધર્મમાર્ગમાં જોડાવા બધાને શક્તિ મુજબ વ્રત-નિયમ આપ્યા. પેલા શેઠના પુત્રને પણ નિયમ લેવા કહ્યું. ત્યારે તેણે કહ્યું, મહારાજ ! આપણાથી નિયમ-બિયમ બને તેમ નથી છતાં આપનો આગ્રહ છે તો એક નિયમ આપો કે મારા ઘરની બાજુમાં એક કુંભાર રહે છે, તેના માથામાં ટાલ છે. તે જોયા વગર સવારમાં ચા-પાણી પીવા નહી.

છોકરાએ મશ્કરી કરી હોવા છતાં ગુરૂમહારાજે સમજીને નિયમ આપ્યો, ને ગામમાંથી વિદાય થયા. સૌ વળાવીને પાછા ફર્યા.

શેઠપુત્ર હંમેશા કુંભારની ટાલ જોઇને ચા-પાણી વાપરે. એક દિવસ વધારે માટી લેવા કુંભાર વહેલી સવારે દુર દુર ચાલ્યો ગયો. દુર ભાગમાં માટી ખોદતાં ધનનો ચરૂ મળ્યો, તે ચરૂ બહાર કાઢીને મૂકયો હતો.

સવારે કુંભારને ઘરમાં નહિં જોતાં શેઠ પુત્રે તેના છોકરાને પુછીને ટાલ જોવા જંગલમાં દોડયો. દુરથી કુંભારની ટાલ દેખાતા બોલ્યો, " જોઈ લીધી, જોઈ લીધી " આ સાંભળી કુંભાર સમજ્યો કે શેઠના છોકરાએ ચરૂ જોઈ લીધો એટલે ગામમાં જઈ બધાને વાત કરશે ને આપણા હાથમાં કશું નહી આવે, તેથી તરતજ તેને બોલાવી ચરૂમાંનુ ઝવેરાત અડધું અડધું વહેંચી લીધું.

ધન મળતાં શેઠ પુત્ર રાજી થઈ વિચારે છે, મશ્કરીના નિયમથી આટલો લાભ થયો તો સત્ય-નિયમથી કેટલો લાભ થાય ? અને ત્યારથી જીવનને ધર્મમાર્ગે વાળી માનવ જીવન સફળ કર્યું.

નિયમબધ્ધ જીવન જીવતા જીવનું શ્રેય અવશ્ય સધાય છે. ✱✱



# વેદનાનું વિસર્જન

ઓહ....ઉહું.... હું.... હું.... હું........બિમારીના બીછાને પડેલા મિથિલાપતિ નમિરાજના શરીરમાં પગથી માથા સુધી એક દાહ-લીસોટો વિજળીવેગે પસાર થઇ ગયો અને તેથી ઉત્પન્ન થયેલી ભયંકર વેદનાને લઇને એક લાંબી અને હૈયાને હચમચાવી નાખે તેવી ચીસ પાડી ઉઠયા.

વેદનાને શાંત કરવા રાજ્યના એકેએક વૈદ્યો-હકીમોને બોલાવી ઔષધો-ઉપચારો કરાવ્યા છતાં એકે ઔષધ અકસીર ઇલાજ તરીકે કામ ન લાગ્યું. અગ્નિદાહની બળતરા વિકરાળ સ્વરૂપને ધારણ કરી રહી હતી.

બીછાનાની અડખે પડખે ઉભેલા માતા-પિતા, પ્રાણ પ્યારી પત્નિઓ અને સેવકો નમિરાજની વધતી વેદનાને જોઈ હૈયાફાટ રૂદન કરી રહ્યા હતાં. વિશાળ રાજ્યનો અપાર વૈભવ અત્યારે બીહામણો લાગતો હતો. સર્વ નિઃસહાય હાલતમાં સુનમુન ઉભા હતા.



www.jaintatvagyanshala.org

ઓહ...ફરી વીજળીવેગે એક દાહનો આંચકો આવી ગયો. બાવનાચંદનનો લેપ કરો તો કાંઈક શાન્તિ મળશે. એક વૈદે કહ્યુ.

ખૂદ રાણીઓએ પોતાના કોમળ હાથવડે ચંદન ઘસીને સ્વામિને શરીરે વિલેપન કર્યું ને વિલેપનથી કાંઈક શાન્તિ મળી. બે આંખો મીંચાઈ પણ ચંદન ઘસતી રાણીઓના કંકણના અવાજથી ઉંઘ દૂર થઈ. નમિરાજ બોલી ઉઠયો; બંધ કરો અવાજ, મારાથી સહન થતો નથી અને...રાણીઓએ બન્ને હાથોમાં એકએક કંકણ રહેવા દઇ બીજા કાઢી નાખ્યા. હવે અવાજ નહિ આવવાથી નમિરાજે પૂછ્યું, ચંદન ઘસવાનું બંધ કર્યું છે ? ના સ્વામિન્ ! તો અવાજ કેમ નથી આવતો ? અમે સૌભાગ્યસૂચક એકએક કંગન રાખી બીજા દુર કર્યા છે, એટલે એક કંગનનો અવાજ કેમ થાય ? ઘણાં હોય તોજ પરસ્પર ટકરાય.

આવા જવાબથી નમિરાજના હૃદયમાં પ્રકાશપુંજ રેલાયો. રે...એકલામાં શાન્તિ છે. સંયોગોમાંજ સંઘર્ષ જન્મે છે અને સંયોગજ અશાન્તિનું કારણ છે. એકત્વ ભાવના આવતા વેદનાનું વિસર્જન થવા લાગ્યું. સમય જતાં એકદમ સ્વસ્થ બન્યા અને ત્યાગના પંથે પ્રયાણ કર્યું......

★

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ઉદાર ભક્તિ

માંડવગઢના મંત્રિશ્વર ઝાંઝણશાહે માંડવગઢથી મહાતીર્થ શત્રુંજયનો (પાલીતાણા) છ'રી પાળતો સંઘ કાઢયો. સંઘમાં સંખ્યાબંધ ભક્તજનો જોડાયા.

સંઘનું આગમન સાંભળી કર્ણાવતીના રાજા જયસિંહે સંઘનું સ્વાગત કર્યું અને ઝાંઝણશાહને કહ્યું "આપ આપના સંઘમાંથી ૫૦૦૦ માણસોને લઇને મારે ત્યાં જમવા પધારો."

ઝાંઝણશાહે કહ્યું, "રાજન્ ! મારા સંઘમાં રહેલા બધાજ ભક્તો મારે મન સમાન છે. એમાં હું ભેદ ન પાડી શકું.

મનમાં ચીડાયેલા રાજાએ કહ્યું, "મંત્રીશ્વર ! જેટલી 'ભાવના અને શક્તિ હોય તેટલી ભક્તિ કરાય !

"પણ....હું આપને કયાં આગ્રહ કરૂં છું કે, સંઘને જમવાનું આમંત્રણ આપો ?" મંત્રીએ કહ્યું.



www.jaintatvagyanshala.org

એમજ હોય તો તમે જ આખા ગુજરાતને જમાડો. અને.... "ઝાંઝણશાહે તરતજ પાંચ પાંચ હજાર માણસો જમી શકે એવા વિશાળ ૧૦૦ મંડપો બંધાવ્યા. આખા ગુજરાતને જમાડી દીધું.

જ્યારે રાજાએ આવીને જમણની વાનગીઓ જોઈ ત્યારે મોઢામાં આંગળા નાખી ગયા.

મંત્રીની આવી ઉદાર ભક્તિ જોઈ રાજા ખુશ થઈ ગયો. ધન્ય ઉદારતા. ધન્ય ભકિત.

જીવનમાં ઉદારતાનો ગુણ આવે છે ત્યારે લોકોના અંતરના આશીર્વાદ સાથે જીવ પોતે આત્મ-સાધનાના માર્ગે સરળતાથી પ્રયાણ કરી શકે છે.

દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતી ઉત્તમ ભાવના અવશ્ય સાકાર બને છે અને એના જીવનમાં એવી એક શુભ ઘડી આવે છે કે મંગલ પ્રસ્થાનના મંગલ ચોઘડીયા વાગતા હોય છે.

# આત્મલીનતા

આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રી આનંદસાગર સૂરીશ્વરજી પોતાના મુનિપ્રવરોથી પરિવરેલા કપડવંજ ગામમાં બિરાજમાન હતા.

તેઓશ્રીના જીવનના અણુએ અણુમાં જ્ઞાનની જ્યોતિ પ્રગટી હતી અને એ જ્ઞાનદીપના અજવાળે જિન આગમની સેવામાં તલ્લીન બની ગયા હતાં.

એક દિવસની વાત છે, એક શિષ્ય કારણસર આગમોદ્ધારકશ્રી અર્થે એક શ્રાવકના ઘરે ચા વહોરવા ગયા. વહોરીને મુનિ ઉપાશ્રયે આવી ગયા બાદ પુજ્યશ્રી ચા વાપરી પોતાની જ્ઞાનસાધનામાં લાગી ગયા.

ત્યાં તો ચા વહોરાવનાર બાઈ હાંફળી હાંફળી ઉપાશ્રયે આવીને બોલવા લાગી. મહારાજ ! ચા વાપરશો નહિ. કારણ કે ચામાં ખાંડના બદલે ભારોભાર મીઠું નંખાઈ ગયું છે. તેથી ચા પીતા જીવ જાય તેવું છે.

અન્ય મુનિઓ તો બાઈની વાત સાંભળીને થીજીજ ગયા કે અરે....આવી ચા હોવા છતાં ગુરૂદેવ બોલ્યા વગર વાપરી ગયા ? ધન્ય છે ગુરૂદેવની આત્મસાધનાને.

જ્યાં સુધી માનવીના જીવનમાંથી ઇન્દ્રિઓની લોલુપતા દુર થાય નહિ ત્યાં સુધી સાધનાના માર્ગોમાં અવરોધો ખડકાયેલાજ રહે છે.

રાગ-દ્વેષ અને ઈર્ષ્યા માનવ સ્વભાવની કમજોરી છે.

●

માનવીના અધઃપતનમાં કે ઉત્થાનમાં બાહ્યવસ્તુ નિમિત્તમાત્ર છે, ખરેખર તો તેના આચાર-વિચાર અને વર્તન કારણભૂત છે.

●

કાયા ભોગ-સુખ માટે નથી, આત્મસુખ મેળવવા માટે છે કે જેના વડે સાધનાની સિદ્ધિ બની શકે છે.



# ક્રો...ધ....

એક મકાનના ઉપરના ભાગમાં મકાન માલિક રહેતો હતો અને નીચે બધા ભાડુતો વસતા હતા, પણ બધાને પાણી ભરવા માટે નીચેના ભાગમાં એકજ નળ હતો. એટલે હંમેશા પાણી ભરવા માટે લાઇન લાગતી.

એક દિવસ એક ભાડુત સ્ત્રી પાણી ભરી રહી હતી ત્યારે મકાનમાલિકની સ્ત્રી પણ પાણી ભરવા આવી. તેણે પેલી સ્ત્રીનાં વાસણો બાજુપર ખસેડી પોતાના વાસણો નળ નીચે મુકી દીધા.

આવા અપમાનથી ભાડુત સ્ત્રીના અંગેઅંગમાં ક્રોધાગ્નિ સળગી ઉઠયો. આવેશમાં પોતાની રૂમમાં જઈ કેરોસીન છાંટી સળગી ઉઠી. લાકડાના એ મકાનમાં આગની ઝાળ લાગતાં મકાન આખું સળગી ઉઠયું.

મકાનમાલિકની સ્ત્રી બુમાબુમ સાંભળી નીચે ઉતરવા લાગી અને પેલી સ્ત્રી બળતી બળતી ઉપર

ચડવા લાગી. બન્ને દાદર પર ભેગી થઈ. ત્યાં માલિકણને પેલી સ્ત્રી વળગી પડી.

માલિકણે છુટવા ઘણો પ્રયત્ન કર્યો પણ પેલી કહેવા લાગી "તને નહિ છોડુ" આજે તો હું મરીશ અને તને મારીશ.

છેવટે બન્ને સ્ત્રીઓ મરણ પામી.

જીવનમાં ક્રોધનો પ્રવેશ થયા પછી માનવી સારાસાર, લાભાલાભનું ભાન ગુમાવી બેસે છે, અને નંદનવન સરખા જીવનને બાળીને ભસ્મ કરી નાંખે છે.

આવેશમાં ક્રોધના એક એક અવશેષને નષ્ટપ્રાયઃ કરી માનવજન્મ સફળ કરવો જોઇએ.

● ● ●

વર્ષો સુધી સંસારના પક્ષે બેઠા ત્યાંના અનુકુળ-પ્રતિકુળ અનુભવો લીધા પછી ત્યાં કાંઈ તથ્ય ન લાગ્યું હોય તો હવે એકજ રસ્તો છે પક્ષ પલ્ટો કરવાનો. "સંસારમાંથી સંયમમાં"

# સત્તા અને ધન

આબુ પરના દેલવાડાના વિખ્યાત દહેરાસરો આજે પણ વસ્તુપાલ અને તેજપાલની યાદ તાજી કરાવે છે. બન્ને ભાઈઓ ભલા, બુદ્ધિશાળી અને ધાર્મિક વૃત્તિવાળા હતા. દાન દઈને ખુશી થાય એવા હતા.

એક દિવસ બન્ને ભાઇઓ સંઘ લઈ દેશભરનાં તીર્થાટનોની યાત્રાએ જઈ રહ્યા હતા.

ગામે ગામના સંઘોને ભેટતો આ સંઘ પંથ કાપે જ જાય છે. ત્યાં એકાએક રથની પીંજણી ભાંગી ગઈ. રથ ત્યાંજ અટકી પડયો. સંઘ આખાને વગડામાં વસવું પડયું.

પીંજણી સરખી કરવાં વસ્તુપાલે નોકરને સુથાર માટે નજીકના ગામમાં મોકલ્યો. સાથે કહેવડાવ્યું કે જેટલા રૂપિયા લેવા હોય તેટલા લે પણ પીંજણી સમી કરી જાય.

સુથારે પણ સમય પારખ્યો. બોલાવવા આવેલા નોકરને સાફ સંભળાવી દીધું. "તારો શેઠ સો

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
રૂપિયા આપે તો પણ નહિ આવું ! હું કાંઈ નવરો નથી.”

નોકરે પાછા વળીને સુથારની તિરસ્કારભાની વાત કહી ત્યારે વસ્તુપાલ મુંઝાયા.

એટલામાં ગામનો મુખી બેચાર માણસો સાથે સંઘના પડાવે આવ્યો. સંઘપતિને મુંઝાયેલા જોઈ મુખીએ પુછ્યું.

‘કાં સંઘવી’ ? મુખપર હાસ્ય દેખાતું નથી ? શું કાંઈ મુશ્કેલી ઉભી થઈ છે ?

વસ્તુપાલે સુથારની વાત કહી.

વસ્તુપાલની વાત સાંભળી મુખી બબડ્યો........ હત્........ સુથાર ! તુંયે વાંકો થયો, અટાંણેય અવળચંડાઈ ન છોડી ?

મુખીએ સંઘવીને કહ્યું “હમણાં જ ગામમાં જઈને મોકલું છું”

ગામમાં જઈને મુખીએ સુથારને બે ચાર લપાટ લગાવી દીધીને કહ્યું, હમણાંને હમણા જા, સંઘવીની પીંજણી સમી કરી આવ. અને........ જો પૈસા બૈસા લીધા છે તો ભોં ભારે થઈ જશે.


www.jaintatvagyanshala.org

સુથાર મુખીની દમદાટીથી ધ્રુજતો સંઘમાં આવ્યો. સંઘવીના રથની પીંજણી બરાબર કરી આપી રથ ચાલતો કર્યો. વસ્તુપાલે રૂપિયા દેવા આગ્રહ કર્યો, પણ તે લીધા વગર ચાલ્યો ગયો.

બન્ને ભાઈઓએ ત્યારથી જાણ્યું કે સોના કરતાં સત્તા સબળ છે, માટે સોનાની સાથે સત્તા પણ મેળવવી જ રહી.

યાત્રાએથી પાછા ફરીને વસ્તુપાલ દીવાન (મંત્રી) બન્યા, અને તેજપાળ સેનાપતિ બન્યા.

પણ પ્રાપ્ત થયેલી સત્તાનો એમણે સદુપયોગ કર્યો.

જીવનમાં જ્યારે કંકાશનો પ્રવેશ થાય છે ત્યારે જીવન જીવવું અસહ્ય બને છે અને મૂલ્યવાન જીવનને ટુંકાવી નાખવા પ્રયત્નશીલ બને છે.



www.jaintatvagyanshala.org



# પાયાનું જ્ઞાન

"પાણી લ્યો, પાણી ! ઠંડુ પાણી" સ્ટેશન ઉપર ટ્રેન આવીને ઉભી રહેતાં જ એક માજી બુમ મારતાં-મારતાં ડબ્બે ફરી રહ્યા હતાં.

આ રીતે નિયમિત સ્ટેશન ઉપર આવી લોકોને પાણી પાઈ તેમાંથી જે કાંઈ પૈસા મળતાં તેનાથી માજી પોતાનો જીવન નિર્વાહ ચલાવતાં

એકવાર ગાડીને ઉપડવાનો સમય થતાં વ્હીસલ વાગી, અને એન્જીનમાંથી કાળાં-કાળાં ધુમાડા આકાશ ભણી જવા લાગ્યા. તે વખતે ફર્સ્ટ-કલાસના ડબ્બાની એક બારીમાંથી સજ્જન અને શિક્ષિત દેખાતા એક ભાઇએ મોઢું બહાર કાઢી પેલી પાણી વેચનારી માજીને બોલાવી.

ઠંડુ મઝાનું પાણી પેટ ભરીને પીધા પછી બાઈના હાથમાં એક આનાનો એક સિક્કો આપીને કહ્યું. "લે, એક આનો ! બે પૈસા તું રાખ અને

એ પૈસા મને પાછા આપ. બધા તને એક પૈસો આપે છે પણ હું તને ખુશ થઇને બે પૈસા આપું છું."

બાઈ તો ખુશ–ખુશ થઈ ગઈ અને કેડે ભરાવેલી પરચુરણની કપડાની નાની કોથળીમાંથી બે પૈસા કાઢી પેલા ભાઈના હાથમાં મૂકયા અને ગાડીએ સ્ટેશન છોડયું.

માજીએ પીતળની એક આની ઉપર નજર કરતાં જ ચમકી ગયા અને નિસાસો નાખવા લાગ્યા. "હાય ! સજ્જન દેખાતાં માણસો પણ આવી છેતર-પિંડી કરતાં હશે ? ને અમસરખા રાંક સાથે ધુતારા વેડા કરી શું સુખી થતા હશે ?" માજીની આંતરડી એટલા માટે જ કકળી ઉઠી હતી કે પેલા માણસે ખોટી એક આની આપી ઉપરથી માજીના બે પૈસા લઈ ગયો હતો.

માનવી જ્યાં સુધી પાયાનું જ્ઞાન ન મેળવે ત્યાં સુધી ઉપરછલા જ્ઞાનથી એ જીવનને લેશમાત્ર સુંદર બનાવી શકતો નથી.


# નિડરતા

ભગવાન મહાવીર બાલ્યકાળમાં નાના મિત્રો સાથે ગામ બહાર એક વૃક્ષ નીચે રમી રહ્યા હતા. તે સમયે દેવસભામાં ઇન્દ્રે ભગવાનના અતુલ બળનું વર્ણન કર્યું. આ વર્ણન સાંભળીને એક દેવ ગુસ્સે થઈ વિચારવા લાગ્યો, "જુઓ તો ખરા ! દેવ પાસે રૂના પુમડા જેવા તુચ્છ માનવીની ઈન્દ્ર કેટલી બધી પ્રસંશા કરે છે?"

અને.... તરતજ ઈન્દ્રના વર્ણનને જુઠું ઠરાવવા તે દેવ રમી રહેલા ભગવાનના સ્થાને આવીને વિકરાળ સર્પનું રૂપ ધારણ કરી ઝાડની ડાળી ઉપર વીંટળાઈ ગયો. મિત્રો તો ભયના માર્યા ભાગી ગયા, પણ નિર્ભય વર્ધમાનકુમારે એકજ હાથે સાપને પકડીને દૂર મુકી દીધો. ફરી બાલમિત્રો ભેગા થઈ રમવા લાગ્યા.

ફરી તેજ દેવ બાળકનું રૂપ લઈ બધા સાથે રમતમાં જોડાયો અને વર્ધમાનકુમાર સાથે શરત કરી કે જે રમતમાં હારે તે જીતેલાને પોતાના ખભા ઉપર બેસાડે. શરતની સ્વીકૃતિ બાદ રમતમાં તે દેવ જાણીને

હારી ગયો. શરત મુજબ બાલરૂપધારી દેવે વર્ધમાનકુમારને ખભાપર બેસાડ્યા. થોડે દૂર જઈને ભયાનક પિશાચનું રૂપ લઈને ક્ષોભ પમાડવાનો પ્રયત્ન કર્યો, પણ વર્ધમાનકુમારે એક મુઠીનો પ્રહાર તેની પીઠમાં કર્યો. પ્રહાર વાગતાંજ ભયાનકરૂપ અદૃશ્ય થયું. દેવે વર્ધમાનકુમારની નિડરતા અને અતુલબળ જોઈ ઈન્દ્રના વર્ણનને સત્ય સમજી, કુમારને નમસ્કાર કરી ચાલ્યો ગયો, ત્યારથી વર્ધમાનકુમાર મહાવીર તરીકે પ્રસિદ્ધ થયા.



એકડા વિના જેમ શુન્યની કિંમત કાંઈજ નથી,
તેમ સદાચાર વિના જીવનમાં વ્રતોની કિંમત
પણ કંઈજ નથી. વ્રત તો શોભે છે શિયળ
અને સદાચારના અલંકારોથી.



www.jaintatvagyanshala.org



# મહાન સંત

અકબર બાદશાહના પ્રતિબોધક જગતગુરૂ હીરવિજય સૂરીશ્વરજી મહારાજનો આ પ્રસંગ છે.

ભિક્ષાર્થે નિકળેલા સૂરીશ્વરજીના શિષ્યો અત્યંત ભક્તિવાન એક ભાવિકાના ઘરે વહોરવા આવી ચઢ્યા અને.......

ધર્મલાભ.... ! ધર્મલાભ... !! કહી ભાવિકાના ઘરમાં પધાર્યા.

પધારો ગુરૂદેવ ! ભાવિકાએ સ્વાગત કર્યું. ભાવિકાએ આજે ખીચડી બનાવી હતી. તેથી ખીચડી ભિક્ષામાં લઈને મહારાજ ઉપાશ્રયે પધારી ગયા.

પર્વનો દિવસ હોવાથી તબીયતના કારણે સૂરીશ્વરજી સિવાય કોઈ વાપરનાર હતુ નહિ એટલે તેઓશ્રી વાપરીને પોતાના જ્ઞાન-ધ્યાનમાં લાગી ગયા.

આ તરફ પેલી ભાવિકા બાઈ દોડતી-દોડતી ઉપાશ્રયે આવી અને વ્યાકુળતાથી બોલી.......

ગુરૂદેવ ! ગુરૂદેવ ! ગજબ થઈ ગયો, મારી ભયંકર ભૂલ થઈ ગઈ છે.

અન્ય શિષ્યોએ પુછ્યું. પણ છે શું ? બોલ તો ખરી

અરે.... શું કહું, આજે આપ જે ખીચડી લઈ ગયા તેતો મોઢામાં નંખાય તેમ નથી. ખીચડીમાં ભુલથી ત્રણ ગણું મીઠું નંખાઇ ગયુ છે, તેથી ખારી-ખારી ઝેર જેવી બની ગઈ છે.

શિષ્યો પણ વિચારમાં પડી ગયા કે, ગુરૂદેવ ખીચડી વાપરી ગયા પણ જરાય કોઇને કહ્યું નહિ કે ખીચડી આવી કેમ લાવ્યા છો ?

શ્રાવિકાએ આવીને કહ્યું ત્યારેજ શિષ્યોને ખબર પડી કે ખીચડી ખારી ઝેર જેવી છે.

ગુરૂદેવની આવી મહાનતા જોઈ શિષ્યો મનોમન ગુરૂદેવને વંદી રહ્યા.

મહાન બનવા માટે મોહને હટાવવો પડશે.

# નોટ-પેન લાવ્યા છો ?
# .........તો લખો

"હું કોઇનો નથી, મારૂં કોઈ નથી."

નિર્જન અને એકાન્ત જગ્યામાં બેસીને સુતેલા આત્મારામજીને ઢંઢોળીને વિચાર કરશો તો જરૂર સમજાશે કે આ ફાની દુનિયામાં શું લઈને. આવ્યો હતો અને શું લઇને જવાનો છે ??

આ દુનિયામાં માનવ શરીર સહિત તારૂં આગમન થયા પછીજ આ....નજરસામે દેખાતા સર્વ સગા, સ્નેહિ, મિત્રો, પરિવારનું ઝુંડ એકઠું થયું છે અને તે પણ તું સ્મશાનમાં બળીને રાખ થયો નથી ત્યાં સુધી છે, માટે રખે....તેઓની મમતાં-માયામાં લપટાતો, મારૂં મારૂં કરીને ખેંચાતો.......

હું કોઇનો નથી, મારૂં કોઈ નથી એમ સમજીને ડગ ભરીશ તો આ જીવનરૂપી નાવ વડે સહેલાઈથી સંસાર-સમુદ્રમાં પસાર થવા માટે નિર્ભય બની

શકીશ, નહિતર એ સંસાર સમુદ્રના કાળઝાળ ભયાનક મોજામાં એ નાવના ભુક્કા બોલાઈ જશે અને સાગરના અગાધ જલના પેટાળમાં ફસાઈ પડીશ. માટે અમૂલ્ય એવા બે વાકયોને માનસપટ ઉપર-હૃદયપટ ઉપર કોતરી લેજો કે—

"હું કોઇનો નથી, મારૂં કોઈ નથી."

*—*

દુકાન કમાવાનું સાધન ખરૂં પણ........ વેપાર કરતાં ન આવડે તો દેવાળુ કાઢે.

● ●

તેમ પ્રભુશાસનને પામનાર પોતાના ધ્યેયને ન સાચવે તો તે પણ જીવનનું દેવાળુ કાઢે.

● ●

જીવનમાં સુખ-દુઃખના તડકા છાંયડા આવ્યાજ કરે છે. માટે સુખમાં સહૃદયી - નિર્અભિમાની બનજો અને દુખમાં સમતા-શાન્તિને ધારણ કરતા શીખજો.

# બધુંજ નશ્વર......
# શાશ્વત માત્ર આત્મા......

ક્યાં મઝા માણવી છે ? ક્યાં મોજ ઉડાવવી છે ?
....સ્વજનોમાં ? ......સૌંદર્યધામોમાં........?
....સિને ટોકીઝોમાં....? ....પ્યારી દુનિયામાં...?

રે....ગમે તેટલી ભવ્યતા અને સુંદરતા હશે એ મઝાના સાધનોમાં, પણ એટલીજ ભયાનકતા એ મઝાના સાધનોમાં છુપાયેલી છે. એને લાગ્યો છે કાજળ કાળો ડાઘ, ને નજરે ચડે તેવું કલંક, નશ્વરતા !!! બધુજ નશ્વર છે. કશું અવિનાશી નથી, અવિનાશી હોય તો ફક્ત આત્મા.

આત્મા બિચારો નાશવંત એવા તનડાનો (શરીર) પ્યાર કરીને છેવટે રોતો-કકળતો ખભે પુણ્ય પાપના થેલા નાખીને હાથમાં ભવિતવ્યતાની લાકડી લઇને ચાલ્યો જાય છે, અને ભવિતવ્યતાની એ લાકડીવડે દુર્ગતિના દરવાજે ટકોરા મારે છે !

ટકોરાના અવાજે જ્યારે દુર્ગતિનું દ્વાર ખુલે છે ત્યારે અગ્નિઝરતા ભયાનક દુઃખો તેનું સ્વાગત કરે

છે. પરમાધામીઓના પનારે પડી દુઃખોના ડુંગરતળે દબાયેલો તે એવી તો ચીસો પાડે છે કે માનવજાતના સાંભળવામાં આવે તો હાર્ટફેલ થઈ જાય. માટે નશ્વર સાધનો દ્વારા મેળવાતા સુખો તરફ વિરાગ ભાવ લાવી વિરાગની મસ્તીમાં રમતો થઈ જા. પછી જોજે કે તને કેવો આનંદ મળે છે. અવિનાશી સુખનો કેવો ભોક્તા બને છે પણ....સબુર ! વિરાગ ભાવ આવશે કઈ રીતે ? જો નજરસામે એ...મઝાના માનેલા સાધનોનું પડદા પાછળ અટ્ટહાસ્ય કરી રહેલું ભયાનક સ્વરૂપ દેખાશે તો.....

માટે વિરાગની મસ્તી માણવા એ....મઝાની, ભયાનકતાને નજર સામે રાખવાનું ભુલતો નહિં !!

વિષયો તો જગતમાં ચારે બાજુ પથરાયેલા
છે. એટલે તમે ભાગીને ક્યાં જશો ?
માટે બચવાનો એકજ માર્ગ છે કે
વિષયોની વિષમતાનું જ્ઞાન મેળવો,
અને તે પણ સામાન્ય નહિ
સમ્યગ્જ્ઞાન.

# કો....પી....

સરસ....! ઘણું સરસ....! બહુ સરસ...! તમે બધા કોપી કરો છો ? ભલે સુખેથી કરો....

કોપી કર્યા પછી એ કોપીને આંખની સામે રાખી બરાબર વાંચજો. ફરી ફરી વાંચજો, મનન અને ચિન્તનપૂર્વક વાંચજો, અને એની ત્રીજી કોપી હૃદયમાં કંડારજો.

જીવ જગતના સર્વ પદાર્થોની કોપી કરતો આવ્યો છે. પણ એ કોપીએ કાળા કામો કરાવડાવી જીવનમાં કાળો કેર વર્તાવી દીધો છે.

અરે....? શું કહું ? નથી શાન્તિથી રહેવા દેતી. નથી તો સુખેથી ખાવા દેતી. આરામને હરામ કરી નાખ્યો છતાં એ કોપીનો કેફ એટલો ચઢી ગયો છે કે જીવ કોપી કરવાનું છોડતો નથી. માર ખાવા છતાં કોપીને ટોપી બનાવી માથે પહેરીને રૂઆબથી ફરતો હોય છે.



www.jaintatvagyanshala.org

જ્યાં સુધી આત્મ કલ્યાણના સાચા માર્ગને પામવા માટેના પદાર્થોની જ્ઞાનથી યુક્ત કોપી કરવામાં નહિ આવે ત્યાં સુધી દુન્યવી ફીલ્મના નિર્માતા કર્મરાજા તમારૂં શુટીંગ ઉતારી જરૂર નચાવતો રહેશે.

હવે જાગ્યા હો તો "જાગ્યા ત્યારથી સવાર" માનીને સાચા સુખને પામવા અને શાશ્વત ધામમાં પહોંચવા આત્મોન્નતિના રાહની કોપી કરવાનું ચાલુ કરી એ રાહ પર ડગ ભરવાનું ચાલુ કરો.........

સન્માર્ગની કોપી કાપે **કર્મકઠીન**, ઉન્માર્ગની કોપી કરાવે કર્મકઠીન.

જીવનને સુધારવા માટે ઘણી સહનશીલતા કેળવવી પડશે.

અંતરમાં ડુબકી મારવી પડશે. સુંવાળી વૃત્તિઓ ખસેડવી પડશે, પળેપળ સાવધાન રહેવું પડશે, અને આવતા પ્રલોભનોને ફગાવી દેવા પડશે.



# મનની નબળાઇ

એ........ ભાઈની ઓછામાં ઓછી ૮૦-૮૫ વર્ષની ઉંમર હશે. ચાલવામાં ઉઠવા-બેસવામાં દરેક પ્રવૃત્તિમાં પરાધિનતા આવી ગઈ હતી. મનથી મરી પરવાર્યા હતા.

ત્યાં અચાનક બુમાબુમ સંભળાઈ, બિલ્ડીંગના લોકો દોડાદોડ કરવા લાગ્યા, બિલ્ડીંગમાં આગ લાગી હતી. આગના સમાચાર મળતાંજ પેલા વૃદ્ધભાઈ પણ ભયના માર્યા પાંચ માળના દાદરા ઉતરી નીચે આવ્યા.

જેનામાં કલાક પહેલાં પલંગમાંથી ઉભા થવાની શકિત ન હતી, બે નોકરો હાથ પકડી ઉભા કરે ત્યારે ઉભા થતા હતા. તેજ ભાઇ અત્યારે કોઈનીયે સહાય વિના દોડતા-દોડતા નીચે ઉતરી ગયા તો આવી શક્તિ કયાંથી આવી ?

આત્માની અનંત શક્તિ છે પણ મનની નબળાઇએ જ એની સર્વશકિત દબાવી દીધી છે. માટે મનની ઢીલાસ નબળાઇ છોડીને આત્માની અનંત શકિતને પ્રગટ કરવા પુરૂષાર્થી બનીએ. ★

# જીવન અને ધર્મ

જીવન અને ધર્મ પરસ્પર સંલગ્ન રહેલા છે. ધર્મ વિનાનું જીવન શુષ્ક અને નિરસ બને છે. જીવનને ઉત્તમ જીવન બનાવવા ધર્મનોજ સર્વશ્રેષ્ઠ ફાળો રહેલો છે.

સુખો મેળવવાની ઇચ્છાવાળો માનવી ધર્મને બાજુ પર મુકીને જો સુખી બનવા ચાહતો હોય તો ખરેખર એ સુખી બની શકતો નથી, કદાચ તેને ફ્લેટ–ફેમિલી–ફીયાટ્ નું સુખમળી જાય છતાં એ સુખ એના આત્માને શાન્તિ આપવાવાળુ બનતું નથી. જીવનની સુંદરતાનું સર્જન કરવા અસમર્થ બને છે અને કોઇક સામાન્ય દુઃખની એકજ ચીનગારી પડતાંની સાથે એ.... સુખ બળીને ભસ્મ થઈ જાય છે.

સુખ મેળવવાની લાલસાએ એને અંધ બનાવી દીધો છે. એની નજર સામે સુખ મેળવવાની ભાવનાના રોલ ફરતા હોય છે અને એની ખાતર પોતાના સત્વનું ! સમયનું ! જીવનનું ! ઘોર લીલામ કરી નાખે છે.

દુઃખ ગમતું નથી.... સુખ મળતું નથી. જે માર્ગો વડે દુઃખનું સર્જન થાય છે તેવા માર્ગો છોડવા નથી ! સુખનું સર્જન કરવાવાળા રસ્તાઓને અપનાવવા નથી ! તો દુઃખ દૂર કરવાના અને સુખ પ્રાપ્ત કરવાના અરમાનો સેવવા એ શું ? મહામુર્ખતા નથી ?

પાપાચરણથી દુઃખ ઉત્પન્ન થાય છે, પુણ્યથી સુખ મળે છે, એવું સમજવા – જાણવા છતાં પાપાચરણથી દૂર થવું નથી. પુણ્યોપાર્જન કરવું નથી તો જીવનમાં ઉંડાનિશ્વાસ અને વેદનાના વલોપાત સિવાય કશું મળશે ખરૂં ?

દુકાન કરવી નથી. ધંધો–સર્વિસ કરવી નથી. અને ધન જોઇએ છે. તો આવી પરસ્પર વિરોધાભાસ-વાળી વાત બંધ બેસતી થશે ?

શરીરને સાચવવા–સંભાળવા માટે ધનની જરૂર પડે છે, તેમ આત્માને સાચવવા માટે પણ ધર્મની એટલીજ આવશ્યકતા છે. અરે.... ધન મેળવવા માટે પણ ધર્મની જરૂર પડે છે.

પરંતુ કળીયુગનો માનવી બાહ્ય સુખનું સુટીંગ કરી રહ્યો છે. જેમ–જેમ સુટીંગ કરતો જાય છે તેમ–તેમ પડદા પાછળ આત્માની સુંદરતાનું જીવન સૌરભનું કટીંગ થતું જાય છે, પછી જ્યારે એ......

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
સુટીંગનો હોલ ખોલે છે, ત્યારે વ્હાઈટ પડદા ઉપર સિન પડવાને બદલે રોલના ટુકડાજ નીચે પડે છે.

સુટીંગ વખતે ફરીફરીને કરેલી આવૃત્તિ, ફરી-ફરીને કરેલા પ્રયત્નો પાણીમાં વહ્યા જાય છે. સંસારના સુખ પાસે કંસાર ખાવાની આશા રાખેલી છતાં સુખનો ભંગાર પણ હાથમાં આવતો નથી.

ખેદ તો એ વાતનો થાય છે કે આજનો માનવી જે સુખ અને શાન્તિ મનમાં સમાયેલા છે તેને મકાનમાં શોધે છે તેથી જ સંપૂર્ણ જીવન વીતી જવા છતાં સુખ ભોગી બની શકતો નથી.

એકજ પ્રશ્ન તમને પુછુ છું........! આજે જન્મભૂમિ છોડી ને? સ્વજન-પરિવાર છોડીને પરદેશમાં શા માટે જવુ પડે છે ? માભોમથી હજારો માઈલ દૂર શા માટે વસવું પડે છે ? આનો એકજ જવાબ છે જીવનમાં ધર્મનો સહારો નથી. ધર્મથી મળતા પુણ્યનું ઉપાર્જન નથી, અને તેના માટેનો પુરૂષાર્થ નથી એટલેજ તો એરકંડીશન રૂમમાં ઠંડક નથી મળતી. સાઉન્ડ પ્રુફ રૂમમાં શાન્તિ નથી મળતી.


www.jaintatvagyanshala.org



# ધર્મ અને ધર્મજ્ઞાન

ધર્મ અને ધર્મજ્ઞાન સિવાય સાચી વસ્તુની કદર કરી શકાતી નથી. સાચી વસ્તુની કદર થાય નહિ ત્યાં સુધી સંસારના ભોગ-વિલાસી સુખ તરફની દૃષ્ટિ બદલાતી નથી. સંસારના માનેલા સુખમાંજ રાચતો હોય છે.

ઉદયપુરના મહારાણાની પટ્ટરાણીનો વર્ષોથી ખાલી પડેલો ખોળો આજે ભરાયો હંતો. સર્વ સંપત્તિના મખમલી સહવાસમાં અપુત્રિઆનું વધુ અકારૂ લાગતુ હતું. મુલાયમ સુખ પણ કાંટાની જેમ ખુંચતુ હતું પરતું....વર્ષોથી આશા-નિરાશા વચ્ચે ઝોલા ખાતા-ખાતા આજે આશાનું કિરણ પ્રકાશમાન થયું હતું. વંશનો વારસદાર આજે મહારાણીનો ખોળો ખુંદી રહ્યો હતો. રાજ પરિવારમાં આનંદની અવધિ રહી ન હતી. રાજ્યની જનતામાં પણ હર્ષની છોળો ઉછળી રહી હતી.

મહારાજાએ પુત્રજન્મ મહોત્સવ ખૂબ ઠાઠથી ઉજવ્યો. ઉત્સવનો આનંદ રાજ્યના ખુણે-ખુણે

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
પહોંચાડવા માટે ભોજન સમારંભનું આયોજન કર્યું ભોજન માટે શેઠ-સાહુકારથી માંડીને આદિવાસી-ભીલો સુધી સર્વને આમંત્રણ આપવામાં આવ્યું.

આદિવાસી-ભીલ લોકો માટે જમવાની અલગ વ્યવસ્થા કરવામાં આવી. જમણમાં શીરો અને ચોખા બનાવવામાં આવ્યા હતા.

ઉદયપુરના રાજમાર્ગો અને નાના-નાના રસ્તાઓ માણસોથી ઉભરાયા છે, બહારથી આવતા બીજા લોકોનો એટલોજ ધસારો ચાલુ હતો, પ્રત્યેકના મુખમાંથી અને મનમાં મહારાજાની ઉદારતાના અને રાજપુત્રને શુભઆશિષના વેણ નીકળી રહ્યા હતા.

ભોજનનો પ્રારંભ થઈ ગયો હતો આદિવાસી ભીલોના અલગ ડીપાર્ટમેન્ટમાં પંગત નંખાઈ ગઈ હતી. બધાને ગરમાગરમ શીરો પીરસવામાં આવ્યો. હંમેશા રોટલાને ચટણી ખાવાવાળા ભીલોને પીરસવામાં આવેલો શીરો કાચા અને ભીના લોટ જેવો લાગ્યો. આવા ભોજનથી પોતાનું અપમાન સમજીને ખાધા વગર એક પછી એક ઉભા થવા લાગ્યા.

મંત્રીશ્વરને ખબર પડતાંજ તેઓ ભીલો પાસે દોડી આવ્યા અને પુછ્યું અરે.... ભાઇઓ....? ભોજન કર્યા વગર કાં ઉઠી ગયા ? શું તમારૂં કોઇએ અપમાન કર્યું ?


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

થોડા ગુસ્સામાં આવેલા ભીલો બોલ્યા "શું અમને અહિં ગાય-ભેંસના પોદળા ખાવા બોલાવ્યા હતા ? નહિ.... નહિ... અમારે આવું ભોજન નથી ખાવું. અમે ધાર્યું હતુ કે મહારાજાનું આમંત્રણ છે એટલે સરસ મઝાના મકાઈના રોટલા અને ચટણીનું ભોજન મળશે પણ.... એના બદલે છાણ જેવું ભોજન મળ્યું" લ્યો........ ત્યારે આવજો.......

જતા એવા ભીલોને રોકીને મંત્રીશ્વરે બેસાડયા અને મકાઈના રોટલા-ચટણીનું ભોજન કરાવડાવી ભીલોને ખુશ કરી વિદાય આપી....

મૂલ્યવાન જીવનની કિંમત સમજવા માટે પણ જીવનની સાથે-સાથે ધર્મજ્ઞાન અને ધર્મનું આચરણ જોઈશે.

જીવન સાથે ધર્મ એકમેક બની જતાં દુઃખના સમયમાં પણ હાયવોય કરવાનો વખત નહિ આવે. માનસિક સમતોલપણું પણ જળવાઈ રહેશે.

મીઠા વગરનું ભોજન આકર્ષક હોવા છતાં ભોજન સમયે આનંદ આપી શકતુ નથી તેમ ધર્મ વગરનું જીવન ગમે તેવું મેક-અપ કરવા છતાં સુંદર બની શકતું નથી.

માટેજ........

જીવનને સુવાસમય બનાવવા માટે ધર્મનું સિંચન કરવું આવશ્યક છે. ★



www.jaintatvagyanshala.org

# મૂલ્યવાન ચીજ

જોરદાર હલ્લો કરીને એક રાજાએ બીજા રાજાના નગર ઉપર વિજયપતાકા ફરકાવી.

જીતાયેલા શહેરમાં આનંદની કીકીયારીઓ કરતાં પ્રવેશ કર્યો.

પણ.... પ્રવેશ કરતા પહેલા રાજાએ આખા નગરમાં ઢંઢેરો વગડાવ્યો કે નગરમાં રહેલી સ્ત્રીઓને હું અભયદાન આપુ છું માટે અમારી સેના નગરમાં પ્રવેશ કરે તે પહેલા તેઓ નગરની બહાર નીકળી જાય અને તેઓને પોતાની સાથે પોતાની કિંમતી મૂલ્યવાન ચીજ લઈ જવાની છુટ છે.

રાજાનો હુકમ થતાજ વિના વિલંબે નગરની સ્ત્રીઓ પોતાની કિમતી ગણાતી ચીજો ખભે નાખી નીકળવા લાગી.

નગરની બહાર નીકળતી સ્રીઓને કિમતી ચીજ લઈ જતી જોઈ રાજા દિગમૂઢ બની ગયો અને તરત બોલ્યો"

અરે.... મેં સ્ત્રીઓને અભયદાન આપ્યુ છે પુરૂષોને નહિ ! તમે ખભા ઉપર પુરૂષોને બેસાડી કેમ લઈ જાવ છો ?

સ્ત્રીઓએ ઠંડા કલેજે જવાબ આપ્યો, રાજન ! મૂલ્યવાન ચીજ લઈ જવા આપની આજ્ઞા છે માટે અમારે મન મૂલ્યવાન ચીજ બીજી શું હોઈ શકે ? એટલેજ અમે અમારા પતિને મૂલ્યવાન ચીજ સમજી ખભા ઉપર બેસાડી લઈ જઇએ છીએ.

માનવ જીવનમાં જીવનના સુંદર ઘડતર માટે અયોગ્ય માર્ગોથી સુરક્ષા માટે મૂલ્યવાન ચીજ હોય તો ધર્મ છે માટે એ કિમતી ચીજને લેતા ભૂલશો નહિ.

સુખી અને ગરીબ સાધુ બન્યા બાદ સુખી–ગરીબપણાનો ભેદભાવ ભુલીને સાધના કરે ત્યારેજ એ સાધનાની સિદ્ધિ બની શકે છે.



# ચતુરાઇના ભોગે

એક ચતુર અને હોંશિયાર કારીગરે આબેહૂબ સપ્રમાણ પોતાની મૂર્તિ બનાવી. મૂર્તિ એવી અસ્સલ બનાવી હતી કે લોકો તેનેજ કારીગર સમજી લેતા.

કારીગરને લાગ્યું કે લોકો મારામાં અને મૂર્તિમાં અસલી–નકલીનો ભેદ પકડી શકતા નથી પણ.... હવે હું યમરાજને ઠગું.

ત્યારબાદ તેણે બીજી દશ–બાર એવીજ આબેહૂબ પોતાની મૂર્તિઓ બનાવી.

કારીગરને જ્યારે યમસદન જવાનો વખત આવ્યો ત્યારે તે એક પોલાણવાળી મૂર્તિમાં ભરાઈ ગયો. યમદૂતો તેને લેવા આવ્યા પણ મુંઝવણમાં પડી ગયા કે, આમાં કોણ સાચો કારીગર છે ? તરતજ તેમને એક યુક્તિ મળી ગઈ !

તેઓએ કારીગરના વખાણ–પ્રસંશા કરવી શરૂ કરી "વાહ ! શું કારીગરી છે ? અજબ એની બુદ્ધિ

છે, અરે ! ભલભલા એની શીલ્પકલા આગળ પાણી ભરે. છતાં આ મૂર્તિઓમાં એક ભુલ રહી ગઈ છે.

ભુલની વાત સાંભળતાંજ કારીગર પોલાણવાળી મૂર્તિમાંથી સફાળો બહાર આવ્યો અને બોલવા લાગ્યો, "કયાં ભુલ રહી ગઈ છે? શું ખામી છે મૂર્તિઓમાં ?"

યમદૂતો બોલ્યા "તારા અમારી પાસે સીધા ચાલ્યા આવવાના ડહાપણમાં...."

અને... પોતાની ચતુરાઈના ભોગે કારીગર યમસદનનો અતિથિ બન્યો.

માનવીમાં અદ્ભૂત શક્તિનો ભંડાર ભર્યો છે, પણ તે શક્તિઓને પચાવવામાંજ જીવનનું ઉત્થાન સમાયેલુ છે, એનું અજિર્ણ એનાજ નાશનું કારણ બને છે.

# વાણી અને વર્તન

પંડીતજી મહાભારતની કથાનું પ્રવચન કરી રહ્યા હતા. શ્રોતાઓ પ્રવચનનું પાન કરવામાં મશગુલ હતા.

એક દિવસ કોઇક લુંટારો ફરતાં-ફરતાં પ્રવચનમાં આવી ચઢયો. એ સમયે પંડીતજી કહી રહ્યા હતા કે, જીવનની ઉત્તમતા સાધવા માટે, "ક્ષમા-પરોપકાર દયા વિગેરે ગુણો લાવવા જોઇએ. માર ખાવાનો પ્રસંગ આવી જાય ત્યારે પણ સમતા ધારણ કરવી જોઇએ".

કથાનો આ અંતિમ દિવસ હતો. મહાભારતની પૂર્ણાહુતિ થઈ ગઈ. શ્રોતાજનો પોતપોતાની યથાશક્તિ દક્ષિણા આપી વિદાય થયા. ત્યારે બીજી તરફ પંડીતજી પણ દક્ષિણામાં મળેલા રૂપિયા, કપડા, ફળ-અનાજ વિગેરેનું પોટલું બાંધી પોતાના ગામ જવા ચાલી નિકળ્યા.

પેલા લુટારાએ પણ પંડીતજીને દક્ષિણામાં મળેલી સર્વ વસ્તુ જોઇ-યાદ રાખી. પંડીતજીની પાછળ-પાછળ ગયો. ગામની હદ પુરી થતાં જ લુંટારો પંડીતજીની સામે આવી તાડુક્યો.

"પંડીતજી ! જે માલ હોય તે ચુપચાપ મુકી દયો.... નહિતર.... આ ડાંગ તમારી સગી નહિ થાય !!

પંડીતજી પણ કાંઈ ગાંજ્યા જાય તેવા ન હતા. જમાનાના ખાધેલ હતા. એમની પાસે જાડી અને મજબુત લાકડી હતી તે બેય હાથે પકડી ઉંચી કરી ખરાડ્યા, "માલ જોઈતો હોય તો આવ નજીક, તારી લાકડી મને સગી નહિ થાય તો મારી લાકડી પણ તને સગી નહિ થાય, સમજ્યોને ?

પંડીતજીની પ્રેત જેવી મુખાકૃતિ જોઈ લુંટારો ઠંડોગાર થઈ ગયો અને પગે પડી બોલ્યો, પંડીતજી! તમે પ્રવચનમાં કહેતા હતા કે, માર ખાવાનો વખત આવે ત્યારે સમતા ધારણ કરવી, તો અત્યારે તમે ગુસ્સે થઈ મારવા કેમ તૈયાર થઈ ગયા ?"

પંડીતજી બોલ્યા, "અહિંસાની સાથે-સાથે મહાભારતના યુદ્ધની વાત પણ કરી હતી. દુષ્ટો સામે છોડાતા અર્જુનના બાણોની વાત પણ કહી હતી તે યાદ છે ? પોતાની ભુલ સમજેલા લુંટારાએ ક્ષમા માગી, વિદાય થયો."

વાણીના શ્રવણ પછી તેને ગેરવર્તનમાં મુકવાથી મારખાવાનો જ વખત આવે છે, માટેજ શ્રવણ કરાયેલી વાણીના અર્થને સત્ય સ્વરૂપે વિચારી જીવનની ઉત્તમતા સાધવા પુરૂષાર્થ કરવો જોઇએ. ★



# લો...ભ....

શેઠ ઘણાંજ લોભી અને સ્વાર્થી હતા. પોતે જીવનમાં ક્યારેય સારૂ ખાવાનું કે પહેરવાનું સમજ્યા ન હતા. પછી પરિવારના સભ્યોને સારૂ ખાવા-પીવાની કે પહેરવા-ઓઢવાની વાતજ ક્યાંથી હોય ? અને.......ધર્માદામાં ખર્ચ કરવાની વાત આવે એટલે માંદાજ પડી જાય. પણ........"લોભે મળિયા ઠગ ઝાઝા" ની કહેવત અનુસાર શેઠને એવોજ પ્રસંગ બની ગયો.

એક દિવસની વાત છે. વ્યાજખાઉ શેઠના ઘેર એક ઠગ માણસ આવ્યો, અને શેઠને કહ્યું શેઠજી ! મારે ત્યાં શુભ પ્રસંગ છે માટે થોડા વાસણો ભાડેથી જોઇએ છે. શેઠે તેને જોઇતા વાસણો ભાડેથી આપ્યા.

પેલા ઠગે ત્રણ-ચાર દિવસ ઘરમાં રાખી મુકી પાંચમે દિવસે થોડા નાના નાના વાસણો ઉમેરી શેઠના વાસણો પાછા આપવા ગયો. શેઠે વાસણો ગણ્યા તો વધારે થયા એટલે શેઠે પુછયું ભાઈ ! આ નાના-નાના વાસણો વધારે કેમ છે ?

"શેઠજી ! એ તો તમારા વાસણે આ નાના વાસણને જન્મ આપ્યો છે, એટલે વધારે છે." ઠગ બોલ્યો.

વધારે લાંબુ-ટૂંકું કર્યા વગર લોભી શેઠે વાસણો ઘરમાં પધરાવી દીધા.

થોડા દિવસ વિત્યા ન વિત્યા ત્યાં તો પેલો ઠગ ફરી શેઠ પાસે આવ્યો અને કહેવા લાગ્યો "શેઠજી ! મારે ત્યાં ઘણોજ મોટો પ્રસંગ છે અને એ પ્રસંગ માટે મારે થોડા ચાંદી-સોનાના વાસણો જોઇએ છે, આપને ભાડું જે લેવું હોય તે લેજો.

શેઠ વિચારવા લાગ્યા, ચાંદી-સોનાના વાસણનું ભાડુ વધારે આવશે ઉપરથી વાસણો વધારે થઇને આવશે એ નફામાં......

શેઠે કિંમતી વાસણો ઠગને કાઢી આપ્યા........

ઘણાં દિવસો થઈ જવા છતાં જ્યારે પેલા ભાઈ વાસણો દેવા પાછો ન આવ્યો એટલે શેઠ ઉંચા-નીચા થવા લાગ્યા. બીજાજ દિવસે શેઠ ઠગના ઘેર પહોંચ્યા અને દૂરથીજ બરાડયા, "અલ્યા ! આટલા બધા દિવસો થવા છતાં વાસણો આપવા કેમ ન આવ્યો. હજી તારો પ્રસંગ નથી પત્યો ?"

અરે શેઠજી ! શું કહું ? કહેતા ઘણોજ ખેદ

થાય છે. ઠગની વચ્ચેથીજ વાત કાપતા શેઠ આવેશમાં બોલ્યા, "તારે મારા કિંમતી વાસણો પચાવી પાડવા છે ? વાયડા વેડા કરવાની જરૂર નથી, મારા વાસણો કાઢી આપ."

પણ.......શેઠજી ! આપના વાસણો પચાવી પાડવાની મારી વૃત્તિજ નથી. આપવા નહિ આવવાનું કારણ એકજ છે કે, આપના વાસણો મરણ પામ્યા છે.

અરે.......વાસણ તે કાંઈ મરતા હશે ? વધી ગયેલા છાતીના ધબકારાથી ઉંચો શ્વાસ લેતાં શેઠ બોલ્યા.

શેઠજી ! જો વાસણો વાસણને જન્મ આપે તો વાસણનું મરણ કેમ ન થાય ? જન્મે એતો અવશ્ય મરેજ, અને બીજી પણ એક વાત, તમારા જે વાસણો મરી ગયા એનો સ્મશાનદાહ ખર્ચ, બારમું કર્યાનો ખર્ચ મેં કર્યો છે તેના રૂા. તમારે આપવા પડશે.

શેઠ એવા તો સલવાઈ ગયા કે કાંઈ બોલી શક્યા નહિ અને એવી પરિસ્થિતિમાં મુકાઈ ગયા કે કાપો તો લોહી ન નિકળે.

પહેલા વધારે વાસણ લેવાનો લોભ ન કર્યો હોત તો આવો પ્રસંગ ન આવત.

પાપનો બાપ એવા લોભનો ત્યાગ કરી ઉદાર બનો અને "લોભ" ઉલ્ટાવી "ભલો" બન. ★

# ★ ★ ★ પુરુષાર્થ

ફાટફાટ થતી યુવાનીમાં આંખને આનંદ આપનારા સિનેમા-નાટકો જોવા ઉપર "પ્રતિબંધ" મુકવો. કાનને પ્રિય સિનેગીતો, ઉન્માદ જગાડનારા ગીતો ઉપર "સેન્સરશીપ" લગાડવી. નમણી નારીના મુલાયમ સહવાસમાં "ઈમરજન્સી" જાહેર કરવી. પાંચ-પાંચ ઇન્દ્રિયોના થનગનતા ઘોડાઓને "મીસા" હેઠળ જેલ ભેગા કરી દેવા. અસ્થિર બનેલા આત્માના રાજસિંહાસનને સ્થિર કરવું, તે વીરલ આત્માઓના લલાટેજ લખાયેલું હોય છે.

જીવનના સાચા રાહને ભુલભલામણીમાં નાખી દે તેવા આજના આધુનિક જમાનામાં ત્યાગનો પંથ અપનાવવો વિસ્મયકારક લાગે છતાં....

વૈજ્ઞાનિક યુગનો માનવી તેના ફળદ્રુપભેજામાંથી રોજ-બ-રોજ નવું-નવું સર્જન કરતો હોય છે તેમાં તેમનો અથાગ પુરૂષાર્થ-પરિશ્રમ તલ્લીનતાનોજ મુખ્ય ભાગ છે.

માનવી માટે કોઈ કાર્ય ન બનવા લાયક કે અશક્ય કશુજ નથી. તે જે કરવા ધારે તે કરી શકે છે. પણ, તેના મનની દુર્બલતા, પુરૂષાર્થનો અભાવ, કાર્યની સિદ્ધિના અવરોધક છે.

પુરૂષાર્થની પ્રચંડ તાકાતજ સાધનાની સિદ્ધિ કરાવે છે.

# જીવન અને મરણ

જેણે જીવનની સુંદરતા સાધી નથી તેના મરણની વેળા દુઃખદ બને છે. હાય-વોય વિનાનું, વલોપાત વગરનું મરણ ત્યારેજ બની શકે છે કે જીવનની એકએક પળ સન્માર્ગે ખર્ચી હોય. જીવનના સારા-નરસા પ્રસંગો-ઘટનાઓ, આચાર-વિચાર અને વર્તનોની અસર મરણ ઉપર અવશ્ય પડે છે અને તેથી મરણ સમાધિ-અસમાધિવાળુ બને છે.

ઇન્દ્રિયોના ગુલામ બનીને ઉત્તમ જીવનને પાણીના મૂલ્યે વિષય-વાસનાઓને વેચી નાખનારનું જીવન અને મરણ દુઃખદાયી બને છે એટલેજ કહેવું પડશે કે, "જીવન જીવતાયે ન આવડયું અને મરતાયે ન આવડયુ."

પેલા શેઠાણીની જેમ........

પૈસે-ટકે શેઠ સુખી હતા. મોટા બંગલામાં શેઠ-શેઠાણી બેજ જણ રહેતા હતા. લાંબી જંજાળ હતી નહિ.

શેઠ સ્વભાવે સીધા-સરલ અને મનમોજી! પણ.... શેઠાણી ભારે હલવલીયા, વાતવાતમાં વાતનું વતેસર કરી નાખે. કામના ચોર એટલે શેઠ તરફથી કાંઈક વધારે આજ્ઞા થાય કે તરત પેટમાં આફ્ળો ચઢી જાય. ઈ.... તો.... ઠીક પણ આવડે કાંઈ નહિ ને બધી વાતમાં પારંગતપણું પ્રગટ કરે, અને શેઠ ભુલેચૂકે બોલી જાય કે તને એ બનાવતાં નહિ આવડે! પછી તો શેઠાણી તાડૂકીને શેઠની લેફ્-રાઇટ... લેવા માંડે.

એક દિવસની વાત છે. શેઠના ખાસ મિત્રો શેઠને ત્યાં આવવાના હતા, એટલે મિત્રો આવવાની અને જમવા માટે રસોઈ બનાવવાની સુચના શેઠાણીને આપી.

આખા ગામને નોતરા આપતા ફરો છો ! તમારે ઠીક છે ચુલાના ધુમાડા મારે ખાવા પડે છે !!

લ્યો.... હવે નોતરૂ આપી આવ્યા છો તે હવે કાંઈ ના પડાશે ? બોલો.... શું રસોઈ બનાવવાની છે ? શેઠાણીએ મૂળ સ્વભાવ પ્રગટ કર્યો.

શેઠ બોલ્યા, "ઝાઝી રામાયણ કરવાની જરૂર નથી. જમવામાં શીરો, પુરી, ભજીયા અને એકાદ શાક બનાવી નાખજે.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

શેઠાણીએ શીરો બનાવવાનું કામ ચાલુ કર્યું. અને શેઠ કામ પ્રસંગે બજારમાં ચાલ્યા ગયા.

શેઠ બે કલાકે બજારમાંથી ફરીને ઘરે પાછા આવ્યા અને જોયુ તો.... શેઠાણી હજી શીરો હલાવતા હતા. શેઠ કહેવા લાગ્યા, "અરે....! હજી તું શું કરે છે ? ૧૫ મિનિટમાં શીરો બની જાય તેના બદલે બે-બે કલાકથી શીરો હલાવ્યા કરે છે ?"

પણ.... બરાબર કઠણ થાય એટલે ઉતારૂ ને ? શેઠાણીએ જવાબ આપ્યો.

શેઠાણીની અણઆવડત અને વિચિત્ર સ્વભાવ ઉપર રોતા વિચાર કર્યો, લાવને પહેલા શીરાનો સ્વાદ હું લઈ જોઉં, નહિતર મિત્રોમાં મારી આબરૂનું લીલામ થશે !

અને.... શેઠ થાળી લઈ જમવા બેઠા. શીરામાં હાથ નાખ્યો ત્યાં તો બધા આંગળા ચીપકી ગયા. ગરમ-ગરમ શીરાથી બળ્યા એ નફામાં.

શેઠ કહે "આ.... તે શીરો બનાવ્યો છે કે ગુંદ ?" મને ખબરજ હતી કે તને શીરો બનાવતા નહિ આવડે !"

હા.... હા.... બધુ તમને જ આવડે છે. બેસવુ



www.jaintatvagyanshala.org

તું ને ચૂલા ઉપર ? ગામની પંચાત કરવા શું કરવા ગયા હતા.

શેઠ શીરાનું કડાયુ લઈ શીરો ફેંકવા ઉભા થયા, ત્યાં શેઠાણીનું પોઈન્ટ ઓફ ઓડર થયો, હવે બેસો તમે, હું નાખી આવું છું.

મને જ જવા દેને માથાફોડ કર્યા વગર તને શીરો બનાવતા ન આવડયો તેમ નાખતાયે નહિ આવડે.

લાંબુ ભાગવત કરવાની જરૂર નથી બેસો ! અને.... શેઠાણી શીરો લઇને ઉપડયા ફેંકવા. નીચે જવાને બદલે અગાશીમાં ગયા. નીચે નજર કર્યા વગર જ ઉંધુ ઘાલીને કડાયું ઉંધુ વાળ્યું.

શેઠની વાત ખરેખર સાચી પડી. શેઠાણીને શીરો નાખતા ન જ આવડયો.

કામ માટે કોઈ સરકારી અધિકારી સરદારજી ત્યાં આવ્યા હતા અને નીચે ઉભા હતા. એવા ટાંણે શેઠાણીનો ગરમાગરમ શોરો નીચે પડતા સીધો સરદારજીની લાંબી દાઢીમાં ભરાઈ ચોંટી ગયો.

ગરમાગરમ શીરો દાઢીમાં પડતાજ સરદારજીની દાઢી બળવા લાગી એટલે સરદારજીએ બુમાબુમ કરી મુકી.

---

"અએ.... કિસને ગરમ આટા ડાલા ! અરે.... મેરી દાઢી ઝલ ગઈ, પાની લાવ, પાની લાવ." સરદારજી પાણી માટે આમ-તેમ દોડવા લાગ્યા.

સરદારજીની બુમાબુમ સાંભળી શેઠ બાલ્કનીમાં આવ્યાને જોયુ તો સરદારજીની દાઢી શીરાથી ભરેલી હતી. ઘડીવાર તો શેઠનેય હસવુ આવી ગયુ પણ પછી શેઠાણીની અક્કલ ઉપર રોવા લાગ્યા.

શેઠાણી નીચે આવતાજ શેઠ ઉધડો લેવા માંડ્યા જો.... નીચે તારા નામની હોળી સળગી એ ! મોટી અભિમાનનું પુંછડુ થઈને ફરે છે. મેં પહેલાથી કહ્યું હતુ કે તને શીરો બનાવતા નથી આવડયો તેમ ફેંકતા પણ નહિ આવડે.

ચલ હવે ? હું કહું તેમ કર ! નહિતર.... સરકારી અધિકારી સરદારજી કાંઈક આડુઅવળુ કરશે તો મારી આબરૂના રેવડીદાણા કરી નાખશે ગાંડી થઈને જેમ-તેમ બોલવા માંડ...

સરદારજી ધુંઆકુંઆ થતા ઉપર આવ્યા અને શેઠને ધમકાવવા લાગ્યા.

કયોં શેઠજી ? અક્કલ-બક્કલ કા કુછ ઠીકાના હૈ કી નહીં. બીના દેખે કુછ ન કુછ ડાલતે હી રહતે હો ?

અરે.... સરદારજી ! ઐસા હમ વિવેકહીન નહીં હૈં, એ તો શેઠાણી થોડી પાગલ હૈ ઉસને યહ ભુલ કર દિયા હૈ, માફ કરના.

શેઠાણીનું પાગલપણુ જોઈ સરદારજી આગળ કશું બોલ્યા વગર ઉતરી ગયા.

જેને જીવન જીવી જાણતા નથી આવડયુ તેનું મરણ અસમાધિયુક્ત બને છે (મરતા પણ નથી આવડતું).

મહાપુરૂષો—તપસ્વી મહાત્માઓના જીવન ખરેખર સંસારના પ્રત્યેક પ્રાણીઓ માટે પ્રેરણાદાયક—ઉત્થાનગામી હોય છે.

# સોબતની અસર

જંગલમાંથી એક પારધીએ બે પોપટના બચ્ચા પકડ્યા, અને ગામમાં આવી એક બચ્ચુ શેઠના ઘરે વેચ્યું અને બીજુ બચ્ચુ વાઘરીના ઘરે વેચ્યું. શેઠના ઘરનો પોપટ સારા વચનો બોલતા શીખ્યો.

એક વખત નગરનો રાજા શેઠના ઘર પાસે થઈને જઈ રહ્યો હતો ત્યારે શેઠનો પોપટ બોલવા લાગ્યો.

પધારો-પધારો આપના દર્શનથી આનંદ થયો.

નગરની બહાર નીકળતા કોટ પાસે વાઘરીનું ઘર હતું. રાજાને જતો જોઈ તેનો પોપટ બોલવા માંડ્યો-

સાલા ! લુચ્ચા ! લબાડ ! ચોર ! બહાર જા....

આમ બન્ને પોપટના વિચિત્ર વાક્યો સાંભળી રાજા આશ્ચર્ય પામ્યો. બાદમાં તપાસ કરતા જાણવા મલ્યું કે બન્ને એકજ પોપટના બચ્ચા-ભાઈ-ભાઈ છે.

રાજા મનોમન બોલી ઉઠયો ! ખરેખર સોબત તેવી અસર જીવ ઉપર પડે છે. ★

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



# કરવું હોય તે કરી લે

એક માણસ સ્નાન કરવાની ઈચ્છાથી સમુદ્ર કિનારે ઉભો હતો. ઘણો ટાઈમ થવા છતાં તે એમને એમ ઉભો રહેલો હોવાથી નજીકના એક ભાઈએ પુછયું "શુ વિચાર કરી રહ્યા છો ?"

પેલા માણસે કહ્યું "સ્નાન કરવાની ઈચ્છાથી ઉભો છું પણ આ સમુદ્રના મોજા શાન્ત પડે એટલે સ્નાન કરીને ચાલ્યો જાઉં."

ત્યારે તે ભાઈએ હસીને કહ્યું "ભલા માણસ ! સાગરના મોજા કાંઈ શાન્ત પડવાના નથી. માટે તારે જે કામ કરવું હોય તે કરી લે. આમ ઉભા રહીને રાહ જોવાથી તારૂ કાર્ય નહિ થાય."

માણસ મનમાં વિચારતો હોય છે કે હજુ ઘણી જીન્દગી બાકી છે. પ્રભુભક્તિ પછી કરીશું. અત્યારે તો સંસારનું સુખ માણવા દે. પણ તેને કયાં ખબર છે કે આ તોફાની દુનીયામાંથી કયારે વિદાય લેવી પડશે.

માટે આવેલી તકને ઝડપી લેવામાં લાભ છે. ★



www.jaintatvagyanshala.org

# ગધેડો અને બળદ

લક્ષ્મીના લોભણાં બે પંડીતજી એક ધનવાન ગૃહસ્થને ત્યાં ગયા.

તેમાં એક પંડીતજી મોઢુ ધોવા ગયા ત્યારે શેઠે બીજા પંડીતજીને પુછયું આપની સાથેના પેલા પંડીતજી બહુ વિદ્વાન લાગે છે ?

શું કહ્યું શેઠ ? એ વિદ્વાન છે એમ કહો છો ? અરે વિદ્વાનં શેનો. ગધેડો છે ગધેડો ! શેઠ મૌન રહ્યા.

પેલા પંડીતજી આવી ગયા પછી આ પંડીતજી મોઢુ ધોવા ગયા ત્યારે પહેલા પંડીતજી વિષે આ પંડીતજીને શેઠે પુછયું.

કેમ પંડીતજી. ઓલા મોઢુ ધોવા ગયેલા પંડીતજી તો ખૂબજ શાસ્ત્રના જાણકાર લાગે છે ?

અરે........શેઠ શું બોલ્યા ? એ તો અક્કલનો ઓથમીર બળદીયો છે બળદીયો.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

બન્નેની વાત શેઠે સાંભળી, [redacted] બન્ને પંડીતો જમવા બેઠા, એટલે શેઠે એક પંડીતજીના ભાણામાં ઘાસ પીરસ્યુ અને બીજાના ભાણામાં ભુંસુ મુકયું.

શેઠના આવા વર્તાવથી બન્ને પંડીતો હેબતાઈજ ગયા અને પુછયું શેઠ ! ભોજનના બદલે આ શું પીરસ્યું ?

કેમ વળી ? તમે તમારા બન્નેનો પરિચય કરાવ્યા તે મુજબ ભોજન પીરસ્યુ છે. માટે જમી લ્યો; અને...પંડીતો શરમાઇ ગયા.

બ્રહ્મચર્યની પ્રચંડ તાકાત અને તપના તેજથી ઝળહળતા ઓજસ્વી દેહનું દર્શન આધિ-વ્યાધિ-ઉપાધિથી ઉભરાયેલા હૃદયના ઉભરાને શમાવવાનું કામ કરે છે.


www.jaintatvagyanshala.org

# અદેખાઇ

અમથાલાલ શેઠની પત્ની ખુબ અદેખાઈ વૃત્તિવાળી હતી. ઘરની ચીજ-વસ્તુ પોતે વાપરે પણ નહિ, વાપરવા દે પણ નહિ. ઘરમાં મહેમાન આવે તો ગમે પણ નહિ.

એક દિવસ શેઠના ઘરે પાંચ પરોણા આવ્યા. આગતા—સ્વાગતા કરી ૧૫ મિનીટમાં આવવાનું કહી કામ પ્રસંગે શેઠ બહાર ગયા.

આ તરફ શેઠાણી ચુલામાં પાંચ તાવીતા ગરમ કરવા મુકીને રડવા લાગી. મહેમાનોએ રડવાનું કારણ પુછતાં શેઠાણીએ કહ્યું "ભાઈ મને તમારી ખુબ દયા આવે છે. રે........ભગવાન તમારૂં શું થશે ?

પણ વાત તો કરો કે શાની દયા આવે છે ?

અરે શું કહું ? શેઠ કહેતા ગયા છે કે પાંચ તાવીતા ગરમ કરી રાખજે જમી લીધા પછી મહેમાનને ડામ દેવાના છે.

મહેમાનો તો ગભરાઈને જમ્યા વગરજ ગામ બહાર નાસી ગયા.

થોડી વારમાં શેઠ પાછા આવ્યા. મહેમાન નહિ જોતા પુછયું મહેમાન ક્યાં ? શેઠાણીએ કહ્યું નાસી ગયા. કેમ ? શેઠાણીએ કહ્યું, "મહેમાને તાવીતા ગરમ કરવાનું કહ્યું. મેં ના પાડી એટલે રીસાઇને ભાગી ગયા હશે !"

શેઠ તો હાથમાં તાવીતા લઇને મહેમાનને બોલાવવા દોડ્યા. ભાગોળે ઉભેલા મહેમાને શેઠને આવતા જોઈને ડરના માર્યા દોડવા લાગ્યા કે રખે ડામ દઈ દે.

શેઠે બુમ મારી. એ ઉભા રહો, તાવીતા લાવ્યો છું. પણ મહેમાન શાના ઉભા રહે. શેઠ થાકીને ઘેર પાછા ફર્યા ત્યારે જાણવા મલ્યું કે શેઠાણીએ ઉંધુ બાફ્યુ છે, તેના આ કારસ્તાન છે. હલકા સ્વભાવ-વાળા માણસો પોતાની હલકાઈ છોડતા નથી. આ કારણે અંતમાં દુઃખમાં આવી પડે છે.

જીવ પોતાની મોટાઇમાં, અભિમાનમાં, ઇચ્છાપૂર્તિઓ માટે સુખની સગવડતા ખાતર એવું તો પાપાચણ આચરી લે છે કે જેને ભોગવવાના સમયે પારાવાર વેદનાને આધિન થવું પડે છે.

# સલાહ

સૈનિક, બ્રાહ્મણ, પ્રવાસી અને તૈલી આ ચારે જણા એક રાજકુમારના મિત્ર હતા. પિતાના અવસાન પછી રાજકુમાર રાજા બન્યો અને રાજ-ગાદીએ આરૂઢ થયો. ત્યારે પેલા ચારે મિત્રોને મંત્રી બનાવ્યા.

થોડો વખત તો બરાબર ચાલ્યુ પણ એક દિવસ સંકટ આવી પડયું. આજુબાજુના રાજાઓ સંપ કરી ચઢી આવ્યા અને આ રાજાના નગરને ઘેરી લીધું.

રાજાએ પોતાના ચારે મંત્રીઓને બોલાવી તેમની સલાહ માંગી ત્યારે સૈનિક મંત્રીએ સલાહ આપતા જણાવ્યું આપણે હવે યુદ્ધનો પ્રારંભ કરી શત્રુઓને હરાવવા જોઇએ. બ્રાહ્મણ મંત્રી બોલ્યો અરે....યુદ્ધ કરી લોહીની નદીઓ વહેવડાવવા કરતાં સુલેહ કરી નાખોને ?

પ્રવાસી મંત્રી કહેવા લાગ્યો ઉતાવળ શા માટે કરો છો. ઉંટ કઈ બાજુએ ઢળે છે. તે જોઈએ પછી બીજી વાત.

તેલીએ પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું, ગભરાવ નહી તેલ જુઓ તેલની ધાર જુઓ પછી બધુ થઈ પડશે. આ રીતે ચારે મંત્રીઓ પોતાના જાતી સ્વભાવે સલાહ આપવા લાગ્યા.

જેવા પ્રકારની જાત હોય તેવા પ્રકારની સલાહ માણસ આપે છે, અને તેનો જાતીસ્વભાવ છુપાયા-વિના રહેતો નથી.

સ્નેહના બંધનો બાંધતી વખતે એના આનંદમાં જીવ સર્વ ભુલી જાય છે અને એના વિયોગમાં સ્નેહબંધનો બાંધતી વખતે ભુલી જવાયેલા સર્વ પદાર્થો ઉપર નફરત ઉત્પન્ન થાય છે એને જન્મ પામેલી નફરત એના જીવનનને નફ્ફટ બનાવવા સુધી ખેંચી જાય છે.

# સુગંધ–દુર્ગંધ

એક માછીમાર બાઈ માછલીઓ વેચીને પોતાના ગામ તરફ આવી રહી હતી. પાછા વળતા મોડુ થવાના કારણે રસ્તામાંજ રાત પડી ગઈ. ગામના બહાર બગીચા પાસે આવીને વિચાર કર્યો કે રાત આ બાગમાં રહી જઉં.

માછણે બગીચાના માળીની રજા માગી ત્યારે માળીએ પણ રજા આપી, થોડા સુગંધી ફુલો આપ્યા, માછણ પથારીમાં સુઈ ગઈ, પરંતુ પુષ્પોની સુગંધને લઇને તેને બીલકુલ ઉંઘ ન આવી.

આમતેમ પડખા ફેરવતા તેને વિચાર આવ્યો અને તરતજ માછલાવાળા ખાલી ટોપલામાં પાણી છાંટયું. પાણી છાંટવાથી દુર્ગંધી ટોપલામાંથી વધારે દુર્ગંધ આવવા લાગી અને એ ટોપલો નાક પાસે રાખી સુઈ ગઈ, સુતાની સાથેજ ઘસઘસાટ ઉંઘ આવી ગઇ.

જન્મથીજ હલકા સંયોગવાળા માણસોને સારા સંયોગમાં આવવાની ઈચ્છાજ થતી નથી. ★

# હીરો અને ધુળ

પતિપત્ની બન્ને ભણેલાં-ગણેલાં હતા, સંસાર-ઉપર મોહ, માયા જેવું હતું નહિ એટલે ઘરનો ત્યાગ કરી જંગલમાં ઝુપડી બાંધી રહેવા લાગ્યા.

એક દિવસ પતિ સ્નાન કરીને પાછો ફરી રહ્યો હતો, ત્યારે રસ્તામાં એક હીરો પડેલો જોયો, અને....વિચાર્યું કે આ હીરો અમારે માટે નકામો છે. પરંતુ મારી સ્ત્રીની નજરમાં કદાચ આ હીરો ચઢી જાય અને લઈ લેવાનું મન થાય, તેથી આમ ન બને તે માટે તેના ઉપર ધુળ નાખી દઉં ! અને....હીરો ધુળ નીચે દબાવી દીધો.

તેટલામાં પાછળ પત્ની આવી પહોંચી, અને પુછ્યું "શું કરો છો ?"

એ તો અહિં પડેલા હીરા ઉપર ધુળ નાખતો હતો !! શા માટે ?.......

મને થયું કે હીરો જોઈ તું મોહ પામીશ અને લઈ લઇશ........રે........! જંગલમાં વસીએ છીએ શા માટે ?

તમે હીરાને અને ધુળને ભિન્ન માનો છો ? પણ મારે મન તો બન્ને ધુળજ છે........ ★

# પરિશ્રમ

સુથાર, રબારી, રાજપુત અને બ્રાહ્મણ ચારે પરમમિત્રો હતા. ચારે મિત્રો પરગામ જવા નિકળ્યા. ગામ જતાંજતાં રસ્તામાં એક ઝાડની છાયામાં બેઠેલા મહાત્માને જોયા, અને ચારે જણા મહાત્માની ભક્તિપૂર્વક સેવા કરવા લાગ્યા.

સેવાથી પ્રસન્ન બનીને મહાત્માએ કહ્યું, "મારા અહિંથી ગયા બાદ એક વૃક્ષ ઉગી નિકળશે, તે વૃક્ષની નીચે ઉભા રહીને તમે જે ઈચ્છા કરશો તે વૃક્ષ તમને આપશે.

મહાત્મા તો ત્યાંથી ચાલી ગયા. તેમના કહેવા પ્રમાણે ત્યાં એક મોટું વૃક્ષ ઉગી નિકળ્યું, અને ચારે જણા વૃક્ષ નીચે ઉભા રહી બ્રાહ્મણે લાડુની, રાજપુતે ઘોડીની, રબારીએ ભેંસની અને સુથારે ફરસીની ઈચ્છા કરી. ઈચ્છા મુજબ બધાને મળી ગયું, પણ સુથારની ફરસી નીચે ન આવતાં ઝાડ ઉપરજ લટકી રહી.

ત્યારે ત્રણે મિત્રોએ કહ્યું, જા, ઉપર જઈને લઈ આવ.... સુથારે કહ્યું એવી મહેનત કોણ કરે ? હું

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ઈચ્છું છું કે ફરસી એની મેળેજ નીચે પડે !!

અને.... વૃક્ષના પ્રભાવથી ડાળી ઉપર લટકતી ફરસી નીચે પડી. ઝાડ નીચેજ સુથાર ઉભેલો હોવાથી ફરસી સીધી તેના માથા ઉપર પડી અને માથાના બે ફાડ થઈ ગયા, ને ત્યાંજ મરણ પામ્યો.

પરિશ્રમ કર્યા વિના કોઈપણ વસ્તુની ઈચ્છા કરવી તે પામરતા છે.

જેના જીવનની ઈમારતના સત્ય-સદાચાર, નિતિ, ધર્મરૂપી પોલાદી પાયા છે એ ઈમારત ભયંકર ઝંઝાવતોમાં પણ અડીખમ ઉભી રહે છે.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# નિ:સ્પૃહતા

એક યોગી ફરતાં ફરતાં એક ગામ નજીકના જંગલમાં આવ્યા. યોગી નિસ્પૃહઃ હતા. જે કાંઈ ખોરાક મળે તેનાથી સંતોષ માનતા હતા.

તે ગામમાં એક ધનિક રહેતો હતો. પણ.... હતો મખ્ખીચુસ. તેની પત્ની ઉદ્દાત ભાવનાવાળી અને દિલાવર હતી.

ગામ બહાર યોગી પધાર્યાની વાત સાંભળતા તેમને પાકુ સીધું મોકલાવવાની ઈચ્છા થઈ. શેઠ ઘરે આવ્યાં ત્યારે શેઠાણીએ યોગીને પાકુ સીધું મોકલાવવાની ઈચ્છા વ્યક્ત કરી.

ત્યારે શેઠ બોલ્યા અરે! યોગીને પાકા સીધાની શું જરૂર છે? તેમને તો સામાન્ય ભોજન બનાવી શકે તેવુંજ સીધું યોગ્ય છે.

પણ.... શેઠાણીના ઘણા આગ્રહથી શેઠ પાકુસીધું નોકર પાસે ઉપડાવી જંગલ તરફ ચાલી નિકળ્યા, અને સંત પાસે આવી પહોંચ્યા. યોગીને કોઈનીય પડી ન હોય તેમ મસ્ત બની ધ્યાનમાં બેઠા હતા.



www.jaintatvagyanshala.org

શેઠે નમસ્કાર કરી સીધું યોગી સામે મુકયું. યોગી સીધા સામે જોઇ બોલ્યા.... "બેટા, આજે તો રોટલો-શાક મળી ગયા છે. હવે સીધા-બીધાની જરૂરી નથી. પાછું લઇ જાવ."

અરે.... મહારાજ ! સીધું પાકુ છે, કાલે પણ ચાલશે, બગડશે નહિ, રાખી લ્યો !

બેટા ! "કાચું-પાકું મારે મન સમાન છે. કાલની હું ચિન્તા કરતો નથી ! માટેજ હું મસ્ત બની રહી શકુ છું. સીધાનો સંગ્રહ મારા જીવનનો સરવાળો-બાદબાકી ન કરે માટે આ સીધું પાછુ લઇ જા."

★

★ ★

વ્યાખ્યાનમાં સારા કર્મો કરવાવાળા, પાપકર્મો, નીંદા, ઈર્ષ્યા કરવાવાળા એમ દરેક પ્રકારના શ્રોતાઓ આવે છે, એ સર્વની તરફ નજર નાખ્યા સિવાય મારે માટે શું ગ્રહણ કરવા યોગ્ય છે ? એ ધ્યાન આપે તોજ વ્યાખ્યાન શ્રવણ યથાર્થ થશે.



# મિથ્યાભિમાન

શેઠે હમણાંજ લગ્ન કર્યું હતું. નવી સ્ત્રી હજુ પરિપકવ ન હતી અને શેઠના ઘરમાં બીજુ કોઈ હતું નહિ. તેથી શેઠે બાજુમાં રહેતા મંગુડોશીને કહ્યું "માજી ! ઘરમાં અમારા બે સિવાય કોઈ નથી. એટલે મારી પત્નીની સંભાળ રાખવી, ન આવડે તે શીખવવું."

જે કાંઈ ન આવડતું હોય તે પાડોશી માજી પાસેથી શીખવાની સલાહ શેઠે સ્ત્રીને પણ આપી.

શેઠની સ્ત્રી અભિમાની હતી. ન આવડતું ડોશીને પુછવા જાય. ડોશી બતાવી રહે પછી બોલે ઓહો...હો....આ તો મને આવડતુંજ હતું. મારા ઘરે હું શીખેલીજ હતી.

હર વખત આમ કહેવાથી ડોશીને ખીજ ચઢી, મનમાં ગાંઠ વાળી, એક દિવસ શેઠને ત્યાં મહેમાન આવ્યા. શેઠે શેઠાણીને દુધપાક બનાવવાનું જણાવ્યું. દુધપાક બનાવતા નહિ આવડવાના કારણે સ્ત્રી ડોશીને

પુછવા ગઈ. ડોશીએ પણ લાગ જોઇને તેની એવળ-ચંડાઈ ભુલાવવા કહ્યું, "દુધપાક બનાવવો હોય ત્યારે પહેલા દુધને ઉકાળવું, પછી મુઠીભર મીઠુ નાખવું, ત્યાર બાદ તેનો વઘાર કરવો."

અભિમાનથી સ્ત્રી બોલી........એ તો મને આવડતોજ હતો, શેઠાણીએ ડોશીની સુચના મુજબ દુધપાક તૈયાર કર્યો, મહેમાનને પુરી-શાક પછી દુધપાક પીરસ્યો ને....શેઠના તો ડોળાજ ફાટી ગયા. આ શું ? શેઠે પુછ્યું, કેમ વળી દુધપાક છે ! શેઠાણીએ કહ્યું મને ડોશીમાએ કહ્યું એમ મેં કર્યું...!

શેઠ ડોશી પાસે જઈને બોલ્યા "માજી ! તમે તો મારૂ નાક કપાવ્યું !!

તે....કપાય ! તારી સ્રીજ છે એવી. જ્યારે હું કાંઈ બતાવું ત્યારે કહે એ તો મને આવડતું હતું !.... શેઠ સમજી ગયા. મિથ્યાભિમાન દુઃખનું કારણ છે.



www.jaintatvagyanshala.org

# શીખામણ

એક શેઠને ચાર પુત્રો હતા. ચારે પરણેલા હતા. ભાગ્યયોગે મોટા પુત્રની વહુ અને નાનો પુત્ર મરણ પામ્યા. ત્યારબાદ નાના દિકરાની વહુએ મોટા દીકરા સાથે ઘર માંડયું.

બાજુમાં રહેતી એક સજ્જન બાઈ આવો અજુગતો બનાવ જોઈ નાના પુત્રની વહુને શીખામણ દેવા આવી, ત્યારે જવાબમાં તેણીએ કહ્યું, "અરે ! જુઓ તો ખરા મોટા શીખામણ દેવા નીકળી પડયા છે ? વળી મેં ખોટું પણ શું કર્યું છે ? નાત-જાત એની એ, સાસુ-સસરા, જેઠ-જેઠાણી, નણંદ બધું એનું એ ફકત પતિનો પાટલો બદલ્યો એમાં અઘટિત શું થઈ ગયું એજ સમજાતુ નથી ?"

ઓહો....હો....હો........ મોટા સતીના સંતાન થઇ ગયા છે ? આજે આવ્યા તે ભલે આવ્યા. પણ હવે આવશો તો ભોંય ભારે થઈ જશે ?

આમ ઉધડો લઈ લેવાથી પેલી બાઇ તો પલાયનજ થઈ ગઇ. નીચને શીખામણ આપવી તે પાણીમાં સોનાની જાળ નાખવા બરાબર છે.

# એક દિવસનું સ્મિત

વસંત ઋતુના આગમનની સાથે બાગની પુષ્પ કળી ખીલી ઉઠી.

તે સમયે બાગમાં ફરી રહેલા એક વિદ્વાને દુઃખી થઈ ખીલી ઉઠેલી પુષ્પકળીને પુછયું.

હે પુષ્પકળી ? આમ તો તને જોઈને મારૂ દીલ નાચી ઉઠે છે. પણ સાથે સાથે દુઃખ પણ એટલુંજ થાય છે કે તારૂ આ સ્મિત એક દિવસમાં વિલીન થઈ જશે.

વાત સત્ય હતી. છતાં વિદ્વાનના વચનથી પુષ્પકળી ખેદ ન પામી અને સ્મિત વેરતા જવાબ આપ્યો.

ભાઈ ! હું એક સ્મિત કરવા માટેજ ખીલું છું, પછી ભલે હું કરમાઈ જાવ, પણ મારા ભાગ્યમાં એક સ્મિત છે, તેનો મને અપૂર્વ આનંદ છે.

બાકી જીવનરૂપી આ બાગમાં આવું એક સ્મિત પણ આવી જાય તોજ નસીબદાર !

પુષ્પની કળી જેવું એક સ્મિત પણ આપણા જીવનમાં આવી જાય તો જીવન સુવાસમય બની જાય.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# અભિમાન

જુના જમાનાની વાત છે. એક ગામમાં એક ડોસી રહેતા હતા, તેની પાસે એક મરઘો અને એક સગડી હતી. રોજ સવારે કુકડો બોલે અને લોકો ઉઠે અને ડોસી સગડીમાં કોલસા ભરી બહાર મુકે. એ સગડીમાંથી ગામના લોકો એક એક કોલસો લઈ જાય, અને તેનાથી સૌ પોતપોતાની સગડી, ચુલા સળગાવે. હંમેશા આ પ્રમાણે ચાલે જાય છે.

એક દિવસ ડોસીને અભિમાન થયું અને વિચાર્યું કે મારા મરઘાના અવાજથી લોકો ઉઠે છે ! સગડી દ્વારા કોલસા લઈ જઈ પોતાની સગડી પેટાવે છે, છતાં તેઓને મારી કદરજ નથી. પણ.... મારી અગત્યતાની-જરૂરની, ખબર પાડી દઉં....


બીજા દિવસે સવારમાંજ ડોસી પોતાનો મરઘો સગડી લઇને જંગલમાં ચાલી ગઈ. સવારે કુકડો નહિ બોલવાના કારણે લોકો થોડા-મોડા ઉઠ્યા. ડોસી ગામ ગઈ હશે તેમ માની પોતાની મેળેજ વહેલા



www.jaintatvagyanshala.org

ઉઠવામાં લોકો ટેવાઈ ગયા. કોલસા લઈ આવવાની આદત પણ ભુલી ગયા.

ડોસીને થયું મારા વગર ગામમાં અંધારૂં થઈ ગયું હશે. જ્યાં તે ગામ તરફ પાછી વળતી હતી ત્યાં ગામનો એક માણસ સામો મળ્યો, તેણે ડોસીને પુછ્યું કેમ માજી ? અહિં ક્યાંથી ? ત્યારે ડોસીએ પોતાની વાત કહી. વાત સાંભળી તે હસી પડ્યો ને બોલ્યો "માજી ! મરઘો હોય તોજ ઉઠી શકાય ? મરઘા વગર લોકો ટાઈમસરજ ઉઠે છે, ને તમારી સગડીના કોલસા લેવાની ટેવ ભુલી ગયા છે. ને...... ડોસીનું અભિમાન ગળી ગયું....



જે સુખને મેળવવામાં દુઃખ, ભોગવવામાં યે દુઃખ અને ભોગવ્યા પછીયે દુઃખ અને દુઃખજ સમાયેલું છે તેવા સુખને મેળવવા માટે આટલું બધું પાગલપણું શા માટે ?

# વફાદારી

લાખો રૂપિયાના ઝવેરાતની વ્યવસ્થાનો વિચાર કરતાં શેઠ-શેઠાણી બેઠા હતા. તેવામાં એક સાધુ (બનાવટી) ભિક્ષાર્થે આવ્યો. શેઠ-શેઠાણીનો વાર્તાલાપ થતો જોઈ તે પાછો વળે છે. શેઠ તેને રોકતા કહે છે મહારાજ ! ધનની જરૂર હોય તો કહો ?

ત્યારે પેલો સાધુ વિચાર કરે છે. "સાધુ તો કંચનકામિનીના ત્યાગી હોય છે. તેથી અત્યારે જો હું ધન માંગુ તો આ સાધુ વેશને હાનિ પહોંચે, અને.... સાધુ ચાલ્યા ગયા.

બે ચાર દિવસ પછી તે બારોટનો વેશ લઇને શેઠના ઘરે આવ્યો, અને શેઠની ખુબ-ખુબ પ્રશંસા કરવા લાગ્યો.

શેઠ પણ વિચાર કરે છે. આ બારોટ ચાર દિવસ પહેલા આવેલા સાધુ જેવો લાગે છે. તેથી શેઠે પુછ્યું, ચાર દિવસ પહેલા એક સાધુ આવ્યા હતા,

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
તેમના જેવા તમે દેખાવ છો તો શું તમે એજ છો? બારોટે કહ્યું "હા હું એજ છું. તો વેશ પરિવર્તન કરી કેમ આવ્યા છો?

શેઠ! મારે પૈસાની જરૂર છે, અને આપ મદદ કરશો એ આશાએ આવ્યો છું.

ત્યારે મેં ધન માટે પુછયું હતું તો ના કેમ પાડેલી? શેઠે કહ્યું.

શેઠ! ત્યારે હું સાધુ હતો, ધન લેવા વડે આ સાધુ વેશ ફજેત ન થાય તે માટે હું ધન લીધા વગર ચાલ્યો ગયો હતો.

અને.... શેઠે પ્રસન્ન થઇ ઉદાર બક્ષિસ આપી બારોટને ખુશ કર્યો.

જીવન એક ફુલની ફોરમ છે, જીવનને વિકસીત બનાવવું કે કરમાવી દેવું એ જીવનની સારી-નરસી ઘટનાઓ અને વર્તણુંક ઉપર અવલંબે છે.


www.jaintatvagyanshala.org

# સાર-અસાર

જુઓ તો ખરા ! બાબાને કેટલો બધો તાવ આવ્યો છે ? એક દિવસના તાવમાં કેટલો બધો લેવાઈ ગયો છે ?

ડૉક્ટરને બતાવીને દવા આપી હતી ? દવા લેતો હોત તો જોઈએજ શું ? મમ્મી.... મમ્મી શું છે બેટા ? મમ્મી.... ખાવાનું આપને ! ના બેટા ! તને તાવ આવ્યો છે ને એટલે ખવાય નહિ.

દવાની ગોળી લે એ હેતુથી તેની મમ્મીએ થોડા ગોળમાં વચ્ચે ગોળી મુકીને ગોળ બાબાને આપ્યો. ગોળી લઈને બાબો ઘરના ઓટલે બેઠો, તેની મા ઘરમાં ગઈ, થોડી વાર પછી....

કેમ બેટા ! "ગોળ ખાઈ ગયો ?" હા મમ્મી, ગોળ તો ખાઈ ગયો પણ અંદર ઠળીયો હતો તે ફેંકી દીધો, તાવ ઉતરી જાય માટે ગોળ સાથે ગોળી આપી પણ.... બાબાએ ગોળ ખાઈ ગોળી નાખી દીધી....!

જેમ હિતકર એવી ગોળી નાખી દઈ, અહિતકર એવો ગોળ બાબો ખાઈ ગયો તેમ માનવ-ઉત્થાન માટે જરૂરી એવા સાર પદાર્થોને છોડી દઈ અસાર પદાર્થોને ગ્રહણ કરી પતનના માર્ગે વળે છે, અને.... જીવનનાં મૂલ્યનું અવમૂલ્યન કરી નાખે છે. ★

# તૃષ્ણા

નગરની સીમમાં રાજાએ નાનો છતાં ખૂબજ સુંદર બાગ બનાવ્યો. પણ બાગની પાસે એક ડોસીની ઝુંપડી હતી, તે ઝુંપડીથી આ બાગની સુંદરતામાં થોડી ઉણપ રહેતી હતી, અને ઝુંપડી રાજાની આંખમાં કણાની જેમ ખુંચતી હતી.

સત્તાને લઈને પોતાના માણસો દ્વારા તે ઝુંપડી ત્યાંથી ઉખેડી નાખી દીધી, ડોસી નિરાધાર બની, રોતીકકળતી, ગામથી દૂર ચાલી નીકળી.

જતાં જતાં રસ્તામાં એક મહાત્માજી મલ્યા, રડતી ડોસીને જોઈ મહાત્માજીએ પૂછ્યું, કેમ માજી, રડો છો ? માજીએ પણ બનેલી હકીકત જણાવી, મહાત્માજીએ પણ ડોસીને સાંત્વના આપી પોતાની સાથે ગામમાં આવવા જણાવ્યું.

મહાત્મા અને માજી બન્ને રાજા પાસે આવ્યા. મહાત્માએ રાજાને કહ્યું, રાજન્ ! આ માજીને એની જગ્યામાંથી એક ટોપલો માટી લેવા દો, રાજાએ હા પાડી.

ડોસી ટોપલો લઈ આવી અને માટીથી ભરી દીધો, ટોપલો ભરાઈ ગયા પછી મહાત્માએ રાજાને કહ્યું "આટલો ટોપલો આ ગધેડા ઉપર ચઢાવી દો ને?

રાજાએ કહ્યું અરે મહારાજ........! આવું આપણાથી ન ઉપડે ! ત્યારે ટોન મારતા મહાત્મા બોલ્યા.... રાજન્ ! આટલું ટોપલું નથી ઉંચકાતું તો આટલું બધુ મોટું રાજ્ય પરલોકમાં શી રીતે લઇ જશો ? રાજાની વિવેક બુદ્ધિ જાગી, તૃષ્ણાને તોડી નાગી ડોસીને જગ્યા સોંપી ઝુંપડી બંધાવી દીધી......

અભિમાનમાં અક્કડ બનીને કૂકડની જેમ ફરતા માનવને કર્મ સત્તાનું જ્ઞાન કયાંથી હોય ? પણ.......
કર્મ-કોર્ટનો ચુકાદો લાંચ-રૂશ્વતવાળો નથી. ત્યાં તો બધાને યોગ્ય રીતીએ ફળ મળેજ છે.



www.jaintatvagyanshala.org

# ભ્ર....મ....ણા....

એક કુંભારે એક કુતરી પાળી હતી. તે એવી શિક્ષાને પામેલી હતી કે, કાદવવાળા પગવાળો મારો માલિક છે. તેની સાથે ગેલ કરે, પુંછડી પટપટાવે, હાવભાવ કરે વિ. વિ.

એવામાં ચોમાસાનો સમય આવતાં વરસાદના પાણીથી રસ્તાઓ કાદવ-કીચડવાળા બની ગયા. જતા આવતાં બધા માણસોના પગ કાદવવાળા થવા લાગ્યા. આથી તે કુંભારની કુતરી બધાને પોતાના માલિક સમજી બધા સાથે ગેલ કરવા પાછળ પાછળ આમતેમ દોડવા લાગી, આથી બન્યું એવું કે તે જેની જેની પાછળ દોડવા લાગી તેના તરફથી સ્નેહના બદલે તીરસ્કારથી માર ખાવા લાગી.

આવી ભ્રમણાને લીધે તે ખુબ દુઃખી થઇ.

સુંદર પેકીંગમાં પેક થયેલા સંસારના સત્વવિનાના સુખને મેળવવાની ભ્રમણામાં પડ્યા પછી એ સુખેચ્છુ માનવી દયાજનક સ્થિતિમાં મુકાઇ જાય છે, અને સુખ સો ગાઉ છેટે હોય છે ! ભ્રમણાને ભુગર્ભમાં ધકેલી દેનાર માનવી જ સુખનો ભોગી બને છે.

# સાચુ ધન

શેઠના બંગલામાં એક દિવસ અચાનક આગ લાગી. બંગલામાં દોડધામ મચી ગઈ. ઘરના માણસો નોકરો અને શેઠ બધાજ કિંમતી સામાન ખસેડવામાં પડી ગયા. લગભગ બધોજ સામાન કાઢી લેવાયો હતો.

આગની જવાળાઓ ચારે તરફ ફેલાઈ ગઇ હતી. સામાન બચી ગયાનો શેઠને આનંદ હતો.

લોકો શેઠને પુછવા લાગ્યા "શેઠ! હવે કાંઈ બાકી તો નથી રહી ગયુને ?"

શેઠ બધો સામાન તપાસવા લાગ્યા અને દિલમાં એકદમ ધ્રાસકો પડયો. વૃદ્ધ ઉંમરે પ્રાપ્ત થયેલો એકનોએક વારસદાર–નાનો પુત્ર અંદરના ઓરડામાં સુતો હતો તેને બહાર લાવવાનું વીસરાઈ ગયું હતું.

શેઠનો પુત્ર સુતો હતો તે ઓરડો હજુ આગથી વીંટાયો ન હતો એટલે શેઠે હજારો રૂપિયાના ભોગે

એક માણસને અંદરથી પુત્ર લઈ આવવા નક્કી કર્યો અને.... વિજળી વેગે પેલો માણસ અંદરથી શેઠના પુત્રને બાથમાં દાબી બહાર લઈ આવ્યો. પણ.... અફસોસ.

આગની અસહ્ય ગરમીમાં કુમળુ બાળક શેકાઈ ગયું હતું, પ્રાણ ચાલ્યા ગયા હતા.

નિર્જીવ પુત્રને જોઈ શેઠ ચોધાર આંસુએ રડવા લાગ્યા પણ સરકી ગયેલી બાજી હવે હાથમાં ક્યાંથી આવે ?

મૂલ્યવાન માનવ જીવન પામ્યા બાદ એ જીવન દરમ્યાન જો સંસારની આધિ-વ્યાધિ-ઉપાધિમાં પડી ગયા તો આત્માનું સાચુ ધન મેળવવામાં નિષ્ફળ જશો અને પસ્તાવાનો પાર નહિ રહે.

તમારો કોઈ શત્રુ નથી, કોઈ શત્રુ બન્યો હોય તો પણ તેને ન મારશો, તેનામાં રહેલી શત્રુતાને મારજો.

# ઉપકારનો બદલો

મહારાજનો માનીતો વૈદ્યરાજ તબીયત બગડતાં થોડાજ સમયમાં મરણ પામ્યો, તેથી રાજાએ તે વૈદ્યના બન્ને પુત્રોની તેના સ્થાને નિમણુંક કરી. આ કારણથી માતા રડવા લાગી. માતાને રડતી જોઈ બન્ને પુત્રોએ રડવાનું કારણ પુછ્યું.

ત્યારે માતાએ કહ્યું.... "તમને વૈદકપણુ આવડતું નથી એટલે તમો રાજવૈદ્યપણુ કેવી રીતે પાર પાડશો? આ ચિંતાજ રડવાનું કારણ છે."

ત્યારે માતાની સુચનાનુસાર બન્ને ભાઇઓ તેના પિતાના મિત્ર વૈદને ત્યાં જઇને વૈદકનો અભ્યાસ કરવા લાગ્યા, ભણતાં-ભણતાં થોડાજ સમયમાં બન્ને વૈદકમાં પાવરધા બની ગયા, અને ત્યાંથી રજા મેળવીને જંગલમાંથી જુદીજુદી વનસ્પતિઓ મેળવતાં મેળવતાં ઘરભણી આવી રહ્યા હતાં ત્યાં રસ્તામાં એક અંધ સિંહ બેઠેલો જોયો. મોટા ભાઇને દયા આવવાથી સિંહનો અંધાપો દૂર કરવા તૈયાર થયો. ત્યારે નાના

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ભાઇએ આ પ્રમાણે ન કરવા ઘણું સમજાવ્યો, છતાં તે ન માન્યો.

કુપાત્ર ઉપર ઉપકાર છે એમ માની નાનો ભાઈ પાસેના ઝાડ ઉપર ચઢી ગયો.

મોટા ભાઇએ વનસ્પતિમાંથી દવા તૈયાર કરી સિંહની આંખમાં આંજી અને.... દવાના પ્રભાવથી સિંહ દેખતો થયો. ઘણા દિવસનો ભુખ્યો, આજુબાજુ અન્ય ભક્ષ્ય ન દેખાતાં તેનેજ ફાડી નાખ્યો. સિંહ ગયા બાદ નાનો ભાઈ ઝાડથી નીચે ઉતરી પસ્તાવો કરતો ઘરભણી ચાલી નિકળ્યો.

પેટને પોસ્ટઓફિસ બનાવીને જે તે
ખાવા-પીવાની આદતવાળો માનવી
સ્વાસ્થ્ય અને સંયમ ગુમાવે છે.

www.jaintatvagyanshala.org



# ત....ક....

એક કલાકારના ઘરે એક કલાપ્રિય જઈ ચઢયો કલાકારની કૃતિઓ જોતા-જોતા મોઢા પર વાળ ઢાંકેલી અને પગપર પાંખવાળી મૂર્તિ જોઈ.

કલાપ્રિય માણસે પુછયું, આ મૂર્તિનું નામ શું ? કલાકારે કહ્યું "તક".

તેનું મુખ કેમ ઢંકાયેલુ છે ? પેલા માણસે પુછયું. જયારે એ માણસની પાસે આવે છે ત્યારે તે તેને નથી ઓળખતો, શીલ્પીએ કહ્યું.

તેના પગ ઉપર પાંખ કેમ છે ?

કારણ કે તે તરત ચાલી જાય છે અને ગયા પછી તે પાછી આવતી નથી.



www.jaintatvagyanshala.org

# બો....જ....

નગરના રસ્તા ઉપર એક મજુર જેવો માણસ ખભા ઉપર ભારે બોજ ઉપાડીને જઈ રહ્યો હતો.

ત્યારે સામેથી નગરના મહારાજાનો રથ આવી રહ્યો હતો. રસ્તે જતા વાહનો અને લોકો મહારાજાના રથને જવા દેવા આઘા-પાછા થઇ જતાં.

રથમાં બેઠેલા મહારાજાએ વિચાર્યું સામે આવી રહેલા મજુર પાસે કેટલો બધો બોજ છે! તેનુ શરીર પરસેવે રેબઝેબ થઈ ગયુ છે. મજુરને સીધા ચાલ્યા જવા માટે મહારાજાએ પોતાનો રથ બાજુ પર થઇને લઈ જવા સારથીને કહ્યું.... સાથે સાથે જાહેરાત કરાવી કે આ મજુર જ્યારે રસ્તાપર થઈ પસાર થતો હોય ત્યારે સૌએ તેને માર્ગ કરી આપવો, અને આ આજ્ઞાનો ભંગ કરનારને સખ્ત સજા થશે. મહારાજાની આજ્ઞાનું પાલન બરાબર થઈ રહ્યું હતું.

એક દિવસની વાત છે. રસ્તા પરથી થોડા મુનિઓ જઈ રહ્યા હતા ત્યારે સામેથી પેલો મજુર

પણ આવી રહ્યો હતો. રાજાની આજ્ઞાથી અજ્ઞાત મુનીઓ મજુર નજીક આવવા છતાં ખસ્યા નહિ. પરંતુ પેલો મજુર ખસીને બાજુ પર થઈ ગયો. ત્યારે રાજાની આજ્ઞાના ભંગના કારણે રાજાના માણસો મુનિઓને પકડીને રાજા પાસે લઈ ગયા. સાથે મજુરને પણ લીધો. રાજા મુનિઓને પુછે તે પહેલાજ મજુરે કહ્યું રાજન્ ! આ મુનિઓએ આપની આજ્ઞાનો ભંગ કર્યો નથી. હુંજ ખસી ગયો હતો. રાજાએ પુછ્યું "તારે ખસવાની શી જરૂર ? મુનિઓ ખસી જાત. નહિ રાજન્ ! મારા કરતા આ મુનિઓ પાસે બોજ વધારે છે. જુઓ હું તો ફકત ૧૦ મણ ૧૫ મણ બોજ ઉપાડું છું અને આ મુનિઓ તો મહાવ્રતનો (યમનિયમોનો) સખ્ત બોજ ઉપાડીને ફરે છે, એટલે મારા કરતા વધારે બોજવાળાને રસ્તો કરી આપવો તે યોગ્યજ છે. બાહ્યબોજ તો પેટનીવેઠ છે. અભ્યંતર બોજ મોક્ષની સીડી છે. ને...... રાજા આશ્ચર્યથી મુનિઓને મનોમન વંદી રહ્યો. ★

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

## નો...ક...ર

રાજાને એક મંત્રી હતો. તે હંમેશા રાજાની વાતમાં હાએ હા કરતો હતો. એક દિવસ રાજાએ રીંગણાની કાતરી ખાધી તે તેને ખૂબ સારી લાગી. બીજા દિવસે તે દરબારમાં કહેવા લાગ્યો કે, રીંગણાની કાતરી ખૂબ સારી હોય છે, મંત્રીએ કહ્યું જી મહારાજ રીંગણા દેખાવમાં ખૂબ સુંદર હોય છે અને રેચક પણ હોય છે. થોડા દિવસ પછી રાજાએ ફરી તે કાતરી ખાધી પણ તેને પહેલા જેવી ન લાગી એટલે બીજે દિવસે દરબારમાં આવી કહેવા લાગ્યો, રીંગણા બહુ ખરાબ ચીજ છે. મંત્રીએ કહ્યું. હા હુજુર, તે દેખાવમાં કેવું કાળુ મેસ છે, અને પીત કરવાવાળુ છે. દરબારમાં આ બન્ને વખતની વાત એક માણસે સાંભળી હતી. તેણે કહ્યું મંત્રીજી, પહેલા દિવસે તો રીંગણાની પ્રસંશા કરી હતી અને આજ તેની બુરાઈ કેમ કરી ? મંત્રીએ કહ્યુ, “હું રાજાનો નોકર છું, રીંગણાનો નહિ.”


www.jaintatvagyanshala.org

# શેરના માથે સવાશેર

વણિક પુત્ર ભણેલો ગણેલો હતો પણ ગરીબ હોવાના કારણે કન્યા કોઈ આપતું ન હતું.

એક દિવસ એક માણસે ધર્મપરિવર્તન કરવાની શરતે વણિક પુત્રને કન્યા આપવાનું કહ્યું અને તે શરત તેણે કબુલ કરી.

તે માણસે ધર્મપરિવર્તન માટે ગુરૂ પાસે મંત્ર લેવા કહ્યું તેથી બન્ને ગુરૂ પાસે જવા નિકળ્યા પણ ગુરૂ બહારગામ ગયા હતા. થોડા દિવસ પછી આવવાના હતા.

ગુરૂના આવી ગયા બાદ તેના હાથે લગ્નવિધિનો પ્રારંભ થયો, હસ્તમેળાપ થઈ ગયા બાદ તેના સસરાએ કહ્યું મહારાજ ! અમારા જમાઈને ધર્મપરિવર્તનનો મંત્ર આપો. ત્યારે મહારાજે બીજા દિવસે આવવા જણાવ્યું.

બીજા દિવસે જમાઈ નાહિ-ધોઈ તૈયાર થઈ ગુરૂ પાસે ગયો. ગુરૂએ મંત્ર કાનમાં કહ્યો ત્યારે

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
પેલાએ પુછ્યું "મહારાજ, આ મંત્રથી શા લાભ થશે ? ગુરૂએ કહ્યું તને સ્વર્ગ મળશે. અરે.... આ મંત્ર યોગે મોક્ષ પણ મળશે."

જમાઈ ભણેલો હોવાથી મહારાજને કહ્યું, "તો મહારાજ ! આપે મને સ્વર્ગ અને મોક્ષ બતાવ્યો તો તેના બદલમાં હું આપને દિલ્હી, કાનપુર અને અજમેર આપુ છુ."

મહારાજ તો એકદમ ગુસ્સે થઈને બોલ્યા, "નાલાયક ! દિલ્હી, કાનપુર, અજમેર તારા બાપના છે ? કે તું આપે છે" જમાઇએ તરતજ સામે જવાબ વાળ્યો "તે મહારાજ ! સ્વર્ગ અને મોક્ષ તમારા બાપના છે ? કે જેથી આપવા નીકળી પડ્યા છો !" અને.... આવી ચર્ચાથી ભેગા થયેલા બધા હસવા લાગ્યા.

જ્યાં સુધી માણુસના માનસમાં યુક્તિ પ્રયુક્તિથી વાત ઠસાવવામાં ન આવે ત્યાં સુધી તે વાત સ્વિકારવા તૈયાર થતો નથી.


www.jaintatvagyanshala.org

# કુસંગનું ફળ

નગરનો મહારાજા પોતાના અંગત એકબે અંગરક્ષક સૈનિક સાથે નગર બહારના ઉદ્યાનમાં ફરવા નિકળ્યા હતા. મધ્યાહ્ન સમયે ભોજન કરી એક ઘટાદાર વૃક્ષની છાયામાં આરામ માટે મહારાજા આડા પડ્યા.

શીતલ વાયુ અને વનના ખુશબોદાર વાતાવરણને લઈને થોડી વારમાં નિદ્રાધિન બન્યા.

આજ વૃક્ષ ઉપર એક હંસ અને કાગડો બેઠા હતા. કાગડો ઉંચા સ્વરે કા....કા....કા.... કરતો મહારાજા ઉપર ચરકયો.

પોતાના ઉપર કાંઈક પડવાથી મહારાજ બેઠા થઇને ઉપર નજર કરે છે ત્યાં કાગડાને બેઠેલો જોયો.

આવેશમાં આવી જઈને કાગડાને વીંધી નાખવા મહારાજાએ બાણ તૈયાર કર્યું, ચતુર કાગડો તો ઉડી ગયો, અને કાગડા માટે છુટેલુ તીર બાજૂમાં બેઠેલા

હંસને વિંધિને આગળ નીકળી ગયું. લોહી નિતરતો હંસ ડાળ ઉપરથી રાજાના પગ પાસે પડયો.

સફેદ વર્ણવાળા કાગડાને જોઈને રાજા બોલ્યો શું ? કાગડા સફેદ પણ હોય છે ?

રાજાની શંકાને દૂર કરવા હંસ બોલ્યો રાજન્ ! હું કાગડો નથી પણ માનસરોવરમાં રહેવાવાળો રાજહંસ છું.

નીચ એવા આ કાગડાની સોબતથી મારી આવી કરૂણ પરિસ્થિતિ થઈ છે.

માનવના માનસ ઉપર સોબતની અસર થયા વગર રહેતી નથી.

સજ્જનની સોબત સજ્જનતા લાવે છે ।
દુર્જનની સોબત દુર્જન બનાવે છે ।।

★ ★

વેરથી વિષમય બનેલા જીવનું જીવતર બદતર બની જાય છે.

★ ★

# દર્દની દવા

શેઠનો છોકરો પહેલા માળેથી પડી ગયો, અને માથામાં ઉંડો ઘા પડયો. તરતજ શેઠે ગામના એક વૈદને બોલાવ્યા. વૈદે છોકરાને વાગેલા ઘાને જોઈને તેની સારવાર માટે કોઈ અનુભવી વૈદને બોલાવી લાવ્યો. વૃદ્ધ વૈદે છોકરાના ઘાને સાફ કરી બદામનું તેલ ભરીને પાટાપીંડી કરી લીધી અને તે દવાથી શેઠનો છોકરો સામે સારો થઈ ગયો.

એક દિવસની વાત છે. તેજ ગામમાં એક ઘાંચીનો છોકરો હતો તે પણ ભાગ્યયોગે પડી જવાથી ઘણું વાગ્યુ ને માથામાં સખત ઘા થઈ ગયો, ઘાંચીએ પેલા વૈદને બોલાવી દવા કરવા કહ્યું.

તે વૈદે પેલા વૃદ્ધ વૈદની જેમ શેઠના છોકરાના ઘાને બદામના તેલથી સારો કર્યો હતો તે પ્રમાણે ઘાંચીના છોકરાના ઘામાં તેલ ભરીને પાટાપીંડી કરી દીધી.



www.jaintatvagyanshala.org

પણ.... ઘાંચીના છોકરાને ચેન પડતુ નથી વેદના સખત થયા કરે છે, તેથી ઘાંચી પોતાના છોકરાને અને વૈદને લઈને પેલા વૃદ્ધ વૈદ પાસે ગયા, વૃદ્ધ વૈદે બધી વાત જાણ્યા પછી તે વૈદને કહ્યું.

તમે ઘણી ભુલ કરી છે. આના ઘામાં તો તેલ નહિ પણ તેલનો ખોળ ભરવો જોઈએ ! કેમ ? તે વૈદે પુછ્યું.

વૃદ્ધ વૈદે જવાબ આપતાં કહ્યું "ભાઈ ! તે શેઠનો છોકરો હતો અને.... આ... ઘાંચીનો છોકરો છે. બન્નેને એકજ દવા ન હોય."

પછી ઘાંચીના છોકરાના માથામાં ફરી તેલનો ખોળ ભરી પાટો બાંધ્યો. પરિણામે તે સાજો સારો થઈ ગયો.

યોગ્યતા પ્રમાણે આપીયે તો યોગ્ય કહેવાય.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ★ ભાગ્ય

ખભે તીર-કામઠાં ભરાવીને એક પારધી શીકાર માટે જંગલમાં જઈ રહ્યો હતો. મધ્ય જંગલમાં આવતા ત્યાં એક ઝાડની ડાળી ઉપર હોલો-હોલી બેઠા હતા. પારધીની નજર એ બન્ને ઉપર પડી અને તેમને વીંધી નાખવા તૈયાર થયો.

જ્યારે પારધી કામઠાં ઉપર તીર ચઢાવી નિશાન તાકે છે ત્યારે હોલી હોલાને કહે છે, સ્વામિ ! નીચે પારધી આપણને વીંધી નાખવા તૈયાર થયો છે એટલે આપણે બચવા માટે ઉડી જઈએ.

જ્યાં ઉડવા માટે ઉપર નજર કરે છે ત્યાંજ બન્ને થીજી ગયા. ઉપર બાજપક્ષી બન્નેનું ભક્ષણ કરવા તૈયાર બેઠું હતું. બન્ને તરફના ભયને લઈને હોલો-હોલી ફફડી રહ્યા હતા. બચવાનો માર્ગ દેખાતો ન હતો.

ત્યાંજ એક વિચિત્ર પ્રસંગ બની ગયો. નીચે ઉભેલો પારધી હોલા-હોલીને મારવાનું નિશાન લઈ



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
રહ્યો હતો. ત્યારે બાજુની ઝાડીમાંથી એક સર્પ પાણીના રેલાની જેમ સરકી પારધીના પગમાં ડંખ મારી પલાયન થઈ ગયો અને ડંખની ભયંકર વેદનાને લઇને નિશાન ચુકી ગયો, કાનસુધી ખેંચેલુ તીર એકાએક છુટયું અને ઝાડની ટોચ ઉપર બેઠેલા બાજપક્ષીને વીંધીને આગળ નીકળી ગયું. બાજપક્ષી ઘવાઈને જમીન ઉપર પડતાંની સાથે મરણને શરણ થયું. નીચે પારધી પણ ડંખની વેદનાથી તરફડીને મરણ પામ્યો.

આ તરફ હોલો-હોલી બન્ને શીકારીઓના નાશથી ભયમુકત બની ગગનમાં ઉડી ગયા.

જ્યારે માણસનો ભાગ્યોદય પ્રબલ હોય છે ત્યારે તેના ઉપર આવેલા ગમે તેવા સંકટો વિના પ્રયત્ને દૂર થઈ જાય છે, માટે ભાગ્યવાન થવા સારૂ ભાગ્યવાન થવાના માર્ગને અપનાવવો જરૂરી છે.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# કરે તેવું પામે

ગામમાં એક બાવો રોજ આવે અને બોલતો જાય, "કરેગા વો ભરેગા", "ખોદેગા વો પડેગા".

ગામમાં એક બાઈ રહે. તેનો પતિ અને પુત્ર પરદેશ ગયા હતા અને બાઈ બદચલન હતી. તેથી તેને લાગ્યું કે આ બાવો હંમેશા મારા માટેજ બોલે છે. તેનું કાસળ કાઢવા તેણીએ વિચાર કર્યો. એક દિવસ લાડુમાં ઝેર નાખી બાવાને આપ્યા. "લ્યો મહારાજ ભિક્ષા !"

ભિક્ષા લઈ બાવો પોતાની ઝુંપડીએ ગયો. ગામમાંથી રોટીના ટુકડા અને એવું બીજુ મલ્યું હતુ, એટલે લાડુ સવારે ખાવા માટે રાખી રોટલા ખાઈ સુઈ ગયો.

રાત વિતી રહી હતી. વરસાદ ધમધોકાર વરસી રહ્યો હતો તેવામાં કોઈકે બાવાની ઝુંપડીના બારણા ખખડાવ્યાં. અજાણ્યા મુસાફર જાણીને બાવાએ અંદર આવવા દીધા, તે બે મુસાફર ભુખ્યા હતા. તેથી બાવા પાસે ખોરાકની માંગણી કરતાં સાંજે



www.jaintatvagyanshala.org

ભિક્ષામાં મળેલા લાડુ રાખી મુકયા હતા તે આપ્યા. આ બે મુસાફરો લાડુ ખાઈ, પાણી પી સુઈ ગયા. સવારે ખાવો જાગ્યો ત્યારે બન્ને મરેલા પડ્યા હતા. એ તો સફાળો દોડ્યો ગામમાં અને લોકોને બોલાવી લાવ્યો.

લોકો આવ્યા અને જોયું તો આ બન્ને પોતાના ગામનાજ હતા, એટલુજ નહિ બલ્કે પેલી સ્ત્રીના પતિ અને પુત્ર હતા. બાઈ મોઢું ઢાંકીને કરમ કુટવા લાગી, અને પોતાના કરમ પોતાને ભોગવવા પડયા.

હે આત્મા ! ત્યારે તું શું કરીશ ?
પ્રાણથી પ્યારી પ્રિયા, કુમળા કુંવરોના કોમળ સહવાસમાંથી જ્યારે હંમેશને માટે છુટા થવાનો ઓચિંતો અવસર આવશે ત્યારે તું શું કરીશ ? □

# ઉંદર અને કોઠી

ભુખથી સુકાઈ ગયેલા એક ઉંદરે થોડા અનાજવાળી એક કોઠીના નાના કાણાંમાંથી અંદર પેઠો. અંદર ધાન્યને જોઈ ખૂબ ગેલમાં આવી નાચવા લાગ્યો અને માનવા લાગ્યો કે મારા જેવો ભાગ્યવાન ઉંદર બીજો કોઈ નથી.....

હવે તો હું મઝેથી અનાજ ખાઈશ અને લહેર કરીશ. અનાજ ખાઈ ખાઈને અલમસ્ત બની ગયો. દિવસો જતાં જ્યારે કોઠીમાંથી અનાજ ખુટયું ત્યારે ઉંદરમામા બહાર જવા કોઠીના કાણા પાસે આવ્યા પણ પહેલા કરતા શરીર જાડું થઈ જવાના કારણે બહાર નીકળી શકતા નથી. દાંતોથી કોઠીના કાણાંને મોટુ કરવા પ્રયત્ન કર્યો પણ લોઢાની કોઠીએ તેનાજ દાંત પોલા કરી નાખ્યા........

કોઠીમાં અનાજ નથી અને બહાર નીકળાય તેમ નથી, ઉંદર ફરી ભુખથી પીડાવા લાગ્યો. કોઠીના કાણા પાસે બેઠો-બેઠો નિશાશા નાખી રહ્યો છે.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ત્યાં.... કાણા પાસે એક ગરોળી આવી અને અંદર બેઠેલા ઉંદરને જોઈ કહેવા લાગી, "ઉંદરમામા ! જો બહાર નીકળવું હોય તો અંદર પેસતી વખતે જેવા દુબળા હતા તેવા બની જાવ તો સહેલાઈથી નીકળી શકશો."

આજે સંસારમાં ફરતો જીવ વિષય વાસનાઓથી એવો જાડો બની ગયો છે કે તે સંસારરૂપી કોઠીમાંથી બહાર નીકળી શકતો નથી.

માટે થોડા હલકા બનો તો સરળતાથી છુટકારો મેળવી શકાશે.


✱ ✱

ભોગ મેળવતા જીવનનો ભોગ દેવાઈ જાય છે, વિલાસ પાછળ જીવનનું પૂર્ણવિરામ થાય છે.

✱ ✱



www.jaintatvagyanshala.org



# દિવાળી અને હોળી !!

ગાંડાઓના દવાખાનામાં એક દિવસ અચાનક આગ લાગી. ભોંયતળીયેથી શરૂ થયેલી આગની જ્વાળાઓ ઉપરના માળ સુધી પ્રસરી ગઈ.

આગની જ્વાળાઓ જોઈને ગાંડાઓ નાચવા કુદવા લાગ્યા અને બોલવા લાગ્યા વાહ.... વાહ.... આજે તો હોળી પ્રગટી છે. બીજો કહે નારે....ના, દિવાળીના દીવા થયા છે. બીલકુલ નહિ.... આ તો હોળી છે. ચાલો બધા હોળીમાતને પગે લાગો.

અને.... બધા ગાંડાઓ હોળીમાતાને પ્રણામ કરવા લાગ્યા....

ટન.... ન.... ન.... ન.... ન... ટન.... ટન.... ટન.... થોડીવારમાંજ આગના બંબાઓ દોડી આવ્યા.

બંબાવાળાઓએ ગાંડાઓને બુમ પાડી કે, કુદી પડો નહિતર બળીને ભસ્મ થઈ જશો ! બંબાવાળાઓની વાત સાંભળી ગાંડાઓ બરાડી ઉઠયા.

"અરે.... ઘણા દિવસે હોળીમાતાના દર્શન થયા છે તેની મોજ માણવાને બદલે ઉતરવાનું કહો છો ?"

તમોને પંચાત કરવા કોણે બોલાવ્યા છે ? ચાલ્યા જાવ અહિંથી ! નકામા બરાડા પાડી અમને હેરાન કરો છો ?

ડાચા માણસની વાત સાંભળે તો ગાંડા શેના કહેવાય ? એકે ગાંડો નીચે ન ઉતર્યો, બંબાવાળાના બધાજ પ્રયત્નો નિષ્ફળ ગયા. થોડીવારમાં બધા ગાંડા આગમાં બળીને ભસ્મીભૂત થઈ ગયા.

સંસારમાં પણ ભોગ-વિલાસમાં ગાંડો બનેલો આજનો માનવી સંસારની આગમાં બળતો હોવા છતાં બંબાવાળારૂપી ધર્મગુરૂઓ આગમાંથી બચાવવાના સતત્ પ્રયત્નમાં નિષ્ફળતા મેળવે છે અને ભોગી-વિલાસી માનવ બળી મરે છે.

❋ ❋

મૃત્યુના બિહામણા સ્વરૂપનું જો ભાન થશે
તો જરૂર જીવન સુધારવાનો ચાન્સ
મેળવી શકશે.

★ ★

# હલકી વૃત્તિ ત્યાગો

બાદશાહ અકબરની સભા ચિક્કાર ભરાયેલી હતી. બુદ્ધિનિધાન બિરબલ બાદશાહની પાસેજ બેઠા હતા.

બાદશાહે સિંહાસન ઉપરથી ઉભા થઇને પાછળનીજ ભીંત ઉપર એક લીટી દોરી અને સર્વને ઉદ્દેશીને બોલ્યા, "આ લીટીને હાથ લગાડ્યા સિવાય ટુંકી કરી આપો."

બાદશાહના પ્રશ્નને સાંભળીને બધાજ સભાજનો વિચારમાં પડી ગયા. કોઈની બુદ્ધિ કામ નથી કરતી. પ્રશ્નનો ઉત્તર મેળવવામાં સૌ પોતપોતાની બુદ્ધિ અનુસાર તર્કવિતર્ક કરી રહ્યા છે, સભામાં એકદમ શાન્તિ છવાઈ ગઈ છે. ઘણો સમય થઈ જવા છતાં કોઇ ન ઉઠયું ત્યારે....

છેવટે દિલ્હીના બાદશાહને ઉત્તર આપવા બુદ્ધિના બાદશાહ બિરબલ ઉભા થયા. ભીંત પાસે આવીને બાદશાહે દોરેલી લીટી પાસે એનાથી મોટી



www.jaintatvagyanshala.org

લીટી દોરી લીધી એટલે બિરબલની દોરેલી લીટી પાસે બાદશાહની લીટી નાની દેખાવા લાગી.

બિરબલની બુદ્ધિથી બાદશાહ ખુશખુશ થઈ ગયો. સભાજનો આનંદમાં આવી ગયા અને બોલી ઉઠયા....

વાહ... બિરબલ વાહ, વાહ તમારી બુદ્ધિ....


કોઈના પણ નાનામાં નાના ગુણોને હલકી વૃત્તિથી કાપ્યા સિવાય પોતાના ગુણોની વૃદ્ધિ કરવાવાળા બનો.

વેરનું વાવાઝોડું માનવીના જીવનને આવરી લે છે, એની આંધીમાં એવો તો અટવાઇ જાય છે કે જેથી વિવેક-વિચાર ચિંતવન ગુમાવવાપૂર્વક એની આત્મોન્નતિને રૂંધે છે માટે આવા શત્રુથી બચવા હરપળે તકેદારી રાખવી પડશે.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



# અ...ર્પ...ણ

ફરતાં ફરતાં એક સન્યાસી ગુરૂ–ચેલો જંગલમાં આવી પહોંચ્યા. ભોજન કર્યા પછી બન્નેને આરામ કરવાની ઇચ્છા થઈ. ગુરૂએ ચેલાને કહ્યું, પહેલાં તું સુઈ જા પછી હું સુઈશ. ચેલો ઉંઘી ગયો. થોડીવાર થઈ હશે. ત્યાં તો ફુફાડા મારતો વિષધર સાપ ચેલા ઉપર ધસી આવ્યો. પણ ગુરૂએ સાવચેત થઈ સાપ આડી લીટી કરી તેને અટકાવ્યો અને પુછયું.

"ભાઈ વગર કારણે આને શા માટે કરડે છે?"

આગલા ભવમાં એણે મારૂં લોહી પીધું હતું માટે! સર્પે કહ્યું.

ગુરૂએ ઘણો સમજાવ્યો પણ સાપ તો એકનો બે ના થયો. એ તો કહે એનું લોહી પીધા વગર જવાનો નથી.

ગુરૂ કહે, તું કહે ત્યાંથી એનું લોહી કાઢી આપું પછી તો ચાલ્યો જઈશને? સર્પ કહે ગળાનું લોહી આપો તો પીને જતો રહું.



www.jaintatvagyanshala.org

ચપ્પુ હાથમાં લઈ ગુરૂ ચેલાની છાતી ઉપર ચઢી બેઠા. ચેલો જાગી ગયો, જોયું તો પોતાની છાતી ઉપર ચપ્પુ લઈને ગુરૂ બેઠા હતા.

ચેલાએ આંખ મીચી દીધી.

ગળા ઉપર કાપ મુકી ગુરૂએ સર્પને થોડું લોહી કાઢી આપ્યું એટલે તે પીને સાપ ચાલ્યો ગયો.

થોડીવારમાં ચેલો બેઠો થયો અને ગુરૂએ પુછયું કાં બેટા ! હું તારી છાતી પર ચઢી બેઠો ત્યારે તે શું વિચારેલું ?

એજ કે આપ જે કંઈ કરતા હશો તે મારા હિતમાંજ હશે અને મેં મારૂ સર્વસ્વ આપના ચરણે અર્પણ કર્યું છે. એટલે મારે કાંઈ વિચારવાનું રહેતું જ નથી. વિનયપૂર્વક શિષ્યે કહ્યું.

આ જવાબથી પ્રસન્ન થઈ ગુરૂએ પોતાનું સ્થાન અને સાચુ જ્ઞાન આપી તેને પરમ પદનો અધિકારી બનાવ્યો.

ધર્મશાસનના ચરણે જ્યાં સુધી જીવનને સમર્પણ ન કરીએ ત્યાં સુધી અલગપણાના ભાવને લઈને તે ધર્મના રંગથી રંગાતો નથી. ✱

# સં....ગ....

શેરીની બન્ને બાજુ વીષ્ટાની ગંદકી હતી. કોઈ સજ્જન દેખાતા ભાઇએ આ શેરીમાં પ્રવેશ કર્યો. બન્ને તરફની વિષ્ટાની બદબોથી અકળાઇને નાકે રૂમાલ દાબી આગળ વધ્યા. ત્યાંજ વિષ્ટાએ કહ્યું, નાક દબાવીને શા માટે જાવ છો ?

તારામાંથી કેટલી દુર્ગંધ નિકળે છે ? પછી નાક દબાવીને ન ચાલુ તો શું કરૂ ? સજ્જને કહ્યું.

વિષ્ટા બોલી ભાઈ ! તમારા માનવના સંગમાં આવવાથી મારી આ દશા થઈ છે. એક સમયે મારી મૂળ અવસ્થાને જોઈને તમેજ આનંદ માણતા હતા અને અત્યારે તમારા સંગથી થયેલી મારી વિકૃત દશાને જોઈ મુખ મરડો છો ? આશ્ચર્યની વાત છે ! તુ આમ કેમ બોલે છે ? સજ્જને કહ્યું "સાંભળ.... એક વખતે હું અભિમાન સ્વીટ માર્ટમાં ગોઠવાયેલી હતી, અને ગ્રાહકો તેમજ રસ્તે જતાં આવતાં માણસો મને જોઈને લેવાની ઇચ્છાવાળા બનતા હતા,



www.jaintatvagyanshala.org

ખીસ્સામાં પૈસા પુરતા ન હોવાથી સામાન્ય જન ખરીદી શકતા ન હતા. પૈસાદાર શેઠે મને વેચાતી લીધી, આલિશાન મહેલમાં ને અતિસુંદર ભોજનમાં મને ગોઠવી, અને બધાએ ટેસથી ખાધી, જ્યાં હું તેમના ઉદરમાં ગઈ ત્યારથી મારી વિકૃતિ થવા લાગી અને છેવટે ૬-૮ કલાકના તમારા સંગથી વિષ્ટાઓ બહાર આવી. ખરેખર તમારા સંગે હું ઉત્તમ કોટિમાંથી અધમ કોટિમાં મુકાઈ ગઈ.

બહારથી સુંદર દેખાતા અને અંદરથી ખરાબે આ શરીર (કાયા)માં નાખેલા સાર પદાર્થો અસાર બની જતા હોય તો એવી કાયા ઉપર ગર્વ રાખવો એ નરી મૂર્ખતા છે. એ દેહ દ્વારા આધ્યાત્મિક વિકાસ સાધનારજ બુદ્ધિશાળી છે.

આ ફાની દુનિયામાંથી નિકળ્યા બાદ
પરલોકમાં સુખી થવા શું કર્યું ?
ધર્મરૂપી ધનવડે ધનવાન બન્યા
કે નહિ તેનો હિસાબ કર
તેમાંજ આત્મનું શ્રેય છે.

# લો...ભ...

એક પારધી શિકાર માટે જંગલભણી જઈ રહ્યો હતો. ગાઢ જંગલમાં પ્રવેશ કરતાં તેને એક હરણ દેખાયું.

હરણના શિકાર માટે તીર-કામઠું તૈયાર કરી હરણની દીશામાં તીર છોડયું. સન્...ન્...ન્...ન્... કરતુ તીર ચરી રહેલા નિર્દોષ હરણના પેટને વિંધીને આગળ ચાલ્યું ગયું. વાગેલા તીરના ઘામાંથી લોહી નીતરતું હરણ ત્યાંજ મરણને શરણ થયું.

આ તરફ પારધીને પણ પાછળથી સર્પે ડંખ માર્યો અને વિષના કાતિલપણાથી થોડા સમયમાં ત્યાં મરણ પામ્યો.

એટલામાં જંગલમાં ફરતું-ફરતું એક શીયાળ ત્યાં આવી ચઢયું. તેણે જોયુ તો એક તરફ પારધી પડયો છે, બીજા તરફ હરણ પડયું છે. આમ ઘણા દિવસ ચાલે એટલું ભોજન મળતાં તે રાજી-રાજી થઇ


www.jaintatvagyanshala.org

ગયું અને વિચાર કરે છે કે પારધી અને હરણ તો હવે મારા કબજામાં છે. એટલે બીજી કોઈ ચિંતા નથી, એટલે તે બન્ને મડદાને હમણા રહેવા દઉં પહેલા તો આ ધનુષ્યની ચામડાની દોરી ચાવીને ચલાવી લઉં.

અને.... ખેંચીને બંધાયેલી ધનુષ્યની દોરી દાંત વચ્ચે લીધી. દોરી તુટતાની સાથે અર્ધગોળાકારે રહેલી ધનુષની લાકડી છુટતાં શીયાળના મોઢામાં પેસી ગઈ, લાકડી વાગવાથી શીયાળ પણ પારધી પાસે મરણ પામ્યું. લોભવૃત્તિના કારણે શીયાળે પોતાનો જાન ગુમાવ્યો.

આજે માનવીની પરિસ્થિતિ આવીજ બની ગઈ છે. જીવનને ઘસીને, વૈતરા કરીને, ધન ભેગુ કરે છે. પછી તે લક્ષ્મીદાસ બનીને ધનને સાચવી રાખવાની બુદ્ધિએ પેટ ભરીને ભોજન કરતો નથી અને સન્માર્ગે ધનનો વ્યય પણ કરી શકતો નથી. છેવટે પાપના પોટલા બાંધીને ચાલ્યા ગયા પછી ધનને ભોગવનારા બીજા બને છે. માટે લોભના "લ" ઉપરના માત્રાને છોડી "લાભ" લેનારા બનો. □

★

# ★ મિત્રતા

દુધ અને પાણીની મિત્રતા કેટલી બધી અદ્દભુત છે ? કે દુધમાં ગમે તેટલું પાણી નાખીયે તોય દુધ પાણીને પોતામાં એકમેક બનાવી તરતજ મિત્રતા કરીલે છે, અને એ મિત્રતા ટકાવવા માટે પોતે બળી જાય છે.

દુધ ગરમ કરવા મુકતાની સાથે તેમાં રહેલું પાણી તરત બળવા માંડે છે. ત્યારે બળતા એવા પોતાના મિત્રને જોઈ દુધ આકુલ–વ્યાકુલ બની જાય છે, તેથી પોતાના મિત્રની સાથે બળી જવા દુધ એકદમ ઉભરાઈ તપેલામાંથી બહાર નિકળી નીચે રહેલા અગ્નિમાં ચાલ્યુ જાય છે. ત્યારે ઉભરાતા દુધમાં પાણી નાખતાની સાથે પોતાના મિત્રને આવેલો જોઈ દુધ શાંત બની જાય છે.

જીવનની સાથે ધર્મને એકમેક બનાવીને ગમે-તેવા કષ્ટના સમયમાં એકમેકતા ટકાવી રાખશું તો જીવનનું એકજ ધ્યેય જે મોક્ષ છે તે અવશ્ય મેળવી શકીશું અને અખંડ સુખ મેળવવાની સાધનાની સિદ્ધિ સાધી શકીશું. ✻

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ★ સ્વભાવ

એક સન્યાસી ગામમાંથી જંગલભણી જઈ રહ્યા હતા. ત્યાં ગામની સીમા પાસે આવતાં નજીકમાં પાણીથી ભરેલા ખાડામાં નજર પડી અને.... દીલ દયાથી પીગળી ગયું.

તે ખાડામાં એક વિંછી પડી ગયો હતો ને મરવાની તૈયારીમાં હતો.

બધા જીવો પર સમદૃષ્ટિ રાખનારા એ સન્યાસીએ વિંછીને બચાવવા ખાડાના પાણીમાં હાથ નાખી વિંછીને બહાર કાઢવા લાગ્યા. ત્યાં.... ડંખ મારવાના સ્વભાવવાળા વિંછીએ સન્યાસીની હથેળીમાં ડંખ માર્યો. ડંખની વેદનાને લઈને સન્યાસીના હાથમાંથી વિંછી પાછો પાણીમાં પડી ગયો. થોડીવારમાં સન્યાસી ફરી વિંછીને પકડી બહાર કાઢવા જાય છે, ત્યાં વિંછીએ ડંખ માર્યો, ડંખની વેદનાથી સન્યાસીના હાથમાંથી તે પાણીમાં પડી ગયો.



www.jaintatvagyanshala.org

# ★ સમજણ

નગરમાં દુઝણા ઢોરનો અભાવ હોવાથી દુધ કેવા રંગનું કે કેવા સ્વાદનું હોય તેનાથી અજ્ઞાત હતા. અરે ! આગળ વધીએ તો દુધનું નામ નહોતા જાણતા.

એક સમયે તે નગરના રાજાને કોઈ પરદેશીએ પાંચ દશ ગાયો ભેટ મોકલાવી અને કહેવડાવ્યું કે આ ગાયો ઉત્તમ જાતની છે. ઘણું દુધ આપે છે અને તે દુધ ઘણુજ સ્વાદિષ્ટ અને સાત્વિક છે, માટે આપ તે દુધનો ઉપયોગ જરૂર કરશો.

પણ.... દુધ દોહવાની રીત નહિ જાણવાને કારણે દુધ લેવાનું વાસણ ગાયના પાછલા બે પગ પાસે પુંછડા નીચે મુકી દેતાં તેથી વાસણ દુધના બદલે ગૌમુત્રથી ભરાઈ જતું અને દુધ વાછરડા પી જતાં.

ગૌમુત્રને ગાળીને ગરમ કરીને પીતાની સાથેજ થૂ.... થૂ.... થૂ.... થૂ.... કરીને ઉભા થઈ ગયા અને બોલવા લાગ્યા.

અરે.... આમાં તે સ્વાદનું નામ-નિશાન નથી. ખારૂ-ખારૂ ઝેર જેવું છે. ઉલ્ટાનું મુખ બગાડી નાખ્યું.

પછી તો ગાય મોકલનાર પરદેશીને કહેવડાવ્યું કે આવી ગાયોની ઉપાધિ અમારે નથી જોઇતી. એક તો તેની સેવા કરવી અને ઉપરથી ખારા-ખારા દુધને પીવું અમારે આવી ભેટની ખપ નથી.

પરદેશીને સમાચાર મલતાંજ રાજાની અણ-આવડત ઉપર હસતો તેમને સમજણ આપવા જાણકાર બે માણસો મોકલ્યા તેમણે ગાયનું દુધ દોહી રાજાને પીવડાવ્યું.

રાજા તો સફેદ મીઠા મધ જેવા દુધ પીને ખૂશ થઈ ગયો. પેલા માણસોએ દુધ દોહવાની કલા શીખડાવી, અને સમજણપૂર્વકના ઉપયોગથી દુધની મીઠાશ અને સાત્વિકતા મેળવી શકયો.

સમજણપૂર્વકના પ્રત્યેક કાર્યોમાં માનવી આનંદનો અનુભવ અવશ્ય મેળવે છે.

હે પ્રભુ ! વિષયોના વિષનું વમન કરવામાં તારૂ શરણ.... માર્ગદર્શન.... સદૈવ હો !

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# અંતરનો પ્રેમ

પૂર્ણકુટિરના એક ખંડમાં બધાજ શિષ્યો અંદરોઅંદર ઘૂસપૂર્સ કરી રહ્યા હતા. ગુરૂના એકપક્ષીય સ્વભાવની ચર્ચા ઉપર ઉતરી પડ્યા હતા.

આપણે ગુરૂજીની આટલી-આટલી સેવા-ભક્તિ કરીએ છીએ છતાં તેઓ પેલા એકજ શિષ્ય ઉપર પ્રેમ-લાગણી શા માટે રાખે છે ?

વાતપણ સાચી હતી કે ગુરૂજી અન્ય શિષ્યો કરતાં પેલા એક શિષ્ય ઉપર વધુ પ્રેમ રાખતા હતા.

અને.... ઘણા દિવસોનો સંગ્રહી રાખેલો ઉભરો આજે ગુરૂ પાસે ઠાલવવાનું શિષ્યોએ નક્કી કર્યું.

"ગુરૂદેવ ! આપ અમારા પૂજનીય છો. આપની અમે સેવા કરીયે છીયે છતાં પક્ષપાત કેમ કરો છો ? પેલો શિષ્ય શું અમારા કરતાં વધારે સેવા કરે છે ?"

ગુરૂ જ્ઞાની હતા. એટલે ટુંકા દીલના આ શિષ્યોની ઇર્ષાળુ વાત સાંભળી પેલા શિષ્ય ઉપર


www.jaintatvagyanshala.org

વધારે પ્રેમ શા માટે છે, તે બતાવવાનો નિર્ણય કરીને પોતાના પગમાં એક રસી ઝરતું, દુર્ગંધ છોડતું ગુમડું ઉત્પન્ન કર્યું પછી તે ગુમડાને મટાડવા ઉપાયો કરવા લાગ્યા. છતાં મટતુ નથી, એટલે વૈદ્યને બોલાવ્યો.

ગુમડાને જોઈને વૈદ્યે કહ્યું "આ ગુમડું મલમ-પટ્ટીથી નહિ મટે પણ જે માણસ મુખથી આ ગુમડાની રસી ચુસી લે તો ગુમડું મટે અને રસી ચુસનારને એ રોગ થાય".

ત્યારબાદ ગુરૂજીએ એક પછી એક શિષ્યોને બોલાવીને વૈદ્યની વાત જણાવી પણ કોઈ શિષ્ય રસી ચુસવા તૈયાર ન થયો, ત્યારે પેલો ગુરૂજીની સેવા ખાતર જીવન અર્પણ કરનાર શિષ્ય આગળ આવ્યો, અને કશો વિચાર કર્યા વગર ગૂમડાની બધીજ રસી ચુસી લીધી.

ગુરૂજીનું ગૂમડું મટી ગયું. શિષ્યને રોગ ઉત્પન્ન થયો આ જોઈને બીજા શિષ્યો મનમાં હસવા લાગ્યા "કેવો મૂર્ખ છે, ગુરૂજીના એક ગૂમડાને મટાડવા ખાતર પોતાની આખી જીંદગી બગાડી નાખી !"

થોડી વારે ગુરૂજી ઈર્ષાળુ શિષ્યોને ઉદ્દેશીને બોલ્યા "જોયુને ? પેલા શિષ્ય ઉપર મને અંતરનો

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

પ્રેમ શા માટે છે ?"

જેણે સર્વસ્વ અર્પણ કર્યું હોય તેનેજ અંતરના આશીર્વાદ મળે છે.

ત્યારબાદ ગુરૂજીએ પેલા શિષ્યનો રોગ પ્રેમ-પૂર્વકના આશીર્વાદથી મટાડી દીધો. ✻

સુખ-દુઃખનો અનુભવ કરાવનાર, ચોરાશીના ચક્કરમાં પ્રરિભ્રમણ કરાવનાર આ સંસારમાં કેટલાયે આવ્યા અને ચાલ્યા ગયા. કમળની જેમ ખીલ્યા અને કરમાયા. રાગ-રોગ-વૈર-ઝેરથી વ્યાપ્ત સંસારમાંથી મુક્ત થવાનો એકજ માર્ગ છે. અંતરને પ્રભુભક્તિમાં ઓતપ્રોત બનાવી દયો.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

## હં....ભ....

એ....બાવો ધ્યાનમગ્ન થઇને વૃક્ષ નીચે પદ્માસને બેઠો હતો. લોકો તેને ખરા ત્યાગી માનીને પૂજવા લાગ્યા, પણ ગામના બે માણસોને બાવાની પરિક્ષા કરવાનું મન થયું.

બાવો જ્યાં આંખો બંધ કરીને બેઠો હતો ત્યાં બન્ને જણા આવ્યા. તેમાંથી એક બોલ્યો "આપણે આજે સરસ મઝાનું ભોજન લાવ્યા છીયે પણ થોડું મહાત્માને આપીને પછી ભોજન કરીયે."

બીજો બોલ્યો "પણ....બાવાજી તો ધ્યાનમાં છે એટલે તેમને ભોજન કઇ રીતે આપીશુ?"

ખરી વાત છે. એમને એમ ધરીને ચાલ્યા જઇએ તો કોઈ ઉપાડી જાય! પહેલો બોલ્યો.

ધ્યાનમાં બેઠેલો બાવો આ બન્નેની વાત સાંભળી અને પાસે આવેલું મઝાનું ભોજન ચાલ્યુ ન જાય માટે મોઢું પહોળુ કરીને બે હાથવડે ભોજન મોંમા મુકવાની સુચના કરી.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

પણ આ બન્ને પાસે કશું હતું જ નહિ. ફક્ત વાતોથી ભોજનની ચર્ચા કરી રહ્યા હતા. એટલે બેમાંથી એકજણે નીચે નમીને થોડી ધુળ લઈ બાવાના મુખમાં નાખી, રવાના થઈ ગયા, થોડીવારે બાવાએ આંખો ખોલીને જોયું તો ન મળે ભોજન કે ન મળે માણસો ! બાવો ઝંખવાણો પડી ગયો.

દંભ એ અધોગતીનું સોપાન છે.

પોણોસો-સો વરસની જીંદગીમાં કેટલીયે ધનતેરસ વહી ગઈ, લક્ષ્મીપૂજનો કર્યા. ભાગ્યયોગે ધનવાન પણ બન્યા. પણ........ તેથી શું ?

આ ફાની દુનિયામાંથી નિકળ્યાબાદ પરલોકમાં સુખી થવા શું કર્યું. ધર્મરૂપી ધનવડે ધનવાન બન્યા કે નહિ તેનો હિસાબ કર તેમાંજ આત્માનું શ્રેય છે.


www.jaintatvagyanshala.org

# અજ્ઞાનતા

વેપારીના બન્ને પુત્રો અભણ અને વ્યવહારના અજાણ હતા. વેપારીના મરણ બાદ બન્ને પુત્રો સહિત તેની મા ગામ છોડીને વાઘરીવાસમાં રહેવા ગઈ. ત્યાં મરચાં-મીઠાંની નાની સરખી દુકાન કરી ત્રણે જણા જીવન ગુજારો કરવા લાગ્યા.

કામ પ્રસંગે એક દિવસ બન્ને ભાઇઓ નજીકના ગામમાં ગયા અને એક દિવસના બદલે બે દિવસ રોકાઈ ગયા.

આ તરફ વાઘરીવાસમાં બન્ને ભાઈઓના ગયા બાદ એજ રાત્રિમાં આગ લાગી. આખો વાઘરીવાસ લગભગ આગમાં ભરખાઈ ગયો હતો. પેલા બન્ને ભાઇઓની મા ભયના કારણે પહેલેથીજ પોતાના સંબંધીના ઘેર ચાલી ગઈ હતી.

બીજા દિવસની રાત્રે બન્ને ભાઈઓ પરગામથી પાછા આવી ગયા. જોયું તો વાઘરીવાસ આગમાં ખાખ થઈ ગયો હતો, માની તપાસ કરી પણ પત્તો

લાગ્યો નહિ એટલે તેઓ સમજ્યા કે મા આગમાં ભરખાઇ ગઈ લાગે છે.

મા નું મડદું હાથમાં આવે તો તેનો અગ્નિ-સંસ્કાર કરવાનો વિચાર કરી પોતાના ઝુંપડાના કાટમાળને ખસેડવા લાગ્યા. ત્યાં મડદા જેવું દેખાયું પણ તે અડધુ બળી ગયેલું હતું.

અંધારામાં પુરેપુરૂ નહિ દેખાવાના કારણે બન્ને જણાએ માની લીધું કે મા નું અડધું શરીર બળી ગયું છે, અને અડધું પડયું છે. પછી તો તરતજ ઘરના અડધા બળી ગયેલા વાંસ અને તેની પટ્ટીઓ લાવી તે મડદાને વાંસની ઠાઠડીમાં બાંધી દીધું.

સવાર પડતા ગામમાંથી સગા અને આડોશી પાડોશીને બોલાવી માનો અગ્નિસંસ્કાર કરવા ઠાઠડી ખભે ઉંચકી સ્મશાન તરફ "રામ બોલો ભાઈ રામ" "રામ નામ સત્ય હૈ" બોલતાં ચાલવા લાગ્યા.

ત્યાં તો ગામની બજાર વચ્ચે આવતાંજ ઠાઠડી ઉંચી નીચી થવાના કારણે બંધનમાંથી પુંછડી બહાર નીકળી પડી અને લટકવા લાગી.

પુછડાને જોઇને બધા આશ્ચર્ય પામ્યા કે અરે.... આમાં શું બાંધ્યુ છે ? માણસ કે ઢોર ?


www.jaintatvagyanshala.org

મોટો ભાઈ નાના ભાઈને કહે છે અલ્યા....આ પુંછડું કેમ નીકળ્યું ? આપણી માને પુંછડું કયાં હતું ?

નાનો ભાઈ કહેવા લાગ્યો "અરે રે.... તું તો બુથ્થડ જેવોજ રહ્યો, તને ખબર નથી કે આપણા પિતાજી જ્યારે આપણાં ઉપર ખીજાતા હતા ત્યારે કહેતા હતા કે "તારી મા નું પુંછડું" શું પિતાજીની વાત ખોટી છે ?"

પછી તો બજારમાંજ ઠાઠડીને ખોલવામાં આવી તો અંદરથી મરેલી કુતરી નિકળી, કારણ કે બન્ને જણે જોયા વગરજ રાત્રે કુતરીને મા નું મડદુ સમજી બાંધી દીધી હતી.

બન્ને ભાઈઓની અજ્ઞાનતા-મૂર્ખતા ઉપર લોકો હસીને રવાના થઈ ગયા.

અજ્ઞાનતા દ્વારા માણસ હાંસીને પાત્ર બને છે.

*—*

● ●
તેમ પ્રભુશાસનને પામનાર પોતાના ધ્યેયને
ન સાચવે તો તે પણ જીવનનું દેવાળુ કાઢે.
● ●



www.jaintatvagyanshala.org

# હૃદય અને જીભ

એની સ્થિતિ સાવ મધ્યમ હોવાના કારણે તે કોઈ શેઠના ઘેર સર્વિસ કરતો હતો. શેઠ ઘણોજ ભલો અને સમજુ હતો, એટલે તે તન-મનથી સેવા કરતો હતો.

એક દિવસ શેઠે તેને કહ્યું "શરીરમાં સારામાં-સારી ગણાતી વસ્તુ લઇ આવ !"

શેઠની આજ્ઞા થતાં તે ઘર બહાર નિકળ્યો. માણસને તો મારી નંખાય નહિ એટલે તેણે કોઈ કુતરીનું હૃદય અને જીભ કાઢી લઇને શેઠ પાસે આવ્યો અને બોલ્યો.

"લ્યો.... શેઠ ! શરીરની ઉત્તમમાં ઉત્તમ વસ્તુ આ છે, અને શેઠની સામે કુતરીના હૃદય અને જીભ ધરી દીધા."

શેઠે ફરીવાર કહ્યું "હવે ખરાબમાં ખરાબ વસ્તુ લઈ આવ" પેલો ફરી પાછો બહાર નિકળ્યો. પણ....



www.jaintatvagyanshala.org

વિચાર કરતાં-કરતાં તેને ખરાબમાં ખરાબ વસ્તુ યાદ આવી ગઈ તેથી કશું લીધા વગરજ પાછો આવ્યો.

ખાલી હાથે આવેલો તેને જોઇને શેઠ બોલ્યા, અલ્યા ! ખાલી હાથે કેમ આવ્યો ? તને કશી ખરાબ વસ્તુ ન મળી ?

શેઠ ! ખરાબ વસ્તુ મળે છે પણ તે હાથમાં નથી, મગજમાં છે. ખરાબમાં ખરાબ વસ્તુ મેં આપને પહેલા જે હૃદય અને જીભ લાવી આપ્યા છે તેજ છે.

કારણ કે હૃદયની સુંદરતા દ્વારા અને જીભની મીઠાશ, સત્યવચન, પ્રભુના ગુણગાન દ્વારા ઉન્નતિ સાધી શકાય છે, એજ હૃદય જ્યારે કપટ-પ્રપંચથી યુક્ત બને છે અને જીભ જ્યારે વિષમય અને કટુ બને છે ત્યારે અધોગતિના પગથીયા ગણવાનું ચાલુ થાય છે.

જીવનમાં સુખ-દુઃખના તડકા છાંયડા આવ્યાજ કરે છે. માટે સુખમાં સહૃદયી નિરાભિમાની બનજો અને દુઃખમાં સમતા શાન્તિને ધારણ કરતા શીખજો.

* *

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ખારૂં-મીઠું

શેઠ ઘરડા થવા છતાં ધર્મ પામ્યા ન હતા, અને ધર્મપામવાની ઇચ્છા પણ રાખતા નહિ, પણ શેઠના છોકરાની વહુ બહુ ધર્મિષ્ઠ હોવાથી ધર્મ-આચરણ વગરની સસરાની પ્રવૃત્તિ ન ગમે. તેણે સસરાજીને ધર્મમાર્ગે વાળવાનો નિશ્ચય કર્યો.

ગામમાં એક દિવસ મહાત્મા પધાર્યા, તેમના સુંદર પ્રવચનના કારણે લોકો સાંભળવા ઉમટવા લાગ્યા.

પેલી વહુએ સસરાજીને આગ્રહ કરી પ્રવચન સાંભળવા મોકલ્યા, મન ન હતું છતાં વહુના આગ્રહથી ગયા.

જીંદગીમાં કદીયે ધર્મ સાંભળ્યો ન હોય ત્યારે હવે મનની ભાવના ક્યાંથી ઉમટે ?

શેઠ પ્રવચનમાં ગયા આગળ ન જતાં દરવાજા પાસે બેઠા ૧૦-૧૫ મિનીટ થઈ ત્યાં તો તેમને ઝોકા આવવા માંડ્યા, ત્યાંજ કોઈ બહારથી કુતરૂ આવી



www.jaintatvagyanshala.org

શેઠના મુખમાં પેશાબ કરી ગયું.

અજ્ઞાન શેઠ સફાળા બેઠા થઈ ગયા અને ઘેર ચાલી ગયા.

વહુએ પુછયું કાં સસરાજી, પ્રવચન ગમ્યું ? "અરે શું કહું ? ખારૂ ઝેર જેવું પ્રવચન હતું." સસરાએ કહ્યું. વહુ તો સમજી ગઇ કે સસરા પ્રવચનમાં ઉંઘતા હશે અને કુતરૂં મુતરી ગયું હશે.

બીજા દિવસે સસરાને કહ્યું આજે પ્રવચન મીઠું છે માટે જરૂર જાવ.

સસરાજી ગયા પણ પહેલાની જેમજ દરવાજા પાસે બેસી ઉંઘવા લાગ્યા, અને પૂર્વ સુચનાનુસાર પાડોશીના છોકરાએ શેઠના મોઢામાં સાકર નાખી દીધી.

પ્રવચન બાદ શેઠ ઘેર આવતાં વહુએ પુછયું કેમ ? આજે પ્રવચન કેમ લાગ્યું ?

અરે.... ! શું કહું આજે તો મીઠું-મધુર પ્રવચન હતું. એમ કરતાં પ્રેરણા દ્વારા વહુએ સસરાજીને ધર્મમાર્ગેવાળી જીવન સુધારી દીધું.

સરલહૃદયી માણસો ધર્મ જલ્દી પામી શકે છે અને બીજાને સરલતાથી પમાડી શકે છે. ★


www.jaintatvagyanshala.org

# મનનો મેલ

બન્ને સગા ભાઈઓ હતા. પણ તેમાં મોટો ભાઈ ભોળા સ્વભાવનો અને નિતિથી કમાણી કરી જીવન વ્યવહાર ચલાવવાના વિચારવાળો હતો તેથી તેની આર્થિક પરિસ્થિતિ નબળી રહ્યા કરતી હતી.

ત્યારે નાનોભાઈ વેપારમાં હોશિયાર હતો. ધંધામાં ઘાલમેલ અને આઘુ-પાછુ કરીને ધનવાન બની ગયો હતો.

એક દિવસ નાનાભાઈએ તીર્થયાત્રાએ જવાનો નિર્ણય કર્યો.

મોટા ભાઈ પાસે તીર્થયાત્રા કરી શકે એટલા પૈસા હતા નહિ એટલે નાનોભાઈ તીર્થયાત્રાએ નિકળ્યો ત્યારે મોટાભાઈએ નાનાભાઈના હાથમાં એક કડવી તુંબડી આપીને કહ્યું.

"ભાઈ....! આ તુંબડીને દરેક તીર્થમાં સ્નાન કરાવજે અને પાછા ફરતાં તુંબડીને પાણીથી ભરીને લાવજે.

નાનાભાઈએ બધા તીર્થની યાત્રા કરતાં-કરતાં અને તુંબડીને સ્નાન કરાવતાં-કરાવતાં પાણીથી ભરેલી તુંબડી સાથે પોતાના વતન પાછો ફર્યો.

બન્ને ભાઈ ભેટ્યા. નાનાભાઇએ પાણી ભરેલી તુંબડી મોટાભાઈના હાથમાં આપી.

ત્યારે મોટાએ નાનાને કહ્યું, "આ કડવી તુંબડીનું પાણી મીઠું થયુ છે કે નહિ તે જોઈલે........"

નાનાએ તુંબડીનું પાણી પીતાંજ કડવુ ઝેર જેવું લાગ્યુ. નાનાનું મોઢુ દીવેલ પીધા જેવું થઈ ગયું.

મોટાએ કહ્યું "ભાઈ ! જ્યાં સુધી મનનો મેલ દૂર ન થાય ત્યાં સુધી કડવી તુંબડીની જેમ યાત્રા ફળતી નથી તેથી જીવનને નિર્મળ બનાવી સાધનાના સોપાને ડગ ભર.

અનર્થોનું સર્જન રાગ-દ્વેષમાંથી થાય છે અને અનર્થોમાં અજ્ઞાનતા સહાયક બને છે. જેથી આત્મોન્નત્તિનું સર્જન વિસર્જન-ના માર્ગે વળે છે માટે રાગ-દ્વેષને ખતમ કરો. અજ્ઞાનતા દૂર કરવા જ્ઞાનપિપાસુ બનો.



# અહંતાનું મૃત્યુ

એક મહાત્મા ગામેગામ ફરતાં ફરતાં એક નગરમાં આવી પહોંચ્યા. તેમના પ્રભાવ સંપન્ન વ્યક્તિત્વ ઉપર નગરના લોકો વારી ગયા અને તેમની યથાશક્તિ સેવા–ભક્તિનો લાભ ઉઠાવી ધન્યતા અનુભવવા લાગ્યા.

ગામના એક ભાઈને મનમાં વિચાર ઉદ્‌ભવ્યો કે મહાત્મા તેજસ્વી જરૂર છે પણ તેમનામાંથી અહંકાર અને મમતા મૃત્યુ પામ્યા છે કે નહિ તેની ખાત્રી કરવી જોઈએ.

અને....તે ભાઈએ બીજા દિવસ માટે પોતાના ઘરે ભોજનાર્થે પધારવાનું આમંત્રણ આપ્યું. મહાત્માજીએ પણ હા પાડી.

બીજા દિવસે ભોજનના સમય કરતાં પેલા ભાઈ ચાર કલાક મોડા આવ્યા. આવતાની સાથેજ બોલ્યા.

મહાત્માજી ! મને બોલાવવા આવવામાં મોડું

થઈ ગયું માટે મારી રાહ જોયા વગર બીજે ગયા હોત તો શું બગડી જવાનું હતું ? ખેર....આમંત્રણ આપ્યું છે એટલે લઈ જવા તો પડશેજ ને ? ચાલો થાવ ઉભા.

અને મહાત્માજી કશું બોલ્યા વગર તે ભાઈની પાછળ ચાલવા લાગ્યા, થોડે ગયા પછી પેલા ભાઈએ ફરી બોલવા માંડયું, આવું તગડા જેવું શરીર છે, તો મજુરી કરીને ખાતા હોવ તો....? મફતનું ખાવામાં મઝા આવે ? મહાત્મા બધુ મુંગે મોએ સાંભળે રાખે છે પણ જવાબ નથી આપતાં.

વળી થોડે ગયા ત્યાં....જાવ....જાવ....પાછા.... અમે કોઈને મફત જમાડતા નથી. મજુરી કરજો અને પેટ ભરજો ! મહાત્મા પાછા વળ્યા.

પાછા વળતાં મહાત્માને જોઈ પેલા ભાઇ ફરી બોલ્યા "લો...હાલો હાલો રીસ ચઢાવીને પાછા વળવાની જરૂર નથી, આમંત્રણ આપ્યું છે, એટલે સુકો રોટલો નાખ્યા વગર ચાલવાનું છે ?

ભયંકર અપમાનજનક વાકયો સાંભળવા છતાં જરાય ખચકાયા વગર તે ભાઇની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

ઘરે પહોંચતાં તે ભાઈએ મહાત્માને દરવાજા પાસે જોડા ઉતારવાની જગ્યાએ બેસાડ્યા અને જુની

થાળીમાં સુકો-લુખો જાડો રોટલો અને વાસી શાક આપ્યું. જરાય આનાકાની કર્યા વગર મહાત્માએ જમવાનું ચાલુ કર્યું.

તીખી તમતમતી વાણી સાંભળવા છતાં અહંતા-વિહ્વલતા લેશમાત્ર જોવા ન મળી. અદ્ભુત સહનશીલતા જોઈ તે મહાત્માના ચરણોમાં નમી પડયો. મહાત્મન ! ક્ષમા કરજો. વિના કારણે મેં આપને પરેશાન કર્યા છે. ખરેખર આજે મેં આપનામાં મમતાનું મૃત્યુ, અને સમતાનો જન્મ થયેલો જોયો છે. આજથી મારૂ સર્વસ્વ આપના શરણે છે.

રોમ રોમમાં ધર્મકાજે આત્મસમર્પણની ભાવના પ્રજ્વલીત ન હોય અને ફકત દેવતાઈ સુખ ભોગવવામાં મશગુલ બનેલા અને સ્વાર્થ પોષવામાં તત્પર રાજા-મહારાજા, શેઠ કે સાહુકારો જીવનમાં શાન્તિ મેળવી શકતા નથી.



# અપ્રમાણિકતા

એ ભરવાડણ રોજ વેપારી શેઠને ઘી આપી જાય, અને શેઠ ખરીદી લે તેના બદલામાં બીજી ચીજ લઈ જાય.

એક દિવસ ભરવાડણ ઘી આપી ગઈ પણ શેઠને શંકા પડવાથી સાંજે ઘી તોલ્યું તો પોણોશેર થયું. બીજા દિવસે ભરવાડણ આવતાંજ શેઠે તેને ઉધડી લઈ નાખી.

અરે.... ? તું કેવી અપ્રમાણિક છે ! તારા ઉપર હું વિશ્વાસ રાખી રોજ ઘી લઇ લઉં છું. મેં માનેલુ કે ગામડાના માણસો સીધા સરલ અને પ્રમાણિક હોય છે. પણ ગામડાના માણસોએ નિતિ-નિયમને એક કોરે મુકયા છે.

શેઠની હૈયાવરાળ સાંભળી પેલી ભરવાડણ બોલી ઉઠી, હું અપ્રમાણિક ? મારા માથે ભગવાન છે. આજ સુધી હું જુઠુ બોલી નથી, કે જુઠુ કર્યું નથી.

તો પછી તે જે તોલથી ઘી તોલ્યું હોય તે તોલ લાવ આપણે જોખી જોઇએ. અરે શેઠ અમારા જેવા ગામડીયા ગમાર પાસે તે વળી તોલ માપ હોતા હશે ? તો તું શેનાથી જોખે છે ? શેઠે પુછયું.

ગઇકાલે તમારે ત્યાંથી ઘીના બદલામાં જે સાકર લઈ ગઈ હતી તેનાથી મેં ઘી તોલ્યું હતું. આ સિવાય કશું હું જાણતી નથી. માલ મારો અને કાટલુ તમારી સાકર.

શેઠ તરત સમજી ગયા કે મેં સાકર પોણો શેર આપી હતી. એટલે ઘી પણ એટલુંજ આવ્યું. આમાં મારોજ વાંક છે. શેઠને પોતાની ભુલ સમજાઇ ગઈ. અને પ્રમાણિકપણે ચાલવા લાગ્યા.

બીજાને ઠગનારો માણસ છેવટે પોતેજ ઠગાય છે. અને પોતાના દુષ્કૃત્ય બદલ ચાદર ઓઢીને રોવાથી કશો લાભ થતો નથી.

જીવનને પ્રમાણિકપણે પસાર કરી જીવનના ધ્યેયની સિદ્ધિ તરફ વળો. ★

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



# નફામાં મળ્યો હોકો

એક ચોર ક્યાંકથી સુંદર ઘોડી ચોરી લાવ્યો. ચોરી તો લાવ્યો, પણ પછી ચિંતા થઈ આવી પાણીદાર ઘોડી ઓળખાયા વિના રહે? એટલે છેવટે વેચી નાખવાનો વિચાર કર્યો.

કોઈ ઠેકાણે પશુઓનો મેળો ભરાયો હતો ત્યાં ગયો. ડરતો ડરતો પૂછવા લાગ્યો 'ઘોડી ખરીદવી છે?'

એક ચકોર વેપારી ચોરને પામી ગયો પૂછ્યું, 'ઘોડી કોની છે?' 'મારી છે' ચોરે કહ્યું. કેટલામાં વેચવી છે?' વેપારીએ પૂછ્યું.

ચોરના બાપદાદાઓએ પણ આવી ઘોડી રાખેલી નહિ. એટલે ચોરને એના મૂલની શી ખબર? એણે જે કિંમત કહી એ પરથી વેપારીને ખાત્રી થઈ કે આ ચોરાઉ માલ છે.



www.jaintatvagyanshala.org

વેપારીએ કહ્યું "કિંમત તો વધારે છે પણ ઘોડી સારી છે, એટલે ખરીદીશ પણ એની ચાલ કેવી છે એ જરા સવારી કરીને પરીક્ષા કરી લઉ."

પોતાનો હોકો ચોરને આપી વેપારીએ જરાક એડી મારી કે ઘોડી વા વેગે ઉપડી.

ચોર પાછળ દોડવા લાગ્યો એટલે વેપારીએ કહ્યું 'શા માટે પાછળ દોડે છે ? ઘોડી કંઈ તારી નથી. અમસ્તો માલિક બની બેઠો છે."

ઘેર ગયો ત્યારે ગામલોકોએ પૂછ્યું "ઘોડી કેટલામાં વેચી ? ચોર કહે "જેટલામાં લાવ્યો હતો તેટલામાં."

"નફામાં કંઈ મળ્યું કે નહિ ?"

"મળ્યુ ને, આ હોકો મળ્યો. કાળજુ બાળવા માટે !"

માનવીનું આવુંજ છે. અહી શું લઇને આવ્યો હતો ? બધુજ અહી મૂકીને ચાલ્યો જવાનો છે, અને છતાંય જીવ બાળવા આવો 'હોકો' હાથમાં લઇને ફરે છે. જે નીતિ-ન્યાયનું મૂલ્ય સમજે છે તેઓ કદી લાભના લોભમાં ફસાતા નથી, અને જીવન સુવાસમય બનાવે છે. ★

# સજ્જન-દુર્જન

એક ભાઈ રસ્તા ઉપર જઇ રહ્યા હતા, ત્યાં તે ભાઇએ રસ્તામાં એક કુતરાને બેઠેલો જોઈ પૂછયું અલ્યા, આમ રસ્તા વચ્ચે કેમ બેઠો છે ? ત્યારે તેણે જવાબ આપતા કહ્યું "હું સજ્જન અને દુર્જનને પીછાણવા બેઠો છું !

કુતુહલથી તે ભાઇએ પુછયું. કેવી રીતે તું ઓળખીશ ? કુતરાએ કહ્યું, જેઓ સજ્જન છે તેઓ મને હેરાન કર્યા વગર ચાલ્યા જાય છે અને જેઓ દુર્જન છે તેઓ મને મારીને-અડપલા કરીને જાય છે.

આ રીતે હું સજ્જન-દુર્જનની ઓળખ કરૂં છું.

વાહ ! વાહ !! આજે તો અંગોને આભુષણોથી અલંકૃત કર્યા છે ? પણ.... એ તો માટીની કાયાને શોભાવનારા છે. આત્માને નહિ ! કાયાની માયારૂપ આ અલંકારો તમે નહિ ઉતારો તો એક દિવસ તમારા કુટુંબીઓ ભેગા થઈ ઉતારશે માટેજ કોઈ ન ઉતારી શકે તેવા આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ અલંકારોથી અલંકૃત બનો.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



# ધનની કિંમત

રણમાં રાજા ભુલો પડયો. સાથે ભોજન-પાણી નહિ હોવાથી ભુખથી પીડાવા લાગ્યો, તરસે જીવ અધ્ધર થઈ ગયો. ખોરાક અને પાણી માટે આમ-તેમ ભટકવા લાગ્યો. એમાં એને માર્ગમાંથી એક થેલો મળી આવ્યો. ખોરાક મળશે એવી આશાએ થેલો જલ્દીથી ઉંચકી ખોલ્યો. પણ.... આ શું ? થેલામાંથી કિંમતી મોતી નીકળ્યા !!

આ સમયે રાજાને મન મોતીની કિંમત નહિ પરંતુ અન્ન-પાણીની વધારે કિંમત હતી.

આશાના ભુકકા થઈ ગયા. રાજા ઉદાસ બની ગયો. ચોધાર આંસુએ રડતો રાજા ભુખ-તરસે તરફડવા લાગ્યો. દિલાસો કે સુકો રોટલો આપનાર પાસે કોઈ નથી. અંતે રાજા મરણને શરણ થયો.



www.jaintatvagyanshala.org



# ખાલી હાથે આવ્યા ને ખાલી હાથે જવાનું છે

સમ્રાટ સિકંદરે પોતાના મૃત્યુ બાદ કબરમાં સુવડાવતી વખતે બન્ને હાથની હથેળીઓ ખુલ્લી રાખવાની સૂચના પોતાના અંગત કારભારીઓને આપી અને કહ્યું કે "જગતને સમજાવી દો કે સિકંદરે વિશ્વ પર વિજય મેળવ્યો, પરંતુ આખરે ભગવાનના દરબારમાં તો ખાલી હાથેજ જવાનું છે."

સિકંદરના આ શબ્દો જગતના દરેક માનવીએ સમજવાના છે. ખાલી હાથે આવ્યા અને ખાલી હાથે જવાનું છે જન્મ અને મૃત્યુ વચ્ચેનો જીવન કાળ પુણ્ય કરવાનો સોનેરી સમય છે. જન્મ ત્યારેજ સાર્થક બને છે કે સમ્યગ દર્શન-જ્ઞાન-ચારિત્ર્યથી યુકત બનાવીએ અને મરણ એવું બનાવીએ કે ફરી જન્મ-મરણના ફેરા મિટાવે.



www.jaintatvagyanshala.org

# માલ-મલીદાની મઝા

બોકરો અને કુતરો બન્ને પ્રાણી કસાઇના પાળેલા હતા છતાં બન્નેને સાચવવામાં એટલોજ ભેદભાવ હતો. બોકડાને સારૂં ભોજન આપવામાં આવતું હતું, સંભાળ પુરેપુરી રખાતી હતી. જ્યારે કુતરાને પેટ પુરતું સુકુ ભોજન પણ મળતું ન હતું જો દરવાજામાં જઇને બેસે તો હડ....હડ....હડ.... કરીને તીરસ્કારાતું હતું. રાત-દિવસ ચોકી કરવા છતાં તેની કોઈ કિંમત ન હતી. બોકડાની આવી સરભરા અને માલ-મલીદાના ભોજન અપતાં જોઈને તે બળવા લાગ્યો, પણ તેનું શું ચાલે ?

મહિનાઓ પસાર થવા લાગ્યા. એક દિવસ કસાઈના ઘેર ઘણા મહેમાનો આવ્યા. મહેમાનોને જોઇને કુતરો ઘણોજ અકળાયો, કારણ કે તે સમજતો હતો કે આજે આ મહેમાનો માટે સારી રસોઈ બનશે એટલે પેલા બોકડાને પણ એજ ભોજન મળશે.

અદેખાઈની આગમાં હોમાવાના કારણે કુતરો એકદમ હાડપિંજર જેવો બની ગયો હતો.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ત્યાં તો બેં....બેં....બેં....બેં.... ની કરૂણ ચીસ કુતરાના કાને અથડાઈ અને અલોપ થઈ ગઈ.

કુતરો ચીસની દિશામાં ગયો અને જોયું તો... માલ-મલીદા ખાઈને પુષ્ટ બનેલો બોકડો મહેમાનોના ભોજન માટે કપાઈ ગયો હતો.

કુતરો મનમાં સમસમી ઉઠયો, અરે....... માલ-મલીદા ખાવામાં મઝા નથી, એના કરતા ઓછી સંભાળ અને સુકો રોટલો સારો.

કષાય આત્માનો કટ્ટર દુશ્મન છે. તે પણ ભવોભવનો. જરામાત્ર આપણી ઈચ્છા વિરૂદ્ધ કોઈપણ કાર્ય કે આચરણ થતાં તે આપણા ઉપર સવાર થઈ જાય છે જીવનને અસ્તવ્યસ્ત કરી નાખે છે. માટે આત્મામાં થતા તેના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા સાવચેત બનો.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ✽ વિદાય થતાં પહેલા ✽

ઘરમાં આવેલા મહેમાનોનું ખુબ-ખુબ સ્વાગત કર્યા પછી જ્યારે એ મહેમાનો વિદાય લે છે ત્યારે તમો હાથ ઉંચા કરીને શું બોલો છે ?

આવજો..... આવજો..... આવજો..... બરૂને ? પણ.... અમારા માટે (મુનિઓ માટે) એથી ઉંધુ છે.

અમે જ્યારે એક સ્થાનથી બીજે સ્થાને જવા વિદાય લઈએ છીયે ત્યારે તમોને હાથ ઉંચો કરી કહીશું લાવજો........ લાવજો........ લાવજો........ શું ? અમારા જેવા મુનિવરો, યોગિઓ.

કારણકે મુનિઓના પ્રેરણાદાયિ પ્રવચનો દ્વારા સુઈ ગયેલો આતમરામ જાગૃત બન્યો છે તે વળી પાછો નિંદ્રાધિન ન બની જાય.

હાથ પકડી-પકડી બેઠા કરવા છતાં પાછા સુઈ જશો તો ? "જાગતાની પાડીને ઉંઘતાનો પાડો" જેવી સ્થિતિ થશે આત્મોન્નતિ માટે આવતી બધીજ તકો ચાલી જશે પછી ભાગ્યમાં પસતાવો અને રડવા સિવાય કોઈ લાભ નહિ થાય.

માટેજ **જાગતા રે' જો......**

જેથી વિષય-વાસના-કષાયો-અતૃપ્તિરૂપી મોહનું લશ્કર જીવનરૂપી નગરની સરહદમાં ઘુસી ન જાય.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

## ❋ વિદાય........

નાની-નાની બોધક-રોચક કથાઓ પૂર્ણ કરી વિદાય લઈએ છીયે ફરી પાછુ વાંચકોને બોધદાયક પ્રેરક વાતો પીરસવાની આશા સાથે....

વિદાય....કેવું સુખ-દુઃખ મિશ્રિત વાક્ય છે,

સંસારમાં રહેલા જીવમાત્રને એક સ્થાનેથી બીજા સ્થાને વિદાય લેવી પડે છે

પરંતુ એ.... વિદાય !

સંસારી આત્માઓને દુઃખદ બને છે કારણ ? મોહના બંધનોથી બંધાયેલા છે, ભોગોના સ્વાદમાં મશગુલ બન્યા છે માટે.

અને એજ વિદાય ત્યાગી આત્માઓને સુખદ બને છે કારણ ? તેમને મોહના બંધનો નથી, નથી રાગ કે નથી દ્રેષ.

જે વિદાય પાછળ રોકકળ નથી, મનની ઉદાસીનતા નથી. એજ વિદાય સુખદ કહેવાય છે, એવી વિદાયનું નિર્માણ કરવા પ્રબલ પુરૂષાર્થ જરૂરી છે

અત્યાર સુધીમાં થઈ ગયેલુ કથાઓનું વાંચન મગજમાં કેન્દ્રિત કરવા પૂર્વક ફરી-ફરી મનન કરી જીવનને ત્યાગ-વૈરાગ્યથી કરે.

અને.... આત્મસાધનાના પંથે વળે.

www.jaintatvagyanshala.org

...સ, ૨૪૯, લોવર ચિતપુર રોડ, કલકત્તા-૭૦૦